أَمَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَاَنْزَلَ لَكُمْ
مِّنَ السَّمَآءِ مَآءً فَاَنْۢبَتْنَا بِهٖ حَدَآئِقَ ذَاتَ
بَهْجَةٍ مَا كَانَ لَكُمْ اَنْ تُنْۢبِتُوْا شَجَرَهَا ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ
بَلْ هُمْ قَوْمٌ يَّعْدِلُوْنَ ﴿۶۰﴾ اَمَّنْ جَعَلَ الْاَرْضَ قَرَارًا
وَّجَعَلَ خِلٰلَهَآ اَنْهٰرًا وَّجَعَلَ لَهَا رَوَاسِيَ وَجَعَلَ
بَيْنَ الْبَحْرَيْنِ حَاجِزًا ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ بَلْ اَكْثَرُهُمْ
لَا يَعْلَمُوْنَ ﴿۶۱﴾ اَمَّنْ يُّجِيْبُ الْمُضْطَرَّ اِذَا دَعَاهُ
وَيَكْشِفُ السُّوْٓءَ وَيَجْعَلُكُمْ خُلَفَآءَ الْاَرْضِ
ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿۶۲﴾ اَمَّنْ
يَّهْدِيْكُمْ فِيْ ظُلُمٰتِ الْبَرِّ وَالْبَحْرِ وَمَنْ يُّرْسِلُ
الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ

અથવા તે જેણે આકાશો અને પૃથ્વીનું સર્જન કર્યું?[૧] અને તમારા માટે આકાશમાંથી પાણી ઉતાર્યુ તો અમે તેનાથી વાડીઓ ઉગાડી રોનકવાળી, તમારી શક્તિ ન હતી કે તેનાં ઝાડ ઉગાડતા[૨]. શું અલ્લાહ સાથે બીજો કોઇ ખુદા છે?[૩] બલ્કે તે લોકો રસ્તાથી વંકાઇ છે[૪] (૬૦) અથવા તે જેણે ધરતી વસવા માટે બનાવી અને તેની વચ્ચે નહેરો કાઢી અને તેના માટે લંગરો બનાવ્યા[૫], અને બન્ને સમુદ્રો વચ્ચે આડ રાખી[૬]. શું અલ્લાહ સાથે બીજો કોઇ ખુદા છે? બલ્કે તેમનામાં વધારે અજ્ઞાન છે[૭] (૬૧) અથવા તે જે લાચારનું સાંભળે છે[૮] જ્યારે તેને પોકારે અને તે દૂર કરે છે બુરાઇ અને તમને જમીનના વારસદાર કરે છે[૯]. શું અલ્લાહ સાથે બીજો ખુદા છે? બહુ જ ઓછું ધ્યાન આપો છો (૬૨) અથવા તે જે તમને રસ્તો દેખાડે[૧૦] અંધારાઓમાં જળ અને જમીનનો[૧૧] અને તે કે પવન મોકલે છે પોતાની રહમતની આગળ ખુશખબર સંભળાવતો[૧૨]. શું અલ્લાહ સાથે કોઇ બીજો ખુદા છે?

૧. અતિમહાન વસ્તુઓ જે દ્રષ્ટિ ગોચર થાય છે અને અલ્લાહ તઆલાની મહાન કુદરત પ્રત્યે નિર્દેશ કરે છે તેનું વર્ણન કરાયું, અર્થ એ છે કે શું અલ્લાહ ઉત્તમ છે જેણે આવી મહાકાય વસ્તુઓનું સર્જન કર્યું કે મૂર્તિઓ?

૨. એ તમારી સત્તામાં ન હતું.

૩. શું કુદરતની આવી દલીલો જોયા પછી આવું કહી શકાય છે? કદાપી નહિ તે એકલો છે તેના સિવાય કોઇ મઅબૂદ નથી.

૪. તેથી જ તેના ભાગીદાર ઠેરવે છે.

૫. ભારે પર્વતો જે એને હલવાથી રોકે છે.

૬. કે ખારાં અને મીઠાં પાણી એકત્ર થવા ન પામે.

૭. જેઓ પોતાના રબના એક હોવાને અને તેની કુદરત તેમજ અખત્યારને નથી જાણતા અને તેના પર ઇમાન લાવતા નથી.

૮. અને તેની હાજત પુરી કરે છે.

૯. કે તમે તેમાં રહો અને પેઢી પછી પેઢી એ રીતે તેમાં પોતાનો અધિકાર સ્થાપિત કરો.

૧૦. તમારા સ્થાનો અને મકસદોનો.

૧૧. તારાઓ અને ચિન્હો દ્વારા.

૧૨. રહમતનો મતલબ અહીં વરસાદ છે.

تعلى الله عما يشركون ﴿٦٣﴾ امن يبدؤا الخلق ثم
يعيده ومن يرزقكم من السماء والارض ءاله
مع الله قل هاتوا برهانكم ان كنتم صدقين ﴿٦٤﴾
قل لا يعلم من في السموت والارض الغيب الا
الله وما يشعرون ايان يبعثون ﴿٦٥﴾ بل ادرك
علمهم في الاخرة بل هم في شك منها
بل هم منها عمون ﴿٦٦﴾ وقال الذين كفروا
ءاذا كنا ترابا واباؤنا ائنا لمخرجون ﴿٦٧﴾ لقد
وعدنا هذا نحن واباؤنا من قبل ان هذا
الا اساطير الاولين ﴿٦٨﴾ قل سيروا في الارض
فانظروا كيف كان عاقبة المجرمين ﴿٦٩﴾ ولا

ઉચ્ચતમ છે અલ્લાહ તેમના શિર્કથી (૬૩) અથવા તે જે સર્જનનો આરંભ કરે છે પછી તેને ફરીવાર બનાવશે[૧૩] અને તે જે તમને આકાશો અને ધરતીમાંથી રોજી આપે છે[૧૪], શું અલ્લાહ સાથે બીજો કોઇ ખુદા છે? તમે ફરમાવો, પોતાની દલીલ લાવો જો તમે સાચા હોઉ (૬૪) તમે ફરમાવો; જે કોઇ આસ્માનો અને જમીનમાં છે તે સ્વયં ગૈબ જાણતા નથી સિવાય કે અલ્લાહ[૧૫]. અને તેમને ખબર નથી કે ક્યારે ઉઠાડવામાં આવશે (૬૫) શું તેમની જાણકારીની કડી આખેરતને જાણવા સુધી પહોંચી ગઈ[૧૬]? કશું નહિ, તેઓ એ બાબત શંકામાં છે[૧૭] બલ્કે તેઓ એનાથી અંધ છે (૬૬) અને કાફિરો બોલ્યા; 'શું અમે અને અમારા બાપદાદાઓ જ્યારે માટી બની જઇશું (ત્યારે) શું અમને ફરી પાછા (જીવંત કરી) કાઢવામાં આવશે[૧૮]? (૬૭) બેશક ! આનો વાયદો કરવામાં આવ્યો અમને અને અમારા બાપ-દાદાઓને, આ તો આગલાઓની વાર્તાઓ માત્ર જ છે[૧૯] (૬૮) તમે ફરમાવો; 'ધરતીમાં ચાલીને જુઓ! કેવું પરિણામ આવ્યું પાપીઓનું?[૨૦] (૬૯)

૧૩. તેના મૃત્યુ પછી. જો કે મૃત્યુ પછી જીવંત થવાનું છે એ વાતને કાફિરો માનતા અને સ્વીકારતા ન હતા. પરંતુ જ્યારે કે એ બાબત દલીલો ઉભેલી છે તો તેમનું ન સ્વીકારવું કશું જ ધ્યાન આપવા લાયક નથી બલ્કે જ્યારે તેઓ પ્રથમવારની પેદાઇશને માને છે તો પછી તેમને ફરીવાર જીવંત થવાને માનવું જ પડશે કારણ કે શરૂઆત ફરીવાર શરૂ થવાની પાકી દલીલ છે તો હવે તેમના માટે ઇન્કારની કોઇ જગ્યા બાકી રહી નથી.

૧૪. આકાશમાંથી વરસાદ અને ધરતીમાંથી વનસ્પતિ.

૧૫. તે જ જાણકાર છે ગૈબનો તેને અધિકાર છે જેને ઇચ્છે તેને બતાવે જેવું કે તેના પ્યારા નબીઓને બતાવે છે જેમકે સૂરહ આલે ઇમરાનમાં છે; વમા કાનલ્લાહુ લિયુત્લેઅકુમ..... અર્થાત અલ્લાહની શાન નથી કે તમને ગૈબનું ઇલ્મ આપી દે હા ! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઇચ્છે (તો તેને આપે છે.) બીજી પણ ઘણી આયતોમાં પોતાના પ્યારા રસૂલોને ગૈબી ઇલ્મ આપવાનું વર્ણન કરવામાં આવ્યું છે અને આ પારાના આથી આગલા રૂકૂઅમાં જ કહેવામાં આવ્યું છે કે; વમા મિન ગાઇબતિન..... અર્થાત આસમાન અને જમીનનાં જેટલાં ગૈબો છે બધાં જ એક દેખાડનારી કિતાબમાં છે.

**શાને નુઝૂલ** :- આ આયત મુશ્રિકો બાબત ઉતરી જેમણે રસૂલુલ્લાહ અલયહિ વસલ્લમને કયામત આવવાનો સમય પૂછયો હતો.

૧૬. અને તેમને કયામત આવવાનું ઇલ્મ અને યકીન પ્રાપ્ત થઇ ગયું? તેથી તેઓ કયામતનો સમય પૂછે છે?

અને તમે એમની ઉપર ખેદ કરો નહિ[૨૧] અને એમની ચાલબાજીઓથી હતાશ ન બનો[૨૨] (૭૦) અને કહે છે; 'ક્યારે આવશે આ વાયદો[૨૩] જો તમે સાચા હોઉ?' (૭૧) તમે ફરમાવો; 'નજીક છે કે તમારી પાછળ આવી લાગી હોય અમુક તે વસ્તુ જેની તમે ઉતાવળ મચાવી રહ્યા છો'[૨૪] (૭૨) અને બેશક ! તારો રબ કૃપાવાળો છે માનવીઓ પર[૨૫] પરંતુ ઘણા લોકો સત્ય માનતા નથી[૨૬] (૭૩) અને બેશક ! તમારો રબ જાણે છે જે તેમના સીનાઓમાં સંતાએલું છે અને જે તેઓ જાહેર કરે છે[૨૭] (૭૪) અને જેટલાં ગૈબો છે આકાશો અને પૃથ્વીનાં બધાં જ એક જાહેર કરનાર કિતાબમાં છે[૨૮] (૭૫) બેશક ! આ કુરઆન કહે છે બની ઇસરાઇલને ઘણી તે વાતો જેમાં તેઓ મતભેદ ધરાવે છે[૨૯] (૭૬) અને બેશક ! તે (કુરઆન) હિદાયત અને રહમત છે મુસલમાનો માટે (૭૭) બેશક ! તમારો રબ તેમની વચ્ચે ફેંસલો ફરમાવે છે પોતાના હુકમથી અને તે જ છે ઇજ્જતવાળો ઇલ્મવાળો (૭૮) તો તમે અલ્લાહ પર વિશ્વાસ રાખો બેશક ! તમે સ્પષ્ટ સત્ય પર છો (૭૯) બેશક ! તમારા સંભળાવ્યે



تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُنْ فِي ضَيْقٍ مِّمَّا يَمْكُرُونَ (٧٠)
وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا الْوَعْدُ إِن كُنتُمْ صَادِقِينَ (٧١)
قُلْ عَسَىٰ أَن يَكُونَ رَدِفَ لَكُم بَعْضُ الَّذِي
تَسْتَعْجِلُونَ (٧٢) وَإِنَّ رَبَّكَ لَذُو فَضْلٍ عَلَى النَّاسِ
وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَشْكُرُونَ (٧٣) وَإِنَّ رَبَّكَ لَيَعْلَمُ
مَا تُكِنُّ صُدُورُهُمْ وَمَا يُعْلِنُونَ (٧٤) وَمَا مِنْ غَائِبَةٍ
فِي السَّمَاءِ وَالْأَرْضِ إِلَّا فِي كِتَابٍ مُّبِينٍ (٧٥) إِنَّ هَٰذَا
الْقُرْآنَ يَقُصُّ عَلَىٰ بَنِي إِسْرَائِيلَ أَكْثَرَ الَّذِي
هُمْ فِيهِ يَخْتَلِفُونَ (٧٦) وَإِنَّهُ لَهُدًى وَرَحْمَةٌ لِّلْمُؤْمِنِينَ (٧٧)
إِنَّ رَبَّكَ يَقْضِي بَيْنَهُم بِحُكْمِهِ ۚ وَهُوَ الْعَزِيزُ الْعَلِيمُ (٧٨)
فَتَوَكَّلْ عَلَى اللَّهِ ۖ إِنَّكَ عَلَى الْحَقِّ الْمُبِينِ (٧٩) إِنَّكَ

૧૭. તેમને હજુ સુધી કયામત આવવાનું યકીન નથી.

૧૮. પોતાની કબરોમાંથી જીવતા.

૧૯. અર્થાત (મુઆઝલ્લાહ) જૂઠી વાતો.

૨૦. કે તેઓ ઇન્કાર કરવા બદલ અઝાબથી બરબાદ કરવામાં આવ્યા.

૨૧. તેમના વેંગળા રહેવાથી અને જૂઠાડવાથી અને ઇસ્લામથી વંચિત રહેવા બદલ.

૨૨. કારણ કે અલ્લાહ આપની સંભાળ લેનાર અને આપનો મદદગાર છે.

૨૩. એટલે કે આ અઝાબનો વાયદો ક્યારે પુરો થશે.

૨૪. એટલે કે અલ્લાહનો અઝાબ, જેમકે તે અઝાબ બદ્રના દિવસે તેમની ઉપર આવ્યો અને જે બાકી છે તેને તેઓ મર્યા પછી પામશે.

૨૫. એટલા માટે જ અઝાબ મોકલવામાં ઢીલ કરે છે.

૨૬. અને શુકર ગુજારી કરતા નથી અને પોતાની અજ્ઞાનતાના કારણે અઝાબની ઉતાવળ કરે છે.

૨૭. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે અદાવત રાખવી અને આપના વિરોધમાં ત્રાગડાઓ રચવા એ બધું જ અલ્લાહ જાણે છે અને તે એની સજા આપશે.

૨૮. અર્થાત લવહે મહફૂઝમાં લખાએલાં છે અને જે લોકોને અલ્લાહ તઆલાની કૃપાથી લવહે મહફૂઝ દેખાય છે તેમની ઉપર તે જાહેર છે.

૨૯. ધાર્મિક બાબતોમાં કિતાબવાળાઓએ અંદરોંદર મતભેદ આદર્યા તેમના ઘણા ફિરકાઓ થઇ ગયા

لَا تُسْمِعُ الْمَوْتٰى وَلَا تُسْمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوْا
مُدْبِرِيْنَ ﴿٨٠﴾ وَمَآ اَنْتَ بِهٰدِى الْعُمْىِ عَنْ ضَلٰلَتِهِمْ ؕ اِنْ
تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا فَهُمْ مُّسْلِمُوْنَ ﴿٨١﴾ وَاِذَا
وَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ اَخْرَجْنَا لَهُمْ دَآبَّةً مِّنَ الْاَرْضِ
تُكَلِّمُهُمْ ۙ اَنَّ النَّاسَ كَانُوْا بِاٰيٰتِنَا لَا يُوْقِنُوْنَ ﴿٨٢﴾
وَيَوْمَ نَحْشُرُ مِنْ كُلِّ اُمَّةٍ فَوْجًا مِّمَّنْ يُّكَذِّبُ بِاٰيٰتِنَا
فَهُمْ يُوْزَعُوْنَ ﴿٨٣﴾ حَتّٰٓى اِذَا جَآءُوْ قَالَ اَكَذَّبْتُمْ
بِاٰيٰتِىْ وَلَمْ تُحِيْطُوْا بِهَا عِلْمًا اَمَّاذَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٨٤﴾
وَوَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ بِمَا ظَلَمُوْا فَهُمْ لَا يَنْطِقُوْنَ ﴿٨٥﴾
اَلَمْ يَرَوْا اَنَّا جَعَلْنَا الَّيْلَ لِيَسْكُنُوْا فِيْهِ وَالنَّهَارَ
مُبْصِرًا ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٨٦﴾

**નથી સાંભળતાં મડદાંઓ[30] અને ન તમારા સંભળાવ્યે બહેરાઓ સાદ સાંભળે જ્યારે પીઠ દઇને ફરે[31] (૮૦) અને આંધળાઓને[32] ગુમરાહીથી તમે હિદાયત ભણી વાળનાર નથી તમારા સંભળાવ્યે તો તેઓ જ સાંભળે છે જેઓ અમારી આયતો પર ઇમાન લાવે છે[33] અને તેઓ મુસલમાન છે (૮૧) અને જ્યારે વાત એમની ઉપર આવી પડશે[34] અમે જમીનમાંથી તેમના માટે એક જાનવર કાઢીશું[35] જે લોકો સાથે વાત કરશે[36]. એટલા માટે કે લોકો અમારી આયતો પર ઇમાન લાવતા ન હતા[37] (૮૨) અને જે દિવસે ઉઠાડીશું અમે પ્રત્યેક પક્ષમાંથી એક સૈન્ય જે આયતોને જૂઠાડે છે[38] ત્યારે તેમના આગલાઓને અટકાવવામાં આવશે જેથી પાછલાઓ તેમની સાથે જોડાઇ જાય (૮૩) એટલે સુધી કે બધાય હાજર થઇ જશે[39]. ફરમાવશે; 'શું તમે મારી આયતોને જૂઠાડી તમારી જાણકારી એમના સુધી પહોંચતી ન હોવા છતાં[40]? અથવા શું કામ કરતા હતા[41]? (૮૪) અને વાત આવી પડી તેમની ઉપર[42] તેમના જુલ્મના કારણે તેઓ હવે કશું બોલતા નથી[43] (૮૫) શું તેમણે જોયું નહિ કે અમે રાત બનાવી કે તેમાં આરામ કરે અને દિવસને બનાવ્યો સુઝાડનાર બેશક ! આમાં અવશ્ય ચિન્હો છે તે લોકો માટે જેઓ ઇમાન**

અને એક બીજાને બુરૂંભલું કહેવા માંડયા ત્યારે કુરઆન શરીફે તેનું (મતભેદવાળી બાબતનું) બયાન કર્યું અને એવું બયાન કર્યું કે જો તેઓ ઇન્સાફ કરે અને એને સ્વીકારે અને ઇસ્લામ અંગિકાર કરે તો તેમનામાં એ અંદર અંદરનો મતભેદ બાકી રહે નહિ.

૩૦. મડદાંઓનો માયનો અહિં કાફિરો થાય છે જેમનાં હૃદયો મૃત છે, જેમકે આજ આયતમાં તેમના મુકાબલામાં ઇમાનવાળાઓનું બયાન આ રીતે કર્યું; ઇન તુસ્મિઉ ઇલ્લા મન..... (માત્ર મુઅમિનો જ તમારા સંભળાવ્યે સાંભળે છે) જે લોકો આ આયત વડે મુર્દાઓના નહિ સાંભળવા પર દલીલ કરે છે તેમની દલીલ ગલત છે કારણ કે અહીં કાફિરને મડદું કહેવાયું છે અને તેઓ પણ દરેક વાત નથી સાંભળતા, એવું કહેવાયું નથી બલ્કે શિખામણ નસીહત અને હિદાયતની વાત સ્વીકારવા કાનો વડે સાંભળવાને નકારવામાં આવ્યું છે અને મતલબ એ છે કે કાફિર મૃત હૃદયી છે કારણ કે નસીહતથી લાભ ઉઠાવતા નથી. આ આયતનો મતલબ મુર્દાઓ સાંભળતા નથી એવો કહેવો તદ્દન ગલત છે સહીહ હદીષોથી મુર્દાઓનું સાંભળવું સાબિત છે.

૩૧. મતલબ એ છે કે કાફિરો અતિશય અડગાપણ અને હદ દરજ્જાના જક્કીપણાના કારણે મડદા અને બહેરા જેવા બની ગયા છે કે તેમને બોલાવવા અને સત્યનું આમંત્રણ આપવું કોઇ પણ રીતે લાભદાયક (તેમના માટે) થતું નથી.

૩૨. જેમની દ્રષ્ટિ જતી રહી અને હૃદયો અંધ બની ગયાં.

૩૩. જેમની પાસે સમજી શકનાર હૃદયો છે અને જેઓ અલ્લાહના ઇલ્મમાં ઇમાનના અહોભાગ્યથી પાવન થનાર છે. (બયઝાવી, કબીર, અબુસ્સઉદ, મદારિક)

وَيَوْمَ يُنْفَخُ فِي الصُّوْرِ فَفَزِعَ مَنْ فِي السَّمٰوٰتِ
وَمَنْ فِي الْأَرْضِ إِلَّا مَنْ شَاءَ اللّٰهُ ۚ وَكُلٌّ أَتَوْهُ
دٰخِرِيْنَ ﴿٨٧﴾ وَتَرَى الْجِبَالَ تَحْسَبُهَا جَامِدَةً وَّهِيَ
تَمُرُّ مَرَّ السَّحَابِ ۚ صُنْعَ اللّٰهِ الَّذِيْ أَتْقَنَ كُلَّ شَيْءٍ ۚ
إِنَّهُ خَبِيْرٌ بِمَا تَفْعَلُوْنَ ﴿٨٨﴾ مَنْ جَاءَ بِالْحَسَنَةِ فَلَهُ
خَيْرٌ مِّنْهَا ۚ وَهُمْ مِّنْ فَزَعٍ يَّوْمَئِذٍ اٰمِنُوْنَ ﴿٨٩﴾
وَمَنْ جَاءَ بِالسَّيِّئَةِ فَكُبَّتْ وُجُوْهُهُمْ فِي النَّارِ ۭ
هَلْ تُجْزَوْنَ إِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٩٠﴾ إِنَّمَا أُمِرْتُ
أَنْ أَعْبُدَ رَبَّ هٰذِهِ الْبَلْدَةِ الَّذِيْ حَرَّمَهَا وَلَهٗ
كُلُّ شَيْءٍ ۫ وَّأُمِرْتُ أَنْ أَكُوْنَ مِنَ الْمُسْلِمِيْنَ ﴿٩١﴾
وَأَنْ أَتْلُوَا الْقُرْاٰنَ ۚ فَمَنِ اهْتَدٰى فَإِنَّمَا يَهْتَدِيْ

ધરાવે છે[૪૪] (૮૬) અને જે દિવસે ફૂંકવામાં આવશે સૂર[૪૫] તો ગભરાઇ જશે જેટલાં આકાશોમાં છે અને જેટલાં પૃથ્વીમાં છે[૪૬] પણ જેને ખુદા ઇચ્છે[૪૭], અને બધાંજ તેની સમક્ષ હાજર થયાં આજેજી કરતાં[૪૮] (૮૭) અને તુ જોઇશ પર્વતોને, સમજીશ કે તેઓ જામેલા છે અને તેઓ ચાલતા હશે વાદળની ચાલે[૪૯]. આ કામ છે અલ્લાહનું જેણે રહસ્ય સભર બનાવી પ્રત્યેક વસ્તુ. બેશક ! તેને ખબર છે તમારા કૃત્યોની (૮૮) જે નેકી લાવે[૫૦] તેના માટે એનાથી ઉત્તમ બદલો છે[૫૧] અને તેમને તે દિવસની ગભરામણથી અમાન છે[૫૨] (૮૯) અને જે બદી લાવ્યા[૫૩] તો તેમનાં મોઢાંઓ ઊંધા કરવામાં આવ્યાં અગ્નિમાં[૫૪]. તમને શું બદલો મળશે પણ તેનો જ જે કરતા હતા[૫૫] (૯૦) મને તો એ જ આદેશ મળ્યો છે કે પૂજુ આ શહેરના રબને[૫૬] જેણે એને હુરમતવાળુ કર્યું છે[૫૭] અને સર્વ કંઇ તેનું જ છે અને મને હુકમ થયો છે કે આજ્ઞાંકિતોમાં થાઉં (૯૧) અને એ કે કુરઆનની તિલાવત કરૂં[૫૮] તો જેણે માર્ગ મેળવ્યો તેણે પોતાના ભલા ખાતર માર્ગ મેળવ્યો[૫૯] અને જેઓ ભટકી

૩૪. અર્થાત જ્યારે તેમની ઉપર અલ્લાહનો કોપ ઉતરશે અને અઝાબ અનિર્વાય બની જશે અને દલીલ સંપૂર્ણ થઇ જશે એવી રીતે કે લોકો સારાં કામોનો આદેશ આપવાનું અને ખરાબ કૃત્યોને ત્યજી દેવા કહેવાનું પડતું મૂકશે અને તેમને સુધરવાની કોઇ આશા બાકી રહેશે નહિ અર્થાત કયામત નજીક આવી લાગશે અને તેનાં ચિન્હો પ્રગટ થવા માંડશે અને ત્યારે તવબહ લાભ આપશે નહિ.

૩૫. એ જાનવરને 'દાબ્બતુલ અર્દ' કહે છે એ અજબ શિકલનું જાનવર હશે જે 'સફા' પર્વતમાંથી નીકળીને બધાય શહેરોમાં ખૂબ ઝડપી ગતિએ ફરી વળશે, શુધ્ધ ભાષામાં વાતચીત કરશે, દરેક માણસની પેશાની પર એક નિશાની કરશે, ઇમાનદારની પેશાની પર મૂસા અલયહિસ્સલામના અસા વડે એક નૂરાની લીટી દોરશે,

કાફિરની પેશાની પર હઝરત સુલેમાન અલયહિસ્સલામની વિંટી વડે કાળો સિક્કો મારશે.

૩૬. શુધ્ધ ભાષામાં અને કહેશે; હાઝા મુઅમિન વહાઝા કાફિર અર્થાત આ મુઅમિન છે અને આ કાફિર છે.

૩૭. અર્થાત કુરઆન શરીફ પર ઇમાન લાવતા ન હતા જેમાં હશ્ર માટે ઉઠવાનું, હિસાબનું, અઝાબનુ ને દાબ્બતુલ અર્દના નીકળવાનું વર્ણન છે. ત્યાર પછીની આયતમાં કયામતનું બયાન કરવામાં આવે છે.

૩૮. જે અમે અમારા નબીઓ પર ઉતારી. સૈન્યનો મતલબ મોટું જુથ છે.

૩૯. કયામતના દિવસે હિસાબના સ્થાને.

૪૦. અને તમે તેમની ઓળખાણ પ્રાપ્ત કરી નહિ વગર વિચાર્યે જ એ આયતોને નકારી કાઢી.

૪૧. જ્યારે કે તમે એ આયતોમાં વિચાર પણ ન કર્યો, તમે અર્થહિન તો પેદા કરાયા હતા નહિ.

૪૨. અઝાબ નિશ્ચિત થઇ ચૂક્યો.

૪૩. કે તેમના માટે કોઇ દલીલ કે બહાનું બાકી રહ્યું નથી. એક કથન એવું પણ છે કે અઝાબ તેમની ઉપર એવી રીતે છવાઇ જશે કે તેઓ બોલી શકશે નહિ.

૪૪. આ આયતમાં મૃત્યુ બાદ જીવંત થવાની દલીલ છે. એટલા માટે કે જે દિવસના પ્રકાશને રાતના અંધકારથી અને રાત્રિના અંધકારને દિવસના પ્રકાશથી બદલી નાખવા શક્તિમાન છે તે મરેલાને સજીવન કરવા માટે પણ શક્તિમાન છે. અને રાત્રિ દિવસના આવવા જવાના ક્રમથી તે પણ જણાઇ આવે છે કે આમાં એમના દુનિયવી જીવનનો બંદોબસ્ત પણ છે, આને અર્થહિન બનાવાયું નથી. તેથી આ જીવનના કર્મો બદલ અઝાબ અને સવાબ મળવો એ બુધ્ધિમાં આવી શકે તેમ છે. અને જ્યારે દુનિયા કર્મસ્થાન છે તો અવશ્ય બન્યું કે એક કર્મોનુ વળતર મેળવવાનુ સ્થાન આખેરત પણ હોય જ્યાંના જીવનમાં અહીંની જિંદગીના કર્મોનો બદલો મળે.

૪૫. અને તેને ફૂંકનાર હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામ હશે.

૪૬. એવી ગભરામણ જે મૃત્યુનું કારણ બનશે.

૪૭. અને જેના દિલને અલ્લાહ તઆલા શાંતિ આપે. હઝરત અબૂહુરેરહ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ હદીષ બયાન કરી છે કે તે લોકો શહીદો છે જેઓ પોતાની તલ્વારોં ગળામાં લટકાવીને અર્શની આજુબાજુ હાજર થશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; તેઓ શહીદો છે એટલા માટે કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવંત છે 'ફઝઅ' (ગભરામણ) તેમને લાધશે નહીં. એક કથન એવું છે કે સૂર ફૂંક્યા પછી હઝરત જિબ્રઇલ અને મીકાઇલ અને ઇસરાફીલ અને ઇઝરાઇલ જ બાકી રહેશે.

૪૮. અર્થાત કયામતના દિવસે બધા લોંકો મૃત્યુ પછી જીવતા કરવામાં આવશે અને 'મવકફ' (હશ્રના મેદાન) માં અલ્લાહ તઆલા સમક્ષ આજેજી કરતા હાજર થશે. ભૂતકાળનો શબ્દ નિશ્ચિત અને ચોક્કસપણા માટે વપરાયો છે.

૪૯. અર્થ એવો છે કે 'નફખા' (સૂર) ના સમયે પર્વતો જોવામાં તો પોતાના સ્થાને અટલ અને ઉભેલા જણાશે અને વાસ્તવમાં તેઓ વાદળની જેમ ખૂબ ઉતાવળે ચાલતા હશે એટલે સુધી કે તે પર્વતો જમીન પર પછડાઇને જમીન સરખા થઇ જશે પછી ચુરે ચુરા થઇને વિખરાઇ જશે.

૫૦. નેકીનો અર્થ કલ્મએ તવહીદની ગવાહી છે. અમુક તફસીરકારોએ કહ્યું છે કે અમલની નિખાલ-સતા અને અમુકે કહ્યું કે દરેક તે નેકી જે અલ્લાહ માટે જ કરી હોય.

૫૧. જન્નત અને સવાબ.

૫૨. જે અઝાબની બ્હીકના કારણે થશે. પહેલી ગભરામણ જેનું વર્ણન ઉપર થયું તે આ સિવાયની છે.

૫૩. અર્થાત શિર્ક.

૫૪. અર્થાત તેઓ ઊંધા મોઢે આગમાં નાખી દેવાશે અને જહન્નમના ફરિશ્તાઓ તેમને કહેશે...

૫૫. અર્થાત શિર્ક અને નાફરમાની. અને અલ્લાહ તઆલા પોતાના રસૂલને કહેશે કે તમે ફરમાવી દો કે...

૫૬. અર્થાત મક્કા મુકર્રમાના. અને પોતાની ઇબાદતને પરવરદિગાર સાથે ખાસ કરૂ. મક્કા મુકર્રમાનું વર્ણન એટલા માટે કર્યું કે તે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું વતન અને વહીના ઉતરવાનું સ્થળ છે.

لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَقُلْ اِنَّمَاۤ اَنَا مِنَ الْمُنْذِرِيْنَ ﴿۹۲﴾
وَقُلِ الْحَمْدُ لِلّٰهِ سَيُرِيْكُمْ اٰيٰتِهٖ فَتَعْرِفُوْنَهَا
وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۹۳﴾

سُوْرَةُ الْقَصَصِ مَكِّيَّةٌ وَّهِيَ ثَمَانٌ وَّثَمَانُوْنَ اٰيَةً وَّتِسْعُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

طٰسٓمّٓ ﴿۱﴾ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ﴿۲﴾ نَتْلُوْا
عَلَيْكَ مِنْ نَّبَاِ مُوْسٰى وَفِرْعَوْنَ بِالْحَقِّ
لِقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿۳﴾ اِنَّ فِرْعَوْنَ عَلَا فِى
الْاَرْضِ وَجَعَلَ اَهْلَهَا شِيَعًا يَّسْتَضْعِفُ
طَآئِفَةً مِّنْهُمْ يُذَبِّحُ اَبْنَآءَهُمْ وَيَسْتَحْيٖ
نِسَآءَهُمْ ۚ اِنَّهٗ كَانَ مِنَ الْمُفْسِدِيْنَ ﴿۴﴾ وَنُرِيْدُ

ગયા[૬૦] તો ફરમાવી દો કે હું તો માત્ર ડર સંભળાવનાર છું[૬૧] (૯૨) અને ફરમાવો; બધી જ ખૂબીઓ અલ્લાહ માટે છે નજીકમાં જ તે તમને પોતાની નિશાનીઓ દેખાડશે તો તેમને ઓળખી લેશો[૬૨]. અને અય મહબૂબ ! તમારો રબ ગાફિલ નથી, અય લોકો ! તમારા કૃત્યોથી (૯૩)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૬૩]**

(૧) આ આયતો છે રોશન કિતાબની[૬૪] (૨) અમે તમારા પર પઢીએ મૂસા અને ફિરઔનની સાચી ખબર તે લોકો માટે જેઓ ઇમાન ધરાવે છે (૩) બેશક ! ફિરઔને જમીનમાં સત્તા પ્રાપ્ત કરી હતી[૬૫] અને તે (જમીન) ના લોકોને પોતાના તાબેદાર બનાવ્યા તેમનામાં એક જુથને[૬૬] અશક્ત જોતો તેમના દીકરાઓને વાઢી નાખતો અને તેમની સ્ત્રીઓને[૬૭] જીવતી રહેવા દેતો બેશક ! તે ફસાદી હતો (૪) અને અમે ઇચ્છતા હતા કે પેલા અશકતો પર

૫૭. કે ત્યાં ન તો કોઇ માનવીનું લોહી વહેવવડાવવામાં આવે ન કોઇ શિકાર મારવામાં આવે ન ત્યાંનું ઘાસ કાપવામાં આવે.

૫૮. અલ્લાહની મખ્લૂકને ઇમાનનું નિમંત્રણ આપવા માટે.

૫૯. એનો લાભ અને સવાબ તેને મળશે.

૬૦. અને અલ્લાહના રસૂલની આજ્ઞાનું પાલન કરે નહિ અને ઇમાન લાવે નહિ.

૬૧. મારા શિરે માત્ર પહોંચાડી આપવાનું હતું તે મેં પુરૂં કર્યું.

૬૨. એ નિશાનીઓનો નિર્દેશ ચંદ્રના ટુકડા કરવા વિગેરે મુઅજિઝાઓ પ્રતિ છે, અને તે વ્યાધિઓ જે દુનિયામાં આવી તે બદ્રમાં કાફિરોનું કતલ થવું, કેદ પકડાવું અને ફરિશ્તાઓનું તેમને મારવું વિગેરે.

૬૩. સૂરએ કસસ મક્કીય્યહ છે સિવાય કે ચાર આયતો જે અલ્લઝીન આતયના હુમુલ કિતાબથી શરૂ થઇને લા તબગિલ જાહિલીન પર પુરી થાય છે. આ સૂરહમાં એક આયત ઇન્નલ્લઝી ફરદ એવી છે જે મક્કા મુકર્રમા અને મદીના તય્યેબાની વચમાં ઉતરી. આ સૂરહમાં ૯ રૂકૂઅ ૮૮ આયતો ૪૪૧ શબ્દો અને ૫૮૦૦ અક્ષરો છે.

૬૪. જે સત્યને અસત્યથી નોખું પાડે છે.

૬૫. અર્થાત મિસર દેશમાં તેનું વર્ચસ્વ હતું અને તે અત્યાચાર તેમજ ઘમંડમાં પરમ સીમાએ લાધી ગયો હતો એટલે સુધી કે તેણે પોતે અલ્લાહનો બન્દો છે એ બાબત પણ વિસારે પાડી દીધી હતી.

૬૬. અર્થાત બની ઇસરાઇલને.

اَنْ نَّمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ
وَنَجْعَلَهُمْ اَئِمَّةً وَّنَجْعَلَهُمُ الْوٰرِثِيْنَ ۝٥ وَنُمَكِّنَ
لَهُمْ فِى الْاَرْضِ وَنُرِىَ فِرْعَوْنَ وَهَامٰنَ وَجُنُوْدَهُمَا
مِنْهُمْ مَّا كَانُوْا يَحْذَرُوْنَ ۝٦ وَاَوْحَيْنَآ اِلٰٓى اُمِّ
مُوْسٰٓى اَنْ اَرْضِعِيْهِ ۚ فَاِذَا خِفْتِ عَلَيْهِ فَاَلْقِيْهِ
فِى الْيَمِّ وَلَا تَخَافِىْ وَلَا تَحْزَنِىْ ۚ اِنَّا رَآدُّوْهُ اِلَيْكِ
وَجَاعِلُوْهُ مِنَ الْمُرْسَلِيْنَ ۝٧ فَالْتَقَطَهٗٓ اٰلُ
فِرْعَوْنَ لِيَكُوْنَ لَهُمْ عَدُوًّا وَّحَزَنًا ۗ اِنَّ
فِرْعَوْنَ وَهَامٰنَ وَجُنُوْدَهُمَا كَانُوْا خٰطِـِٕيْنَ ۝٨
وَقَالَتِ امْرَاَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّىْ
وَلَكَ ۗ لَا تَقْتُلُوْهُ ۖ عَسٰٓى اَنْ يَّنْفَعَنَآ اَوْ

એહસાન કરીએ અને એમને આગેવાન બનાવીએ[૬૮] અને તેમના દેશ અને માલના આમને જ વારસદાર બનાવીએ[૬૯] (૫) અને આમને[૭૦] જમીનમાં કબ્જો આપીએ અને ફિરઓન અને હામાન અને તેમના સૈન્યોને તે વસ્તુ જ દેખાડી દઇએ જેનો તેમને આમના તરફથી ભય છે[૭૧] (૬) અને અમે મૂસાની માંને સંકેત કર્યો[૭૨] કે આને દૂધ પીવાડ[૭૩] પછી જ્યારે તને એના વિષે ભય જેવું લાગે[૭૪] ત્યારે એને દરિયામાં નાખી દે અને ડરીશ નહિ[૭૫] અને ન તો ખેદ કરીશ[૭૬] બેશક ! અમે એને તારા તરફ પરત લાવીશું અને એને રસૂલ બનાવીશું[૭૭] (૭) તો એને ઊંચકી લીધો ફિરઓનના ઘરવાળાંઓએ[૭૮] કે તે એમનો શત્રુ અને એમના માટે ઉપાધી બને[૭૯]. બેશક ! ફિરઓન અને હામાન[૮૦] અને એમનાં સૈન્યો ભૂલમાં હતાં[૮૧] (૮) અને ફિરઓનની પત્નીએ કહયું[૮૨]; ‘આ બાળક મારી અને તારી આંખોની ટાઢક છે, એને કતલ કરશો નહિ, કદાચ

૬૭. અર્થાત છોકરીઓને લોંડીઓ બનાવી રાખવા જીવતી રહેવા દેતો હતો. અને છોકરાઓને કાપી નાખવાનું કારણ એ હતું કે જોગીઓએ તેને કહ્યું હતું કે બનીઇસરાઇલમાં એક છોકરો જન્મશે જે તારા રાજ્યની પડતીનું કારણ બનશે તેથી તે આવું કરતો હતો. અને એ તેની મૂર્ખતા હતી, કારણ કે જો તે જોગીઓની વાતને સાચી માનતો હોય તો પછી એવું બનવાનું હતું છોકરાઓને મારી નાખવાનો શું લાભ? અને જો તે એ વાતને સાચી માનતો ન હોય તો એવી અર્થહિન વાતને શું કાન પર લેવી? અને કતલ મચાવવાનો શું અર્થ?

૬૮. કે જેથી તેઓ લોકોને નેકીનો માર્ગ દેખાડે અને લોકો નેકીમાં તેમનું અનુકરણ કરે.

૬૯. અર્થાત ફિરઓન અને એની કોમની માલ મિલ્કતો આ અશક્ત બનીઇસરાઇલને આપી દઇએ.

૭૦. મિસર અને સિરિયાની...

૭૧. કે બનીઇસરાઇલના એક ફરઝંદના હાથે એમના રાજ્યની પડતી અને એમનો વિનાશ થાય.

૭૨. હઝરત મૂસા અલયહિસ્સલામની માંનું નામ યુહાનિઝ હતું. આપ યાવા બિન યાકૂબની નસલમાં હતાં. અલ્લાહ તઆલાએ આપને સ્વપ્નમાં અથવા ફરિશ્તા મારફત અથવા આપના દિલમાં એ વાત નાખીને સંકેત (ઇલ્હામ) કર્યો.

૭૩. જેમકે અમુક દિવસો સુધી આપ તેમને દૂધ પીવાડતાં રહયાં આ મુદ્દત દરમ્યાન તેઓ ન તો રડતા હતા ન તો આપના ખોળામાં હલન ચલન કરતા હતા અને આપની બહેન સિવાય બીજા કોઇને આપના જન્મની ખબર પણ ન હતી.

એ આપણને લાભદાયક બને અથવા આપણે એને પુત્ર બનાવી લઇએ[૭૩] અને તેઓ બેખબર હતા[૭૪] (૯) અને સવારમાં મૂસાની માંનું દિલ અધીરૂ બની ગયું[૭૫], અવશ્ય નજીક હતું કે તેણી એની પરિસ્થિતિ ઉઘાડી કરી આપત[૭૬] જો અમે ધીરજ ન બંધાવતે તેણીના દિલ પર કે તેણીને અમારા વાયદા પર શ્રધ્ધા રહે[૭૭] (૧૦) અને એની માંએ એની બહેનને કહ્યું[૭૮]; 'આની પાછળ જા' તો તેણી એને દૂરથી નજરમાં રાખતી પછી બોલી; 'શું હું તમને દેખાડું એવાં ઘરવાળાં જે તમારા આ બાળકને ઉછેરે અને તેઓ એનાં હિતેચ્છુ છે[૭૯]' (૧૨) તો અમે તેને તેની માં તરફ પરત કર્યો કે માંની આંખને ટાઢક પહોંચે અને ખેદ કરે નહિ અને જાણી લે કે અલ્લાહનો વાયદો સાચો છે, પણ ઘણા લોકો જાણતા નથી[૮૦] (૧૩) અને જ્યારે પોતાની યુવાનીએ પહોંચ્યો અને સંપૂર્ણ જોરાવર બની ગયો[૮૧] (ત્યારે) અમે તેને 'હુકમ' અને ઇલ્મ આપ્યાં[૮૨] અને અમે આવો જ બદલો આપીએ છીએ નેક લોકોને (૧૪)

امن خلق ٢٠ القصص ٢٨

نَتَّخِذَهٗ وَلَدًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ ۝٩ وَاَصْبَحَ
فُؤَادُ اُمِّ مُوْسٰى فٰرِغًا ؕ اِنْ كَادَتْ لَتُبْدِيْ بِهٖ
لَوْلَآ اَنْ رَّبَطْنَا عَلٰى قَلْبِهَا لِتَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ۝١٠
وَقَالَتْ لِاُخْتِهٖ قُصِّيْهِ ؗ فَبَصُرَتْ بِهٖ عَنْ
جُنُبٍ وَّهُمْ لَا يَشْعُرُوْنَ ۝١١ وَحَرَّمْنَا عَلَيْهِ
الْمَرَاضِعَ مِنْ قَبْلُ فَقَالَتْ هَلْ اَدُلُّكُمْ عَلٰٓى
اَهْلِ بَيْتٍ يَّكْفُلُوْنَهٗ لَكُمْ وَهُمْ لَهٗ نٰصِحُوْنَ ۝١٢
فَرَدَدْنٰهُ اِلٰٓى اُمِّهٖ كَيْ تَقَرَّ عَيْنُهَا وَلَا تَحْزَنَ
وَلِتَعْلَمَ اَنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَعْلَمُوْنَ ۝١٣ وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰٓى اٰتَيْنٰهُ
حُكْمًا وَّعِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ۝١٤

૭૪. કે પડોશીઓ જાણી ગયા છે તેઓ ચુગલી કરી બેસશે અને ફિરઔન આ ફરઝંદને કતલ કરવા તત્પર બની જશે.

૭૫. અર્થાત ભયરહિત બનીને મિસરની નાઇલ નદીમાં નાખી દે અને એમના ડૂબી જવાની કે નાશ પામવાની ચિંતા ન કર.

૭૬. એમના વિયોગનો.

૭૭. તો તેમણે હઝરત મૂસા અલયહિસ્સલામને ત્રણ માસ સુધી દૂધ પીવાડયું પછી જ્યારે આપને ફિરઔન તરફથી ભય જણાયો ત્યારે એક પેટીમાં મૂકીને જે ખાસ આ હેતુસર જ બનાવવામાં આવી હતી રાત્રિના સમયે નાઇલ નદીમાં વહેતી મૂકી દીધી.

૭૮. તે રાત્રીની સવારે અને તે પેટીને ફિરઔન સામે મૂક્યું અને તેને ઉઘાડવામાં આવ્યું અને તેમાંથી હઝરત મૂસા અલયહિસ્સલામ નીકળ્યા જેઓ પોતાના અંગૂઠામાંથી દૂધ ચૂસતા હતા.

૭૯. અંતે.

૮૦. જે તેનો વઝીર હતો.

૮૧. અર્થાત અનાજ્ઞાંકિત. તેથી અલ્લાહ તઆલાએ તેમને આવી સજા આપી કે તેમનો વિનાશ નોતરનારનો ઉછેર તેમની પાસે જ કરાવ્યો.

૮૨. જ્યારે કે ફિરઔને તેની કોમના માણસોના કહેવાથી હઝરત મૂસા અલયહિસ્સલામને કતલ કરવાનો ઇરાદો કર્યો.

وَدَخَلَ الْمَدِينَةَ عَلَىٰ حِينِ غَفْلَةٍ مِّنْ أَهْلِهَا
فَوَجَدَ فِيهَا رَجُلَيْنِ يَقْتَتِلَانِ هَٰذَا مِن شِيعَتِهِ
وَهَٰذَا مِنْ عَدُوِّهِ ۖ فَاسْتَغَاثَهُ الَّذِي مِن شِيعَتِهِ
عَلَى الَّذِي مِنْ عَدُوِّهِ فَوَكَزَهُ مُوسَىٰ فَقَضَىٰ عَلَيْهِ ۖ
قَالَ هَٰذَا مِنْ عَمَلِ الشَّيْطَانِ ۖ إِنَّهُ عَدُوٌّ مُّضِلٌّ مُّبِينٌ ﴿١٥﴾
قَالَ رَبِّ إِنِّي ظَلَمْتُ نَفْسِي فَاغْفِرْ لِي فَغَفَرَ لَهُ ۚ
إِنَّهُ هُوَ الْغَفُورُ الرَّحِيمُ ﴿١٦﴾ قَالَ رَبِّ بِمَا أَنْعَمْتَ عَلَيَّ
فَلَنْ أَكُونَ ظَهِيرًا لِّلْمُجْرِمِينَ ﴿١٧﴾ فَأَصْبَحَ فِي الْمَدِينَةِ
خَائِفًا يَتَرَقَّبُ فَإِذَا الَّذِي اسْتَنصَرَهُ بِالْأَمْسِ
يَسْتَصْرِخُهُ ۚ قَالَ لَهُ مُوسَىٰ إِنَّكَ لَغَوِيٌّ مُّبِينٌ ﴿١٨﴾ فَلَمَّا
أَنْ أَرَادَ أَن يَبْطِشَ بِالَّذِي هُوَ عَدُوٌّ لَّهُمَا قَالَ

અને પેલા શહેરમાં પ્રવેશ્યો[૯૩] જે સમયે શહેરવાસીઓ બપોરની ઊંઘમાં બેખબર હતા[૯૪]. તો તેમાં બે પુરૂષોને લડતા જોયા, એક મૂસાના ટોળાનો હતો[૯૫] અને બીજો એના દુશ્મનોના[૯૬], તો પેલો જે એના ટોળાનો હતો તેણે મૂસા પાસે મદદ માંગી તેની વિરૂધ્ધ જે તેના દુશ્મનોમાંથી હતો. તો મૂસાએ તેને ઘુંસો (ઢીક) માર્યો[૯૭] તો તેનું કામ પુરૂં કરી નાખ્યું[૯૮], કહ્યું; 'આ કૃત્ય શયતાન તરફથી થયું[૯૯] બેશક ! તે દુશ્મન છે ખુલ્લો ભટકાવી દેનાર' (૧૫) વિનંતી કરી; 'અય મારા પરવરદિગાર ! મેં મારા પ્રાણ પર અત્યાચાર કર્યો[100] તો મને માફ કરી દે. તો અલ્લાહે તેને માફ કરી દીધો. બેશક ! તે જ માફ કરનાર મહેરબાન છે (૧૬) વિનંતી કરી; 'અય મારા રબ ! જેવો તેં મારા પર ઉપકાર કર્યો[૧૦૧] તો હવે હું કદાપી પાપીઓનો સહાયક બનીશ નહિ' (૧૭) તો તે શહેરમાં બ્હીતાં બ્હીતાં સવાર કરી, શું થાય છે[૧૦૨] તેની રાહ જોતાં. તરત જ જોયું કે પેલો જેણે ગઇકાલે એમની પાસે મદદ માંગી હતી (ફરી પાછો) ફરિયાદ કરી રહ્યો છે[૧૦૩]. મૂસાએ તેને કહ્યું; 'બેશક! તુ ખુલ્લો ગુમરાહ છે'[૧૦૪] (૧૮) તો જ્યારે મૂસાએ ઇચ્છયું કે તેની પકડ કરે જે એ બન્નેનો દુશ્મન છે[૧૦૫] (ત્યારે)

૮૩. કારણ કે આ એ લાયક છે. ફિરઔનનાં પત્ની આસિયહ ઘણાં નેક સ્ત્રી હતાં, નબીઓના વંશના હતાં, ગરીબો અને મિસ્કીનો પર રહેમ કરનાર હતાં. તેણીએ ફિરઔનને કહ્યું કે; આ બાળક એક વરસ કરતાં વધારે ઉંમરનું લાગે છે અને તેં તો આ વરસ દરમ્યાન જન્મનાર બાળકોને કતલ કરવાનો હુકમ આપેલો છે, તદુપરાંત ખબર નથી કે આ બાળક ક્યા પ્રદેશમાંથી તણાઇને આવ્યું છે, તને જે બાળકનો ભય છે તે તો આ પ્રદેશના બનીઇસરાઇલનું જ કહેવામાં આવ્યું છે. આસિયાની આ વાત તે લોકેએ માની લીધી.

૮૪. જે પરિણામ આવવાનું હતું તેનાથી.

૮૫. જ્યારે તેણીએ સાંભળ્યું કે તેણીના પુત્ર ફિરઔનના હાથમાં પહોંચી ગયા છે.

૮૬. અને મમતાની મહોબ્બતના જોશ માં હાય મારો પુત્ર પોકારી ઉઠતે.

૮૭. જે વાયદો અમે કરી ચૂકયા છીએ કે તારા પુત્રને તારી તરફ પરત કરીશું.

૮૮. જેમનું નામ મરયમ હતું. પરિસ્થિતિનો તાગ કાઢવા...

૮૯. પછી તે લોકોના કહેવાથી તેણી પોતાની માંને તેડી લાવી. હઝરત મૂસા અલયહિસ્સલામ ફિરઔનના ખોળામાં હતા અને દૂધ માટે રડી રહ્યા હતા, ફિરઔન આપને પ્રેમથી પંપાળી રહ્યો હતો. જ્યારે આપનાં માં આવ્યાં અને આપને તેણીની ખુશ્બુ પહોંચી ત્યારે આપને શાંતિ વળી અને આપે તેણીનું દૂધ મોઢામાં લીધું. ફિરઔને પૂછ્યું કે; તુ આ બાળકની શું થાય છે? કારણ કે તારા સિવાય કોઇનું પણ દૂધ આ બાળકે મોઢામાં લીધું નથી. તેણીએ કહ્યું; હું તો એક સ્ત્રી છું, હંમેશા પાક અને સ્વચ્છ રહુ છું, મારૂં દૂધ સ્વાદિષ્ટ છે, શરીર સુગંધી છે, તેથી જે બાળકોના પ્રકૃતિમાં સ્વચ્છતા હોય છે તે બીજી સ્ત્રીઓનું દૂધ લેતાં

નથી, મારૂ દૂધ પી લે છે. પછી ફિરઔને બાળક તેણીને આપ્યું અને દૂધ પાવા માટે તેણીને નક્કી કરીને બાળક પોતાના ઘેર લઇ જવાની પરવાનગી આપી, તેણી આપને પોતાના ઘેર લઇ આવી અને અલ્લાહ તઆલાનો વાયદો પૂરો થયો. ત્યારે તેણીને ખાત્રી થઇ ગઇ કે આ ફરઝંદ અવશ્ય નબી થશે. અલ્લાહ તઆલા એ વાયદાનું વર્ણન કરે છે.....

૯૦. અને શંકામાં રહે છે. હઝરત મૂસા અલયહિસ્સલામ ધાવણના સમય સુધી પોતાની માં પાસે રહ્યા અને તેટલો સમય ફિરઔન તેણીને રોજ એક અશરફી આપતો રહ્યો. ધાવણ છુટયા પછી આપ હઝરત મૂસાને ફિરઔન પાસે લઇ આવી અને આપ ત્યાં ઉછરતા રહ્યા.

૯૧. ઉંમર તીસ કરતાં વધારે થઇ.

૯૨. અર્થાત દીન-દુનિયાની મસ્લેહતો (રહસ્યો)નું ઇલ્મ.

૯૩. તે શહેર યા તો મનફ હતું જે મિસરની સરહદમાં છે એનું અસલ નામ માફહ છે કિબ્તી ભાષામાં એ શબ્દનો અર્થ ત્રીસ થાય છે. આ પ્રથમ શહેર છે જે હઝરત નૂહ અલયહિસ્સલામના તોફાન પછી વસ્યું. આ જગ્યાએ મિસર બિન હામ રહ્યો આ રહેઠાણ કરનારાઓ ત્રીસ હતા એટલા માટે એનું નામ માફહ પડયું, પછી એની અરબી મનફ થઇ. અથવા તે શહેર હાબીન હતું જે મિસરથી બે ફરસંગના અંતરે હતું. એક કથન એવું છે કે તે શહેર ઐન શમ્સ હતું. (જુમલ, ખાઝિન)

૯૪. અને હઝરત મૂસા અલયહિસ્સલામનું છુપી રીતે પ્રવેશવાનું કારણ એ હતું કે જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ જવાન થયા ત્યારે આપે સત્યોચાર કરવા માંડયો ફિરઔન અને ફિરઔનીઓની ગુમરાહીનો રદીયો આપવાનું શરૂ કર્યું. બનીઇસરાઇલના લોકો આપની વાત સાંભળતા અને આપને અનુસરતા હતા. આપ ફિરઔનીઓના ધર્મને રદીયો આપતા હતા. સમય જતાં એ વાત પ્રસરી ગઇ અને ફિરઔની લોકો આપની ઢુંઢમાં ફરવા લાગ્યા, એટલે આપ જે શહેરમાં પણ દાખલ થતા ત્યારે એવા સમયે દાખલ થતા કે ત્યાંના રહીશો ગફલતમાં હોય. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું છે કે તે દિવસ ઇદનો હતો અને તે લોકો તેમના ખેલકૂદમાં મગ્ન હતા. (મદારિક, ખાઝિન)

૯૫. બની ઇસરાઇલમાંથી.

૯૬. અર્થાત કિબ્તી, ફિરઔનની કોમમાંથી. એ માણસ ઇસરાઇલી પર જોરજુલમ કરી રહ્યો હતો કે જેથી તેની ઉપર લાકડાંનો ભાર ચઢાવીને ફિરઔનના રસોડામાં લઇ જાય.

૯૭. પ્રથમ આપે કિબ્તીને કહ્યું કે; બની ઇસરાઇલ પર જુલ્મ ન કર, એને છોડી દે. પણ પેલો માન્યો નહિ અને એલફેલ બકવા માંડયો ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે તેને એ જુલમથી અટકાવવા માટે ઘુંસો માર્યો.

૯૮. એટલે કે તે મરી ગયો અને આપે તેને રેતીમાં દાટી દીધો. આપનો ઇરાદો તેને મારી નાખવાનો હતો નહિ.

૯૯. અર્થાત તે કિબ્તીનું પેલા ઇસરાઇલી પર જુલ્મ કરવું જે એના મૃત્યુનું કારણ બન્યું. (ખાઝિન)

૧૦૦. મૂસા અલયહિસ્સલામની આ વાત આજેજી રૂપે હતી કારણ કે આપનાથી કોઇ નાફર્માની સાદર થઇ હતી નહિ, અને નબીઓ મઅસૂમ હોય છે, તેમનાથી ગુન્હાઓ થતા નથી. કબ્તીને મારવું જુલમ દફે કરવા અને જુલ્મનો ભોગ બનેલાની મદદ કરવા માટે હતું, આ કામ કોઇપણ ઉમ્મતમાં ગુન્હો નથી. તેમ છતાં પોતાની તરફ તકસીર (ભૂલ)નો સંબંધ જોડવો અને માફી માંગવી, એ અલ્લાહની નજીકી ધરાવનાર

امن خلق ٢٠ — القصص ٢٨

يٰمُوْسٰٓى اَتُرِيْدُ اَنْ تَقْتُلَنِيْ كَمَا قَتَلْتَ نَفْسًۢا بِالْاَمْسِ ۖ
اِنْ تُرِيْدُ اِلَّآ اَنْ تَكُوْنَ جَبَّارًا فِى الْاَرْضِ وَمَا تُرِيْدُ
اَنْ تَكُوْنَ مِنَ الْمُصْلِحِيْنَ ﴿١٩﴾ وَجَآءَ رَجُلٌ مِّنْ اَقْصَا
الْمَدِيْنَةِ يَسْعٰى قَالَ يٰمُوْسٰٓى اِنَّ الْمَلَاَ يَاْتَمِرُوْنَ بِكَ
لِيَقْتُلُوْكَ فَاخْرُجْ اِنِّيْ لَكَ مِنَ النّٰصِحِيْنَ ﴿٢٠﴾ فَخَرَجَ مِنْهَا
خَآئِفًا يَّتَرَقَّبُ قَالَ رَبِّ نَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٢١﴾
وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ قَالَ عَسٰى رَبِّيْٓ اَنْ
يَّهْدِيَنِيْ سَوَآءَ السَّبِيْلِ ﴿٢٢﴾ وَلَمَّا وَرَدَ مَآءَ مَدْيَنَ
وَجَدَ عَلَيْهِ اُمَّةً مِّنَ النَّاسِ يَسْقُوْنَ ۠ وَوَجَدَ مِنْ
دُوْنِهِمُ امْرَاَتَيْنِ تَذُوْدٰنِ ۚ قَالَ مَا خَطْبُكُمَا ۖ قَالَتَا
لَا نَسْقِيْ حَتّٰى يُصْدِرَ الرِّعَآءُ وَاَبُوْنَا شَيْخٌ كَبِيْرٌ ﴿٢٣﴾

પેલો બોલ્યો; 'અય મૂસા ! શું તમે મને એવી રીતે જ મારી નાખવા ઇચ્છો છો જેવી રીતે તમે ગઇકાલે એક માણસને મારી નાખ્યો, તમે તો એવુંજ ઇચ્છો છો કે ધરતીમાં સખ્તાઇ કરો અને સુધારણા ઇચ્છતા નથી[૧૦૬]
(૧૯) અને શહેરના આગલા છેડેથી એક માણસ[૧૦૭] દોડતો આવ્યો કહ્યું; 'અય મૂસા ! બેશક ! દરબારવાળાઓ[૧૦૮] તમને કતલ કરવાની મસલત કરી રહ્યા છે, તો નીકળી જાવ[૧૦૯] ! હું તમારો હિતેચ્છુ છું[૧૧૦]
(૨૦) તો તે શહેરમાંથી નીકળ્યો બ્હીતો બ્હીતો એની રાહ જોતાં કે હવે શું થાય છે. વિનંતી કરી; 'અય મારા રબ ! મને અત્યાચારીઓથી બચાવી લે[૧૧૧]'
(૨૧) અને જ્યારે મદયન તરફ ફર્યો[૧૧૨] કહ્યું; 'નજીક છે કે મારો પરવરદિગાર મને સીધો રસ્તો દેખાડે'[૧૧૩]
(૨૨) અને જ્યારે મદયનના પાણી પર આવ્યો[૧૧૪] ત્યાં લોકોના એક જૂથને જોયું કે પોતાના જાનવરોને પાણી પીવડાવી રહ્યું છે. અને તેમનાથી આ બાજુ[૧૧૫] બે સ્ત્રીઓ નિહાળી કે જેઓ પોતાના જાનવરોને અટકાવી રહી છે[૧૧૬]. મૂસાએ પૂછ્યું; 'તમારા બન્નેની શું હાલત છે[૧૧૭]?' તેણીઓ બોલી; 'જ્યાં સુધી બધા ભરવાડો પાણી પીવડાવીને લઇ જાય નહિ ત્યાં સુધી અમે પાણી પીવડાવતી નથી[૧૧૮], અને અમારા બાપ ઘણા વૃધ્ધ છે[૧૧૯]' (૨૩)

લોકોનો દસ્તૂર (ચાલ્યો આવતો નિયમ) છે. અમુક તફસીરકારોએ ફરમાવ્યું કે, આ વાતમાં ઢીલ કરવી ઉત્તમ હતી એટલા માટે હઝરત મૂસા અલયહિસ્સલામે ઢીલ નહિ કરવાને 'અત્યાચાર' કહ્યું અને એ બદલ અલ્લાહ પાસે માફી માંગી.

૧૦૧. હવે આટલી કૃપા પણ કર કે મને ફિરઔંનની સોહબત અને તેના ત્યાં રહેવાથી બચાવ કારણ કે એ ટોળામાં ગણત્રી થવી એ પણ એક પ્રકારનું સહાયક થવું છે.

૧૦૨. કે ખુદાને ખબર, આ કબ્તીના માર્યા જવાનું શું પરિણામ નીકળે અને એની કોમના લોકો શું કરે.

૧૦૩. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે ફિરઔંનની કોમના લોકોએ તેને સમાચાર પહોંચાડયા કે કોઇ બની ઇસ્રાઇલવાળાએ આપણી કૌમના એક માણસને મારી નાખ્યો છે ત્યારે ફિરઔંને કહ્યું કે મારી નાખનાર અને સાક્ષીઓને ઢુંઢો, ફિરઔનીઓ, ચારેકોર ભમતા હતા પણ તેમને કશો પુરાવો મળતો ન હતો. બીજા દિવસે જ્યારે મૂસા અલયહિસ્સલામને સંજોગવસાત પહેલાં જેવા બનાવનો જ સામનો કરવો પડયો કે પેલો બની ઇસરાઇલ જેણે એક દિવસ પહેલાં મદદ માંગી હતી આજે પાછો બીજા ફિરઔની સાથે ઝગડી રહ્યો છે. મૂસા અલયહિસ્સલામને જોઇને પાછો મદદ માંગવા માંડયો ત્યારે હઝરત.....

૧૦૪. હેતુ એ હતો કે રોજ લોકો સાથે લડાઇઓ કરે છે પોતાને પણ મુસીબતમાં નાંખે છે અને તારા મદદગારોને પણ. આવી જગ્યાઓથી વેગળો કેમ રહેતો નથી? અને સાવચેતી કેમ વાપરતો નથી? પછી હઝરત મૂસા અલયહિસ્સલામને દયા આવી અને ઇરાદો કર્યો કે તેને ફિરઔનીના પંજામાંથી છોડાવે.

فَسَقٰى لَهُمَا ثُمَّ تَوَلّٰۤى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّىْ لِمَاۤ
اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ﴿٢٤﴾ فَجَآءَتْهُ اِحْدٰىهُمَا تَمْشِىْ
عَلَى اسْتِحْيَآءٍ قَالَتْ اِنَّ اَبِىْ يَدْعُوْكَ لِيَجْزِيَكَ اَجْرَ
مَا سَقَيْتَ لَنَا ؕ فَلَمَّا جَآءَهٗ وَقَصَّ عَلَيْهِ الْقَصَصَ ۙ
قَالَ لَا تَخَفْ نَجَوْتَ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٢٥﴾ قَالَتْ
اِحْدٰىهُمَا يٰۤاَبَتِ اسْتَاْجِرْهُ اِنَّ خَيْرَ مَنِ اسْتَاْجَرْتَ
الْقَوِىُّ الْاَمِيْنُ ﴿٢٦﴾ قَالَ اِنِّىْۤ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ
اِحْدَى ابْنَتَىَّ هٰتَيْنِ عَلٰۤى اَنْ تَاْجُرَنِىْ ثَمٰنِىَ
حِجَجٍ ۚ فَاِنْ اَتْمَمْتَ عَشْرًا فَمِنْ عِنْدِكَ ۚ وَمَاۤ
اُرِيْدُ اَنْ اَشُقَّ عَلَيْكَ ؕ سَتَجِدُنِىْۤ اِنْ شَآءَ اللّٰهُ
مِنَ الصّٰلِحِيْنَ ﴿٢٧﴾ قَالَ ذٰلِكَ بَيْنِىْ وَبَيْنَكَ ؕ

ત્યારે મૂસાએ તે બન્નેના જાનવરોને પાણી પીવડાવ્યું, પછી છાંયડા પ્રતિ ફર્યા[૧૨૦]. વિનંતી કરી; 'અય મારા રબ ! હું તે ખાવાનો જે તુ મારા તરફ ઉતારે મોહતાજ છું[૧૨૧]' (૨૪) તો પેલી બન્નેમાંથી એક તેની પાસે આવી શરમાઇને ચાલતી ચાલતી[૧૨૨]. બોલી; 'મારા બાપ તમને બોલાવે છે કે તમને મજૂરી આપે તેની જે તમે અમારા જાનવરોને પાણી પીવાડયું છે'[૧૨૩] જ્યારે મૂસા તેમની પાસે આવ્યા અને તેમને વાતો કહી સંભળાવી[૧૨૪]. તેમણે કહ્યું; 'ડરશો નહિ. તમે જુલ્મીઓથી બચી ગયા[૧૨૫]' (૨૫) તેણીઓમાંની એક બોલી[૧૨૬]; 'અય મારા બાપ ! આમને નોકરીમાં રાખી લો[૧૨૭], બેશક ! સારા નોકર તે જે તાકાતવાન અને પ્રમાણિક હોય[૧૨૮]' (૨૬) બોલ્યા; 'હું ઇચ્છુ છું કે મારી બે દીકરીઓમાંથી એક તમારી સાથે પરણાવું[૧૨૯], એ મહેર બદલ કે તમે આઠ વરસ મારી નોકરી કરો[૧૩૦]. વળી જો પુરા દસ વરસ કરો તો (એ) તમારી તરફથી છે[૧૩૧]. અને હું તમને કષ્ટમાં નાખવા ઇચ્છતો નથી[૧૩૨], નજીક છે કે ઇન્શાઅલ્લાહ તમે મને નેક લોકોમાં ભાળશો[૧૩૩]' (૨૭) મૂસાએ કહ્યું; 'આ મારી અને તમારી

૧૦૫. અર્થાત ફિરઔનના માણસની. પણ પેલો ઇસરાઇલી ભૂલથી એવું સમજ્યો કે હઝરત મૂસા અલયહિસ્સલામ મારાથી નારાજ છે અને મને પકડવા ચાહે છે એવું સમજીને...

૧૦૬. ફિરઔનના માણસે આ વાત સાંભળી અને જઇને ફિરઔનને કહી દીધું કે ગઇ કાલે જે ફિરઔનીને મારી નાખવામાં આવ્યો હતો તેને હઝરત મૂસા અલયહિસ્સલામે માર્યો હતો. ફિરઔને હઝરત મૂસા અલયહિસ્સલામને કતલ કરવાનો હુકમ આપ્યો અને લોકો હઝરત મૂસા અલયહિસ્સલામને ઢુંઢવા નીકળ્યા.

૧૦૭. જેને મુઅમિને આલે ફિરઔન (ફિરઔનના માણસોમાંથી ઇમાન લઇ આવનાર) કહેવામાં આવે છે. આ ખબર સાંભળીને નજીકના રસ્તેથી...

૧૦૮. ફિરઔનના.

૧૦૯. શહેરમાંથી.

૧૧૦. આ વાત શુભેચ્છાપૂર્વક કહી રહ્યો છું.

૧૧૧. અર્થાત ફિરઔનની કોમથી.

૧૧૨. મદયન તે જગ્યા છે જ્યાં હઝરત શુઐબ અલયહિસ્સલામ રહેતા હતા. એને મદયન ઇબ્ને ઇબ્રાહીમ કહે છે. મિસરથી ત્યાં સુધી આઠ દિવસની સફરનું અંતર છે. એ શહેર ફિરઔનની રાજસત્તાની બહાર હતું. હઝરત મૂસા અલયહિસ્સલામે એનો રસ્તો પણ જોયો ન હતો, ન તો કોઇ સવારી ન સાથીદાર, ન કોઇ ભાથું ન કોઇ સંગાથ. રસ્તામાં વૃક્ષોનાં પાંદડાઓ અને જમીનની વનસ્પતિ સિવાય બીજુ કશું ખાવાનું

પ્રાપ્ત ન હતું.

૧૧૩. જેમકે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો મોકલ્યો જે આપને મદયન સુધી લઇ ગયો.

૧૧૪. અર્થાત કૂવા પર. જેમાંથી ત્યાંના લોકો પાણી લેતા હતા અને પોતાના જાનવરોને પણ પાતા હતા. એ કૂવો શહેરના પાદરમાં હતો.

૧૧૫. અર્થાત પુરૂષોથી અલગ.

૧૧૬. લોકો પાણીમાંથી નવરા થાય અને કૂવો ખાલી પડે તેની રાહ જોઇને. કારણ કે કૂવાને તાકાતવાન અને જોરાવર લોકોએ ઘેરી લીધો હતો તેમની ભીડમાં સ્ત્રીઓ માટે શક્ય ન હતું કે પોતાના જાનવરોને પાણી પીવડાવી શકે.

૧૧૭. અર્થાત તમારા જાનવરોને પાણી કેમ પીવડાવતી નથી?

૧૧૮. અર્થાત અમે પુરૂષોની ભીડમાં જઇ શકતી નથી તેમજ પાણી પણ ખેંચી શક્તી નથી, જ્યારે આ લોકો પોતાના જાનવરોને પાણી પીવડાવીને પરત જાય છે ત્યારે હવાડામાં જે પાણી વધેલું હોય છે તે અમે પોતાના જાનવરોને પીવડાવીએ છીએ.

૧૧૯. વૃધ્ધ છે પોતે આ કામ કરી શક્તા નથી તેથી જાનવરોને પાણી પીવડાવવા અમારે આવવું પડે છે. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે તેણીઓની વાતો સાંભળી ત્યારે આપનું દિલ ભરાઇ આવ્યું અને દયા ઉપજી. ત્યાં બીજો કૂવો તેની નજીકમાં જ હતો અને એક બહું જ ભારે પથ્થર તેની ઉપર ઢાંકેલો હતો જેને હટાવવા ઘણા બધા માણસોની જરૂર હતી તે આપે એકલા હાથે હટાવી નાખ્યો.

૧૨૦. તડકો અને ગરમી ખૂબ હતાં અને આપે કેટલાએ દિવસોથી ખાધું ન હતું ભૂખ ખૂબ લાગી હતી તેથી આરામ કરવાના હેતુથી એક ઝાડના છાંયડામાં બેસી ગયા અને બારગાહે ઇલાહીમાં.....

૧૨૧. હઝરત મૂસા અલયહિસ્સલામે ખાવા નિહાળવાને પુરૂં એક અઠવાડિયું વિતી ગયું હતું એ દરમ્યાન એક કોળીયો પણ ખાધુ ન હતું પેટ મુબારક પીઠ સાથે અડી ગયું હતું. એવી હાલતમાં પોતાના પરવરદિગાર પાસે ખોરાકની માંગણી કરી અને અલ્લાહની બારગાહમાં ખૂબ નિકટતા ધરાવતા હોવા છતાં આટલી આજેજીપૂર્વક રોટલાનો એક ટુકડો માંગ્યો.

જ્યારે બન્ને દીકરીઓ તે દિવસે બહું જલ્દી ઘેર પાછી આવી ગઇ ત્યારે તેમના વાલિદ સાહેબે પૂછયું; આજે આટલી વહેલી કેવી રીતે આવી લાગી? તેણીઓએ જવાબ આપ્યો; આજે અમે એક નેક પુરૂષ જોયો તેણે અમારી દયા ખાધી અને અમારા જાનવરોને પાણી પીવડાવી દીધું. ત્યારે તેણીઓના વાલિદ સાહેબે એક દીકરીને કહ્યું; જા અને તે નેક માણસને મારી પાસે બોલાવી લાવ.

૧૨૨. મોઢું આસ્તીન વડે ઢાંકીને શરીર છુપાવીને. આ મોટાં દીકરી હતાં તેમનું નામ સફૂરા હતું. અને એક કથન એવું છે કે તે નાનાં દીકરી હતાં.

૧૨૩. હઝરત મૂસા અલયહિસ્સલામ મજૂરી લેવા માટે તો રાજી થયા નહિ, પણ હઝરત શુએબ અલયહિસ્સલામના દર્શન અને આપની મુલાકાત કરવાના ઇરાદાથી ચાલ્યા અને પેલાં સાહેબઝાદીને કહ્યું કે તમે મારી પાછળ રહીને મને રસ્તો દેખાડો, આવું આપે પરદાનો ખ્યાલ રાખીને કહ્યું અને એ રીતે ત્યાં પહોંચ્યા. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ હઝરત શુએબ અલયહિસ્સલામ પાસે પહોંચ્યા ત્યારે ખાવાનું હાજર હતું, હઝરત શુએબ અલયહિસ્સલામે કહ્યું; આવો ખાવા બેસો. હઝરત મૂસા અલયહિસ્સલામે મંજૂર કર્યું નહિ અને અઉઝુબિલ્લાહ કહ્યું. હઝરત શુએબે પૂછયું; કેમ ખાવામાં શું વાંધો છે? શું આપને ભૂખ લાગી

أَيَّمَا الْأَجَلَيْنِ قَضَيْتُ فَلَا عُدْوَانَ عَلَيَّ وَاللّٰهُ
عَلٰى مَا نَقُوْلُ وَكِيْلٌ ﴿٢٨﴾ فَلَمَّا قَضٰى مُوْسَى الْأَجَلَ
وَسَارَ بِأَهْلِهٖٓ اٰنَسَ مِنْ جَانِبِ الطُّوْرِ نَارًا قَالَ
لِأَهْلِهِ امْكُثُوْٓا إِنِّيْٓ اٰنَسْتُ نَارًا لَّعَلِّيْٓ اٰتِيْكُمْ مِّنْهَا
بِخَبَرٍ أَوْ جَذْوَةٍ مِّنَ النَّارِ لَعَلَّكُمْ تَصْطَلُوْنَ ﴿٢٩﴾
فَلَمَّآ أَتٰىهَا نُوْدِيَ مِنْ شَاطِئِ الْوَادِ الْأَيْمَنِ فِي
الْبُقْعَةِ الْمُبٰرَكَةِ مِنَ الشَّجَرَةِ أَنْ يّٰمُوْسٰٓى
إِنِّيْٓ أَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿٣٠﴾ وَأَنْ أَلْقِ
عَصَاكَ فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَأَنَّهَا جَآنٌّ
وَّلّٰى مُدْبِرًا وَّلَمْ يُعَقِّبْ يٰمُوْسٰٓى أَقْبِلْ وَلَا
تَخَفْ إِنَّكَ مِنَ الْاٰمِنِيْنَ ﴿٣١﴾ اُسْلُكْ يَدَكَ

વચ્ચે કરાર થઇ ચૂક્યો, આ બન્નેમાંથી જે મુદ્દત હું પુરી કરૂ[૧૩૪] તો (પછી) મારી ઉપર (બીજી) કંઇ માંગણી નથી. અને આપણી આ વાત પર અલ્લાહની ખાત્રી[૧૩૫] (૨૮) પછી જ્યારે મૂસાએ પોતાની મુદ્દત પુરી કરી દીધી[૧૩૬] અને પોતાની પત્નીને લઇને ચાલ્યો[૧૩૭]. તૂરની દિશામાંથી એક આગ ભાળી[૧૩૮] ! પોતાની ઘરવાળીને કહ્યું; 'તમે થોભો ! મને તૂર તરફથી એક આગ દેખાઇ છે, કદાચ હું ત્યાંથી કંઇક ખબર લાવુ[૧૩૯] અથવા તમારા માટે કોઇક આગની ચિંગારી લાવું કે તમે તાપો (૨૯) પછી જ્યારે આગ પાસે હાજર થયો, પોકારવામાં આવ્યું જમણા છેડેથી[૧૪૦] બરકતવંત સ્થાનમાં ઝાડમાંથી[૧૪૧] કે; 'અય મૂસા ! હું જ છું અલ્લાહ ! સારાય જગતનો રબ[૧૪૨] (૩૦) અને એ કે નાખી દે તારો અસો[૧૪૩] પછી જ્યારે મૂસાએ તેને (અસાને) જોયો વળ ખાતો જાણે કે સાપ છે (ત્યારે) પાછો વળી ચાલ્યો અને પાછું વળીને જોયું નહિ[૧૪૪] 'અય મૂસા ! સામે આવ અને ડરીશ નહિ બેશક ! તને શરણાગતી છે[૧૪૫] (૩૧) પોતાનો હાથ[૧૪૬] ગરેવાનમાં નાખ, સફેદ

નથી? જવાબ આપ્યો; મને ભય છે કે આ ખાવાનું ક્યાંક મારા કામનો બદલો બની જાય નહિ જે મેં આપના જાનવરોને પાણી પીવડાવીને કર્યું છે, કારણ કે અમે તે લોકો છીએ જેઓ સારા કામ બદલ વળતર સ્વીકારતા નથી. હઝરત શુએબ અલયહિસ્સલામે ફરમાવ્યું; અય જવાન ! એવું નથી આ ખાવાનું તમારા કામના વળતર રૂપે નથી બલ્કે મારી અને મારા વડવાઓની આદત છે કે અમે મહેમાનોને ખાવા ખવડાવીએ છીએ. ત્યારે આપ બેઠા અને ખાવાનું ખાધું.

૧૨૪. અને બધા જ બનાવો તેમજ પરિસ્થિતિ નો ચિતાર આપ્યો, ફિરઔન સાથે જે કંઇ બન્યું તે અને પોતાના જન્મથી લઇને કિબ્તી મરી ગયો ત્યાં સુધી અને ફિરઔન આપની પાછળ પડયો એ તમામ હેવાલ આપે હઝરત શુએબ અલયહિસ્સલામને કહી સંભળાવ્યો.

૧૨૫. અર્થાત ફિરઔન અને ફિરઔનીઓથી. કારણ કે અહીં મદયનમાં ફિરઔનનું રાજ્ય નથી.

**મસાઇલ** :- આનાથી જણાયું કે એક વ્યક્તિની આપેલી ખબર પર અમલ કરવો જાઇઝ છે, ભલે પછી તે ગુલામ હોય કે ઔરત. અને એ પણ સાબિત થયું કે અજાણી સ્ત્રી સાથે પરહેઝગારી જાળવીને ચાલવું જાઇઝ છે.

૧૨૬. જે હઝરત મૂસા અલયહિસ્સલામને બોલાવવા માટે મોકલવામાં આવી હતી મોટી હોય કે નાની.

૧૨૭. કે તેઓ આપણી બકરીઓ ચરાવ્યા કરે અને એ કામ આપણે કરવું પડે નહિ.

૧૨૮. હઝરત શુએબ અલયહિસ્સલામે પોતાની દીકરીને પૂછયું કે તમને એમની તાકાત અને પ્રમાણિ-

કતાની શી ખબર? તેણીએ જવાબ આપ્યો કે તાકાત એવી રીતે માલમ પડી કે કૂવા પરનો તે પથ્થર જેને દસથી ઓછા માણસો હટાવી શકતા ન હતા તે એમણે એકલાએ હટાવી નાખ્યો અને પ્રમાણિકતા એવી રીતે કે એમણે અમને દેખીને આંખો નમાવી લીધી અને આંખ ઊંચકીને જોયું નહિ અને મને કહ્યું કે તમે પાછળ ચાલો કે પવનથી કપડું ઉડીને તમારા શરીરનો કોઇ ભાગ ખુલ્લો થઇ જાય. આ સાંભળીને હઝરત શુએબ અલયહિસ્સલામે હઝરત મૂસા અલયહિસ્સલામ ને.....

૧૨૯. આ નિકાહનો વાયદો હતો નિકાહખાની માટેના શબ્દો ન હતા કારણ કે નિકાહ માટે ભૂતકાળ દર્શાવતા શબ્દો જરૂરી છે અને એવી જ રીતે જેની સાથે નિકાહ થતો હોય તે વ્યક્તિ કોણ છે તેની ચોખવટ પણ જરૂરી છે.

૧૩૦. **મસઅલો** :- આઝાદ પુરૂષનો આઝાદ સ્ત્રી સાથે નિકાહ કોઇ બીજા આઝાદ માણસની સેવાને અથવા બકરીઓ ચરાવવાના કામને મહેર તરીકે નક્કી કરી કરવો જાઇઝ છે.

**મસઅલો** :- આઝાદ પુરૂષ અમુક મુદ્દત સુધી ઓરતની સેવા કરવાને મહેર તરીકે નક્કી કરી અથવા કુરઆન શરીફની તાલીમને મહેર બનાવી ઓરત સાથે નિકાહ કર્યો તો નિકાહ જાઇઝ છે. પણ આ વસ્તુઓ મહેર બની શકશે નહિ બલ્કે આવી પરિસ્થિતિમાં મહેર મિસ્લ લાગુ પડશે. (હિદાયહ, અહમદી)

૧૩૧. અર્થાત એ તમારી મહેરબાની કહેવાશે અને તમારી ઉપર વાજિબ નહિ થાય.

૧૩૨. કે તમારી ઉપર પુરા દશ વર્ષ લાદી આપું.

૧૩૩. મારા તરફથી સદવર્તાવ અને વચન પાલન જ થશે. અને ઇન્શાઅલ્લાહ આપે અલ્લાહની તવફીક અને મદદ પર ભરોસો રાખવા માટે કહ્યું.

૧૩૪. દશ વરસની કે આઠ વરસની.

૧૩૫. પછી જ્યારે આપના નિકાહ થઇ ચૂક્યા ત્યારે હઝરત શુએબ અલયહિસ્સલામે મૂસા અલયહિસ્સાલમને એક અસો આપ્યો જેનાથી તેઓ બકરાંઓની સંભાળ રાખે અને પશુઓને નસાડે. હઝરત શુએબ અલયહિસ્સલામ પાસે નબીઓના ઘણા બધા અસા હતા આપની દીકરીનો હાથ હઝરત આદમ અલયહિસ્સલામના અસા પર પડયો જે તેઓ જન્નતમાંથી લાવ્યા હતા અને નબીઓ તેના વારસદારો બનતા ચાલ્યા આવ્યા હતા અને એવી રીતે તે હઝરત શુએબ અલયહિસ્સલામ સુધી પહોંચ્યો હતો. હઝરત શુએબ અલયહિસ્સલામે તે અસો હઝરત મૂસા અલયહિસ્સલામને આપ્યો.

૧૩૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; આપે લાંબી મુદ્દત દશ વરસ પુરા કર્યાં અને ત્યાર પછી શુએબ અલયહિસ્સલામ પાસે મિસર જવાની રજા માંગી આપે રજા આપી.

૧૩૭. તેણીના પિતાની રજા લઇને મિસર તરફ.

૧૩૮. જ્યારે કે આપ જંગલમાં હતા . રાત અંધારી હતી ટાઢ ખૂબ જોરની હતી રસ્તો ભૂલી ગયા હતા તેવા સમયે આપે આગ જોઇને...

૧૩૯. રસ્તાની કે કઇ બાજુ છે.

૧૪૦. જે હઝરત મૂસા અલયહિસ્સલામના જમણા હાથ તરફ હતો.

૧૪૧. તે ઝાડ દ્રાક્ષનું હતું અથવા ઉસજનું. ઉસજ એક કાંટાવાળું વૃક્ષ છે જે જંગલોમાં ઉગે છે.

૧૪૨. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે લીલાછમ ઝાડમાં આગ દેખી ત્યારે સમજી ગયા કે આ અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઇની કુદરત નથી અને બેશક ! આ કલામ બોલનાર અલ્લાહ તઆલા જ

ચળકતો એબહિન[૧૪૭] નીકળશે. અને પોતાનો હાથ પોતાની છાતી પર મૂક બ્હીક મટાડવા[૧૪૮]. તો આ બે દલીલો છે તારા રબની[૧૪૯] ફિરઔન અને તેના દરબારીઓ તરફ, બેશક ! તેઓ અનાજ્ઞાંકિત લોકો છે' (૩૨) વિનંતી કરી; 'અય મારા રબ ! મેં તેમનામાં એક જીવને મારી નાખ્યો છે[૧૫૦] તેથી ડરૂ છું કે મને કતલ કરી નાખે (૩૩) અને મારો ભાઇ હારૂન, તેની ભાષા મારાથી વધારે શુધ્ધ છે તુ તેને મારી સહાય માટે રસૂલ બનાવ કે મારી સત્યતા જાહેર કરે. મને ડર છે કે તેઓ[૧૫૧] મને જૂઠાડશે' (૩૪) ફરમાવ્યું; 'નજીક છે કે અમે તારા બાહુને તારા ભાઇ વડે શક્તિ આપીશું અને તમને બન્નેને વિજય આપીશું તો તેઓ તમારા બન્નેનું કશું નુકશાન નહિ કરી શકે. અમારી નિશાનીઓના કારણે તમે બન્ને અને જે તમને અનુસરશે તેઓ વિજયી થશે[૧૫૨]' (૩૪) પછી જ્યારે મૂસા તેમની પાસે અમારી સ્પષ્ટ નિશાનીઓ લાવ્યો, બોલ્યા; આ તો નથી પણ બનાવટનું જાદુ[૧૫૩] અને અમે અમારા આગલા બાપદાદાઓમાં આવું સાંભળ્યું નથી[૧૫૪] (૩૬)



فِي جَيْبِكَ تَخْرُجْ بَيْضَاءَ مِنْ غَيْرِ سُوءٍ وَاضْمُمْ
إِلَيْكَ جَنَاحَكَ مِنَ الرَّهْبِ فَذَانِكَ بُرْهَانَانِ
مِنْ رَبِّكَ إِلَىٰ فِرْعَوْنَ وَمَلَئِهِ إِنَّهُمْ كَانُوا
قَوْمًا فَاسِقِينَ ۝ قَالَ رَبِّ إِنِّي قَتَلْتُ مِنْهُمْ نَفْسًا
فَأَخَافُ أَنْ يَقْتُلُونِ ۝ وَأَخِي هَارُونُ هُوَ أَفْصَحُ
مِنِّي لِسَانًا فَأَرْسِلْهُ مَعِيَ رِدْءًا يُصَدِّقُنِي إِنِّي
أَخَافُ أَنْ يُكَذِّبُونِ ۝ قَالَ سَنَشُدُّ عَضُدَكَ
بِأَخِيكَ وَنَجْعَلُ لَكُمَا سُلْطَانًا فَلَا يَصِلُونَ إِلَيْكُمَا
بِآيَاتِنَا أَنْتُمَا وَمَنِ اتَّبَعَكُمَا الْغَالِبُونَ ۝ فَلَمَّا جَاءَهُمْ
مُوسَىٰ بِآيَاتِنَا بَيِّنَاتٍ قَالُوا مَا هَٰذَا إِلَّا سِحْرٌ
مُفْتَرًى وَمَا سَمِعْنَا بِهَٰذَا فِي آبَائِنَا الْأَوَّلِينَ ۝

છે. એવું પણ બયાન કરાવામાં આવ્યું છે કે એ કલામ હઝરત મૂસા અલયહિસ્સલામે માત્ર કાનથી જ નહિ પણ શરીર મુબારકના પ્રત્યેક અવયવથી સાંભળ્યું હતું.

૧૪૩. આપે અસો નાખ્યો તો તે સાપ બની ગયો.

૧૪૪. ત્યારે પોકારવામાં આવ્યું...

૧૪૫. કશો ભય નથી.

૧૪૬. પોતાના કુરતાના.

૧૪૭. સૂર્યના કિરણની જેમ. ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે પોતાના હાથ મુબારકને ગરેવાનમાં નાખીને કાઢયો તો તેમાં એવો ચળકાટ હતો કે જેનાથી આંખ ઝંખવાઇ જાય.

૧૪૮. જેથી હાથ પોતાની અસલ હાલત પર આવી જાય અને બ્હીક મટી જાય. હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુમાએ ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલૈહિસ્સલામને છાતી પર હાથ મૂકવાનું એટલા માટે કહ્યું કે સાપ જોયા પછી જે ડર જન્મયો હતો તે મટી જાય. હઝરત મૂસા અલયહિસ્સલામ પછી જે બ્હીકવાળો માણસ પોતાનો હાથ છાતી પર મૂકશે તેની બ્હીક મટી જશે.

૧૪૯. અર્થાત અસો અને ચળકતો હાથ તમારા રસૂલ હોવાની દલીલો છે.

૧૫૦. અર્થાત એક કબ્તી મારા હાથે મરાઇ ગયો છે.

૧૫૧. અર્થાત ફિરઔન અને તેની કોમ.

૧૫૨. ફિરઔન અને તેની કોમ સામે.

وَقَالَ مُوسَىٰ رَبِّيٓ أَعْلَمُ بِمَن جَآءَ بِٱلْهُدَىٰ مِنْ
عِندِهِۦ وَمَن تَكُونُ لَهُۥ عَٰقِبَةُ ٱلدَّارِ ۖ إِنَّهُۥ لَا
يُفْلِحُ ٱلظَّٰلِمُونَ ﴿٣٧﴾ وَقَالَ فِرْعَوْنُ يَٰٓأَيُّهَا ٱلْمَلَأُ
مَا عَلِمْتُ لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرِى فَأَوْقِدْ لِى
يَٰهَٰمَٰنُ عَلَى ٱلطِّينِ فَٱجْعَل لِّى صَرْحًا لَّعَلِّىٓ
أَطَّلِعُ إِلَىٰٓ إِلَٰهِ مُوسَىٰ وَإِنِّى لَأَظُنُّهُۥ مِنَ
ٱلْكَٰذِبِينَ ﴿٣٨﴾ وَٱسْتَكْبَرَ هُوَ وَجُنُودُهُۥ فِى ٱلْأَرْضِ
بِغَيْرِ ٱلْحَقِّ وَظَنُّوٓا۟ أَنَّهُمْ إِلَيْنَا لَا يُرْجَعُونَ ﴿٣٩﴾
فَأَخَذْنَٰهُ وَجُنُودَهُۥ فَنَبَذْنَٰهُمْ فِى ٱلْيَمِّ ۖ فَٱنظُرْ
كَيْفَ كَانَ عَٰقِبَةُ ٱلظَّٰلِمِينَ ﴿٤٠﴾ وَجَعَلْنَٰهُمْ أَئِمَّةً
يَدْعُونَ إِلَى ٱلنَّارِ ۖ وَيَوْمَ ٱلْقِيَٰمَةِ لَا يُنصَرُونَ ﴿٤١﴾

**અને મૂસાએ ફરમાવ્યું, 'મારો રબ ખૂબ જાણે છે જે તેની પાસેથી હિદાયત લાવ્યો[૧૫૫] અને જેના માટે આખેરતનું ઘર હશે[૧૫૬] બેશક ! જુલ્મીઓનો હેતુ સર થતો નથી[૧૫૭] (૩૭) અને ફિરઔન બોલ્યો; 'અય દરબારીઓ ! હું તમારા માટે મારા સિવાય (અન્ય) કોઇ ખુદા જાણતો નથી, તો અય હામાન ! મારા માટે ગારો પાકો કરીને[૧૫૮] એક મહેલ[૧૫૯] બનાવ કે કદાચ હું મૂસાના ખુદાને ભાળી આવું[૧૬૦] અને બેશક ! મારા ખ્યાલ મુજબ તો એ[૧૬૧] જૂઠો છે[૧૬૨] (૩૮) અને તેણે અને તેના સિપાહીઓએ ધરતીમાં અયોગ્ય મોટાઇ ઇચ્છી[૧૬૩] અને સમજયા કે તેઓને અમારી તરફ પરત થવાનું નથી (૩૯) તો અમે તેને અને તેના સૈન્યને પકડીને દરિયામાં ફેંકી દીધું[૧૬૪]. તો જુઓ કેવું પરિણામ આવ્યું અત્યાચારીઓનું (૪૦) અને તેઓને અમે[૧૬૫] દોઝખીઓના આગેવાન બનાવ્યા કે આગ તરફ નોતરે છે[૧૬૬] અને કયામતના દિવસે તેમની મદદ નહિ થાય (૪૧)**

૧૫૩. તે અભાગિયાઓએ મો'જિઝાઓનો નકાર કર્યો અને તેને જાદુ કહ્યું. તેમનો હેતુ એ હતો કે જેવી રીતે જાદુના બધા જ પ્રકારો અસત્ય હોય છે તેવી જ રીતે મુઆઝલ્લાહ આ પણ છે.

૧૫૪. અર્થાત આપની પહેલાં આવું કદી કરવામાં આવ્યું નથી. અથવા એ અર્થ છે કે જે નિમંત્રણ તમે અમને આપો છો તે એવી નવી વાત છે કે અમારા બાપ-દાદામાં પણ આવી વાત સાંભળવામાં આવી નથી.

૧૫૫. અર્થાત જે સત્ય પર છે અને અલ્લાહ તઆલાએ જેને નબુવ્વતથી પાવન કર્યો છે.

૧૫૬. અને તે ત્યાંની રહમતો અને નેઅમતોથી નવાઝવામાં આવશે.

૧૫૭. અર્થાત કાફિરોને આખેરતની સફળતા પ્રાપ્ત થવાની નથી.

૧૫૮. ઇંટો બનાવ. કહેવાય છે કે દુનિયામાં સર્વ પ્રથમ ઇંટ બનાવનાર એ જ હતો આ કારીગરી ત્યાર પહેલાં ન હતી.

૧૫૯. ખૂબ ઊંચો.

૧૬૦. જેમકે પછી હામાને હજારો કારીગરો અને મજૂરો ભેગા કર્યા, ઇંટો બનાવડાવી અને ઇમારતનો સામાન ભેગો કરીને એટલી ઊંચી ઇમારત બનાવડાવી કે દુનિયામાં બીજી કોઇ ઇમારત એટલી ઊંચી ન હતી. મુઆઝલ્લાહ ફિરઔને એવું વિચાર્યું હતું કે અલ્લાહ તઆલાનું પણ શરીર હશે તેનું પણ ઘર હશે એટલે તેના સુધી એ પહોંચી શકશે.

૧૬૧. અર્થાત મૂસા અલયહિસ્સલામ.

૧૬૨. પોતાની એ વાતમાં કે તેનો એક મઅબૂદ છે જેણે તેને પોતાનો રસૂલ બનાવીને આપણી પાસે

અને આ દુનિયામાં તેમની પાછળ લઅનત લગાડી દીધી[167] અને કયામતના દિવસે તેમનું ખરાબ (થવાનું) છે (૪૨) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી[168] આગલાં જુથો[169] નો વિનાશ કર્યો પછી. જેમાં લોકોના દિલની આંખો ઉઘાડનાર વાતો અને હિદાયત અને રહમત (છે) જેથી તેઓ શિખામણ માને (૪૩) અને તમે[170] તૂરની પશ્ચિમ દિશામાં ન હતા[171] જ્યારે કે અમે મૂસાને રિસાલતનો હુકમ મોકલ્યો[172] અને તે સમયે તમે હાજર ન હતા (૪૪) પણ થયું આમ કે અમે જુથો બનાવ્યાં[173] કે તેમને લાંબો સમય વિતી ગયો[174] અને ન તમે મદયનવાળાઓમાં રહેતા હતા તેમની ઉપર અમારી આયતો પઢતા. હા ! અમે રસૂલ બનાવનાર થયા[175] (૪૫) અને ન તમે તૂરના છેડે હતા જ્યારે અમે પોકાર્યું[176], હા ! તમારા રબની મહેરબાની છે (કે તમને ગૈબની જાણકારી આપી) [177] જેથી તમે એવી કોમને ડર સંભળાવો જેમની પાસે તમારાથી પહેલાં કોઇ ડર સંભળાવનાર આવ્યો નથી[178] એવી આશાએ કે તેમને નસીહત થાય (૪૬) અને જો



وَأَتْبَعْنٰهُمْ فِي هٰذِهِ الدُّنْيَا لَعْنَةً وَيَوْمَ الْقِيٰمَةِ
هُمْ مِّنَ الْمَقْبُوحِينَ ﴿٤٢﴾ وَلَقَدْ اٰتَيْنَا مُوسَى الْكِتٰبَ
مِنْ بَعْدِ مَا أَهْلَكْنَا الْقُرُونَ الْأُولٰى بَصَآئِرَ لِلنَّاسِ
وَهُدًى وَّرَحْمَةً لَّعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٤٣﴾ وَمَا كُنْتَ
بِجَانِبِ الْغَرْبِيِّ إِذْ قَضَيْنَآ إِلٰى مُوسَى الْأَمْرَ وَمَا
كُنْتَ مِنَ الشّٰهِدِينَ ﴿٤٤﴾ وَلٰكِنَّآ أَنْشَأْنَا قُرُونًا
فَتَطَاوَلَ عَلَيْهِمُ الْعُمُرُ وَمَا كُنْتَ ثَاوِيًا فِيٓ أَهْلِ
مَدْيَنَ تَتْلُوا عَلَيْهِمْ اٰيٰتِنَا وَلٰكِنَّا كُنَّا مُرْسِلِينَ ﴿٤٥﴾
وَمَا كُنْتَ بِجَانِبِ الطُّورِ إِذْ نَادَيْنَا وَلٰكِنْ رَّحْمَةً
مِّنْ رَّبِّكَ لِتُنْذِرَ قَوْمًا مَّآ أَتٰىهُمْ مِّنْ نَّذِيرٍ مِّنْ
قَبْلِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٤٦﴾ وَلَوْلَآ أَنْ تُصِيبَهُمْ

મોકલ્યો છે.

૧૬૩. અને સત્યને માન્યું નહિ અને અસત્ય પર રહ્યા.

૧૬૪. અને બધા ડૂબી ગયા.

૧૬૫. દુનિયામાં.

૧૬૬. અર્થાત કુફ્ર અને ગુન્હાઓ તરફ બોલાવે છે જેનાથી જહન્નમના અઝાબને લાયક ઠરે છે અને જે એમના કહ્યા મુજબ ચાલે તે પણ જહન્નમી બની જાય.

૧૬૭. અર્થાત અપમાન અને રહમતથી દૂરી.

૧૬૮. અર્થાત તવરાત.

૧૬૯. જેમકે કોમે નૂહ, આદ અને ષમૂદ વિગેરે.

૧૭૦. અય સય્યિદે અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૭૧. તે હઝરત મૂસા અલયહિસ્સલામનું મીકાત હતું.

૧૭૨. અને તેમની સાથે વાત કરી અને તેમને નિકટતા આપી.

૧૭૩. અર્થાત ઘણી ઉમ્મતો મૂસા અલયહિસ્સલામ પછી.

૧૭૪. પછી તે અલ્લાહને આપેલું વચન ભૂલી બેઠા અને તેમણે તેની આજ્ઞાઓનું પાલન કરવાનું છોડી દીધુ. અને હકીકત એની આ મુજબ છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ અને તેમની કોમ પાસેથી સય્યિદે આલમ મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમ વિષે અને આપની ઉપર ઇમાન

(આવું) ન હોત કે કદીક એમને કોઇ મુસીબત[૧૭૯] પહોંચત તેના કારણે જે એમના હાથોએ આગળ મોકલ્યું[૧૮૦] તો કહેત; 'અય અમારા રબ ! તેં અમારી તરફ કોઇ રસૂલ કેમ મોકલ્યો નહિ કે (જેથી) અમે તારી આયતોને અનુસરત અને ઇમાન લાવત[૧૮૧] (૪૭) પછી જ્યારે એમની પાસે સત્ય આવ્યું[૧૮૨] અમારી તરફથી (ત્યારે) બોલ્યા[૧૮૩], 'જે મૂસાને આપવામાં આવ્યું[૧૮૪] તે આમને કેમ આપવામાં આવ્યું નહિ?' શું જે પહેલા મૂસાને આપવામાં આવ્યું તેને નકારનાર બન્યા ન હતા?[૧૮૫] બોલ્યા; 'બે જાદુ છે એકબીજાની પાછળ' અને બોલ્યા; 'અમે બન્નેને નકારીએ છીએ'[૧૮૬] (૪૮) તમે કહો; 'તો અલ્લાહ પાસેથી કોઇ કિતાબ લઇ આવો જે આ બન્ને કિતાબોથી વધારે માર્ગદર્શક હોય,[૧૮૭] હું તેને અનુસરીશ, જો તમે સાચા હોવ[૧૮૮] (૪૯) પછી જો તેઓ તમારૂં આ કહેવું સ્વીકારે નહિ[૧૮૯] તો જાણી લો કે[૧૯૦] બસ તેઓ પોતાની મનેચ્છાને અનુસરે છે. અને તેનાથી વધીને ભટકેલો કોણ જે પોતાની મનેચ્છાને અનુસરે અલ્લાહના માર્ગદર્શનથી અલગ? બેશક ! અલ્લાહ માર્ગ દેખાડતો નથી જુલ્મીઓને (૫૦) અને બેશક ! અમે તેમના માટે વાત સળંગ ઉતારી[૧૯૧] કે તેઓ ધ્યાન આપે (૫૧)

امن خلق ٢٠ — القصص ٢٨

مُّصِيبَةٌ بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ فَيَقُولُوا رَبَّنَا لَوْلَا
أَرْسَلْتَ إِلَيْنَا رَسُولًا فَنَتَّبِعَ آيَاتِكَ وَنَكُونَ مِنَ
الْمُؤْمِنِينَ ﴿٤٧﴾ فَلَمَّا جَاءَهُمُ الْحَقُّ مِنْ عِندِنَا قَالُوا
لَوْلَا أُوتِيَ مِثْلَ مَا أُوتِيَ مُوسَىٰ ۚ أَوَلَمْ يَكْفُرُوا بِمَا أُوتِيَ
مُوسَىٰ مِن قَبْلُ ۖ قَالُوا سِحْرَانِ تَظَاهَرَا وَقَالُوا
إِنَّا بِكُلٍّ كَافِرُونَ ﴿٤٨﴾ قُلْ فَأْتُوا بِكِتَابٍ مِّنْ عِندِ اللَّهِ
هُوَ أَهْدَىٰ مِنْهُمَا أَتَّبِعْهُ إِن كُنتُمْ صَادِقِينَ ﴿٤٩﴾
فَإِن لَّمْ يَسْتَجِيبُوا لَكَ فَاعْلَمْ أَنَّمَا يَتَّبِعُونَ
أَهْوَاءَهُمْ ۚ وَمَنْ أَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوَاهُ بِغَيْرِ هُدًى
مِّنَ اللَّهِ ۚ إِنَّ اللَّهَ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ﴿٥٠﴾
وَلَقَدْ وَصَّلْنَا لَهُمُ الْقَوْلَ لَعَلَّهُمْ يَتَذَكَّرُونَ ﴿٥١﴾

લાવવા બાબત વચન લીધું હતું, જ્યારે લાંબો સમય વિતી ગયો અને ઉમ્મતો પછી ઉમ્મતો આવી ગઇ ત્યારે તે લોકો આ વચનને ભૂલી ગયા અને તેનુ પાલન કરવાનું છોડી દીધું.

૧૭૫. તો અમે આપને ઇલ્મ આપ્યું અને આગલાઓની વાતોના જાણકાર બનાવ્યા.

૧૭૬. હઝરત મૂસા અલયહિસ્સલામને તવરાત આપતી વખતે.

૧૭૭. જેના વડે તમે તેમની વાતો કહો છો આપનું આ વાતોનું વર્ણન કરવું એ આપના નબી હોવાની દલીલ છે.

૧૭૮. એ કોમ એટલે મકકાવાસીઓ જેઓ 'ફતરહ' સમયમાં હતા જે હઝરત ઇસા અલયહિસ્સલામ થી લઇને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સુધી ૫૫૦ વરસોનો છે.

૧૭૯. અઝાબ અને સજા.

૧૮૦. અર્થાત જે કુફ્ર અને ગુન્હાઓ તેમણે કર્યા.

૧૮૧. આયતનો મતલબ એ છે કે રસૂલોને મોકલવા એ દલીલને પૂર્ણ કરવા માટે છે કે તેમને (કાફિરોને) એવું બહાનું કાઢવાનું કારણ ન મલે કે અમારી પાસે રસૂલ મોકલવામાં આવ્યા નથી જો રસૂલ આવત તો અમને (આ બધી હકીકતો) ની અવશ્ય ખબર હોત અને અમે ઇમાન લઇ આવ્યા હોત.

૧૮૨. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ.

૧૮૩. મક્કાના કાફિરો.

૧૮૪. અર્થાત આપને કુરઆન શરીફ એક સામટું શા માટે આપવામાં આવ્યું નહિ, જેવી રીતે કે

الَّذِينَ آتَيْنَاهُمُ الْكِتَابَ مِنْ قَبْلِهِ هُمْ بِهِ يُؤْمِنُونَ ۝
وَإِذَا يُتْلَىٰ عَلَيْهِمْ قَالُوا آمَنَّا بِهِ إِنَّهُ الْحَقُّ مِنْ
رَبِّنَا إِنَّا كُنَّا مِنْ قَبْلِهِ مُسْلِمِينَ ۝ أُولَٰئِكَ يُؤْتَوْنَ
أَجْرَهُمْ مَرَّتَيْنِ بِمَا صَبَرُوا وَيَدْرَءُونَ بِالْحَسَنَةِ
السَّيِّئَةَ وَمِمَّا رَزَقْنَاهُمْ يُنْفِقُونَ ۝ وَإِذَا سَمِعُوا
اللَّغْوَ أَعْرَضُوا عَنْهُ وَقَالُوا لَنَا أَعْمَالُنَا وَلَكُمْ
أَعْمَالُكُمْ سَلَامٌ عَلَيْكُمْ لَا نَبْتَغِي الْجَاهِلِينَ ۝ إِنَّكَ
لَا تَهْدِي مَنْ أَحْبَبْتَ وَلَٰكِنَّ اللَّهَ يَهْدِي مَنْ
يَشَاءُ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ۝ وَقَالُوا إِنْ نَتَّبِعِ
الْهُدَىٰ مَعَكَ نُتَخَطَّفْ مِنْ أَرْضِنَا أَوَلَمْ نُمَكِّنْ لَهُمْ
حَرَمًا آمِنًا يُجْبَىٰ إِلَيْهِ ثَمَرَاتُ كُلِّ شَيْءٍ رِزْقًا مِنْ

જેમને અમે આનાથી પહેલાં[૧૯૨] કિતાબ આપી તેઓ તેના પર ઇમાન લાવે છે (૫૨) અને જ્યારે તેમના પર આ આયતો પઢવામાં આવે છે (ત્યારે) કહે છે, 'અમે ! આના પર ઇમાન લાવ્યા બેશક ! આજ સત્ય છે અમારા રબ પાસેથી અમે આ પહેલાં જ ગરદન નમાવી ચૂકયા હતા[૧૯૩]' (૫૩) તેમને તેમનો બદલો ડબલ આપવામાં આવશે[૧૯૪] બદલો તેમની સબરનો[૧૯૫] અને તેઓ ભલાઇ દ્વારા બુરાઇને ટાળે છે[૧૯૬] અને અમારા આપેલામાંથી કંઇક અમારા રસ્તામાં વાપરે છે[૧૯૭] (૫૪) અને જ્યારે બેહૂદી વાત સાંભળે છે (ત્યારે) તેનાથી આંખ આડા કાન કરે છે[૧૯૮] અને કહે છે; અમારાં માટે અમારાં કર્મો અને તમારા માટે તમારાં કર્મો બસ તમારી ઉપર સલામ[૧૯૯] અમને જાહિલો સાથે કશી લેવા દેવા નથી[૨૦૦] (૫૫) બેશક ! આ (વાત) નથી કે તમે જેને પોતાના તરફથી ઇચ્છો તેને હિદાયત આપી દો, હા ! અલ્લાહ જેને ઇચ્છે તેને હિદાયત આપે છે અને તે હિદાયતવાળાંઓને ખૂબ જાણે છે[૨૦૧] (૫૬) અને કહે છે; 'જો અમે તમારી સાથે હિદાયતને અનુસરીએ તો લોકો અમારા દેશમાંથી અમને ઝડપીને લઇ જશે[૨૦૨]' શું અમે તેમને આશ્રયવાળા હરમમાં જગ્યા આપી નથી?[૨૦૩] જેના ભણી

હઝરત મૂસા અલયહિસ્સાલમને આખી તવરૈત એક સામટી આપી દેવામાં આવી હતી. અથવા એવો અર્થ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અસા અને યદે બયઝા જેવા મુઅજિઝાઓ કેમ આપવામાં આવ્યા નહિ. અલ્લાહ તઆલા ફરમાવે છે...

૧૮૫. યહૂદીઓએ કુરેશીઓને સંદેશો પાઠવ્યો કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે હઝરત મૂસા અલયહિસ્સલામ જેવા મુઅજિઝાઓની માંગણી કરો. ત્યારે આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે જે યહૂદીઓએ આ સવાલ કરાવ્યો છે. તેઓ શું હઝરત મૂસા અલયહિસ્સલામના અને તેમને જે અલ્લાહ તરફથી આપવામાં આવ્યું તેના મુન્કિર બન્યા નથી?

૧૮૬. અર્થાત તવરાતના પણ અને કુરઆનના પણ. આ બન્નેને એમણે જાદુ કહ્યું. અને એક કિરાઅ-તમાં (આયતમાં સિહરાને શબ્દને બદલે) સાહિરાને (શબ્દ) આવ્યો છે એ મુજબ અર્થ એવો થશે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને હઝરત મૂસા અલૈહિસ્સલામ બંને (તેમના કહેવા) મુજબ જાદૂગર છે.

**શાને નુઝૂલ :-** મક્કાના મુશ્રિકોએ મદીનાના યહૂદીઓ પાસે સંદેશાવાહક મોકલીને પૂછયું કે; શું હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે આગલી કિતાબોમાં કંઇ વર્ણન છે? ત્યારે યહૂદીઓએ કહ્યું કે; હા ! હુઝૂરના વખાણ અને વર્ણન તેમની કિતાબ તવરાતમાં છે. આ ખબર કુરેશને મળી ત્યારે તેઓ કહેવા લાગ્યા કે હુઝૂર અને હઝરત મૂસા બન્ને જાદુગરો છે એમાં એક બીજાનો મદદગાર છે. ત્યારે અલ્લાહ તઆલાએ એ બાબત ફરમાવ્યું...

૧૮૭. અર્થાત તવરાત અને કુરઆનથી.

૧૮૮. તમારી એ વાતમાં કે એ બન્ને જાદુ અથવા જાદુગરો છે. આમાં એ વાતનો નિર્દેશ છે કે તેઓ આના જેવી કિતાબ લાવવા માટે તદ્દન અશક્ત છે જેમકે આગળ ફરમાવવામાં આવે છે...

૧૮૯. અને આવી કિતાબ લાવી શકે નહિ.

૧૯૦. તેમની પાસે કોઇ દલીલ નથી.

૧૯૧. અર્થાત કુરઆન શરીફ એમની પાસે લગાતાર એક પછી એક (આયત કે સૂરત) તરીકે આવ્યું વાયદાઓ, વઇદો, બનાવો, બોધપાઠો, નસીહતો કે જેથી સમજે અને ઇમાન લાવે.

૧૯૨. અર્થાત કુરઆન શરીફ યા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી પહેલાં.

**શાને નુઝૂલ** :- આ આયત એહલે કિતાબમાંથી ઇમાન લાવનાર હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો વિષે ઉતરી. અને એક કથન એવું છે કે તે ઇન્જીલને માનનારાઓ વિષે ઉતરી જેઓ હબશા થી આવીને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવ્યા, તેઓ ૪૦ વ્યક્તિઓ હતી જેઓ હઝરત જઅફર બિન અબી તાલિબ સાથે આવ્યા હતા જ્યારે તેમણે મુસલમાનોની પરિસ્થિતિ અને ગરીબી નિહાળી ત્યારે હુઝૂરને વિનંતી કરી કે અમારી પાસે ધનદોલત છે હુઝૂર આજ્ઞા આપે તો અમે જઇને તે લઇ આવીએ અને તેનાથી મુસલમાનોની સેવા કરીએ. હુઝૂરે રજા આપી અને તેઓ જઇને પોતાની સંપત્તિઓ લઇ આવ્યા અને તેનાથી મુસલમાનોની સેવા કરી તેમના વિષે આ આયતો 'મિમ્મા રઝકનાહુમ યુનફિકૂન' સુધી ઉતરી. હઝરત અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે આ આયતો તેજ એહલે કિતાબ વિષે ઉતરી જેમનામાં ૪૦ નજરાનના ૩૨ હબશાના અને ૮ શામના હતા.

૧૯૩. અર્થાત કુરઆન ઉતરતાં પહેલાં જ અમે હબીબે ખુદા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન ધરાવતા હતા કે આપ સાચા નબી છે કારણ કે તવરાત અને ઇન્જીલમાં આપનું વર્ણન છે.

૧૯૪. કારણ કે તેઓ આગલી કિતાબ પર પણ ઇમાન લાવ્યા અને કુરઆન શરીફ પર પણ.

૧૯૫. કે તેમણે પોતાના દીન પર પણ સબર કર્યો અને કાફિરોની ઇજાઓ ઉપર પણ. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે ત્રણ પ્રકારના લોકો એવા છે જેમને ડબલ બદલો મળશે એક એહલે કિતાબનો, તે માણસ જે પોતાના નબી પર પણ ઇમાન લાવ્યો અને હુઝૂરની ઉપર પણ. બીજો તે ગુલામ જેણે અલ્લાહનો હક પણ પુરો કર્યો અને પોતાના માલિક નો પણ ત્રીજો જેની પાસે લોંડી હતી જેની સાથે સંભોગ કરતો હતો પછી તેને સારો અદબ શિખવ્યો સારી તાલીમ આપી અને આઝાદ કરીને તેણી સાથે નિકાહ કર્યો તેના માટે પણ ડબલ બદલો છે.

૧૯૬. આજ્ઞા પાલન દ્વારા ગુનાહોને અને ધીરજ દ્વારા ઇજાને. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે; તવહીદની શહાદત એટલે કે અશહદુ અન લાઇલાહ ઇલ્લલ્લાહ દ્વારા શિર્કને.

૧૯૭. સારા માર્ગે એટલે કે સદકો કરે છે.

૧૯૮. મુશ્રિકો મક્કા મુકર્રમાના ઇમાનદારોને પોતાનો (જુનો) ધર્મ છોડી ઇસ્લામ સ્વીકારવા બદલ ગાળો દેતા અને બુરૂં ભલું કહેતા હતા (પણ) પેલા લોકો એમની બેહૂદી વાતો સાંભળી તેને ધ્યાન પર લેતા ન હતા.

૧૯૯. એટલે કે અમે તમારી નકામી વાતોનો અને ગાળોનો જવાબ નકામી વાતો અને ગાળોથી દેવાના નથી.

૨૦૦. તેમની સાથે બેઠક ઉઠક મેળમિલાપ ઇચ્છતા નથી અમને જાહિલો જેવાં કામો ગમતાં નથી.

**(નુસિખ ઝાલિક બિલ્ કિતાલ)**

૨૦૧. જેમના માટે તેણે હિદાયત લખી રાખેલી છે જેઓ દલીલોથી લાભ ઉઠાવનાર અને સાચી વાત

દરેક વસ્તુનાં ફળ લાવવામાં આવે છે અમારી પાસેની રોઝી. પણ તેમનામાંના વધારેને જાણકારી નથી[૨૦૪]? (૫૭) અને કેટલાં શહેરોનો અમે વિનાશ કરી નાખ્યો જેઓ પોતાના એશ પર ઇતરાઇ ગયા હતા[૨૦૫] તો આ રહ્યા તેમનાં ઘરો[૨૦૬] કે તેમની પાછળ તેમાં વસવાટ થયો નથી પણ ઓછો[૨૦૭]. અને અમે જ વારસદાર છીએ[૨૦૮] (૫૮) અને તમારો રબ શહેરોનો વિનાશ કરતો નથી જ્યાં સુધી કે તેમના કેન્દ્રસ્થાનમાં રસૂલ મોકલે નહિ[૨૦૯] જે તેમની સમક્ષ અમારી આયતો પઢે[૨૧૦] અને અમે શહેરોનો વિનાશ કરતા નથી પણ જ્યારે કે ત્યાંના રહીશો અત્યાચારી હોય[૨૧૧] (૫૯) અને જે કંઇ વસ્તુ તમને આપવામાં આવી છે તે પાર્થિય જીવનનો વપરાશ અને શણગાર[૨૧૨] છે અને જે અલ્લાહ પાસે છે[૨૧૩] તે વધારે બાકી રહેનાર[૨૧૪] અને ઉત્તમ છે તો શું તમને બુધ્ધિ નથી[૨૧૫]? (૬૦) તો શું તે જેને અમે સારો વાયદો કર્યો[૨૧૬], અને તે એને મળશે, તેની જેવો છે જેને અમે દુન્યવી જીવનનો વપરાશ વાપરવા આપ્યો પછી તે કયામતના દિવસે પકડીને પ્રત્યક્ષ લાવવામાં આવશે[૨૧૭]? (૬૧) અને જે દિવસે એમને પોકારશે[૨૧૮] તો ફરમાવશે; 'ક્યાં છે તેઓ જેમને તમે[૨૧૯] મારા ભાગીદાર સમજતા હતા?' (૬૨)

امن خلق ٢٠ — القصص ٢٨

لَّدُنَّا وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ۝ وَكَمْ اَهْلَكْنَا
مِنْ قَرْيَةٍۢ بَطِرَتْ مَعِيْشَتَهَا ۚ فَتِلْكَ مَسٰكِنُهُمْ
لَمْ تُسْكَنْ مِّنْۢ بَعْدِهِمْ اِلَّا قَلِيْلًا ۭ وَكُنَّا نَحْنُ الْوٰرِثِيْنَ ۝
وَمَا كَانَ رَبُّكَ مُهْلِكَ الْقُرٰى حَتّٰى يَبْعَثَ فِيْٓ اُمِّهَا
رَسُوْلًا يَّتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ۚ وَمَا كُنَّا مُهْلِكِي الْقُرٰٓى
اِلَّا وَاَهْلُهَا ظٰلِمُوْنَ ۝ وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ
فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا وَزِيْنَتُهَا ۚ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ
وَّاَبْقٰى ۭ اَفَلَا تَعْقِلُوْنَ ۝ اَفَمَنْ وَّعَدْنٰهُ وَعْدًا
حَسَنًا فَهُوَ لَاقِيْهِ كَمَنْ مَّتَّعْنٰهُ مَتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا
ثُمَّ هُوَ يَوْمَ الْقِيٰمَةِ مِنَ الْمُحْضَرِيْنَ ۝ وَيَوْمَ يُنَادِيْهِمْ
فَيَقُوْلُ اَيْنَ شُرَكَاۗءِيَ الَّذِيْنَ كُنْتُمْ تَزْعُمُوْنَ ۝

સ્વીકારનારા છે.

**શાને નુઝૂલ :-** મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરેરહ રદીયલ્લાહુ તઆલા અન્હૂની રિવાયત છે કે; આ આયત અબૂ તાલિબ વિષે ઉતરી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને તેમના મૃત્યુ સમયે કહ્યું; 'અય કાકા ! લાઇલાહ ઇલ્લલ્લાહ કહો, કયામતના દિવસે હું તમારો સાક્ષી બનીશ.' તેમણે કહ્યું; 'જો મને કુરેશના મ્હેણાં ટોણાની બ્હીક હોત નહિ તો હું અવશ્ય ઇમાન લાવીને તમારી આંખોને ટાઢક આપત.' ત્યાર પછી તેમણે અમુક કાવ્ય પંક્તિઓ ઉચ્ચારી જેનો અર્થ નીચે મુજબ છે;

"હું ખાત્રીપૂર્વક જાણુ છું કે મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)નો ધર્મ સર્વ જગતના ધર્મો કરતાં વધારે સારો છે જો મ્હેણાં ટોણા અને બદગોઇની બ્હીક હોત નહિ તો હું ઘણી જ સફાઇપૂર્વક આ ધર્મને સ્વીકારી લેત."

ત્યારપછી અબૂતાલિબનું મૃત્યુ થયું. તે બાબત આ આયત ઉતરી.

૨૦૨. એટલે કે અરબની ધરતી પરથી તદ્દન કાઢી મૂકશે.

**શાને નુઝૂલ :-** આ આયત હારિસ બિન ઉસ્માન બિન નવફલ બિન અબ્દે મુનાફ વિષે ઉતરી તેણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; એ તો અમે ચોક્કસપણે જાણીએ છીએ કે જે તમે કહો છો તે સત્ય છે પણ જો અમે આપના ધર્મને સ્વીકારી લઇએ તો અમને ભય છે કે અરબના લોકો અમને દેશનિકાલ કરી દે અને અમને અમારા દેશમાં રહેવા દેશે નહિ. આ આયતમાં એનો જવાબ આપવામાં આવ્યો છે.

૨૦૩. જ્યાંના રહીશો કતલ અને લૂંટફાટથી આશ્રય પામેલા છે અને જ્યાં જાનવરો અને ઘાસ સુધ્ધાંને

قَالَ الَّذِينَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ رَبَّنَا هٰؤُلَاءِ الَّذِينَ
أَغْوَيْنَا أَغْوَيْنٰهُمْ كَمَا غَوَيْنَا تَبَرَّأْنَا إِلَيْكَ مَا كَانُوا
إِيَّانَا يَعْبُدُونَ ﴿٦٣﴾ وَقِيلَ ادْعُوا شُرَكَاءَكُمْ
فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيبُوا لَهُمْ وَرَأَوُا الْعَذَابَ
لَوْ أَنَّهُمْ كَانُوا يَهْتَدُونَ ﴿٦٤﴾ وَيَوْمَ يُنَادِيهِمْ فَيَقُولُ
مَاذَا أَجَبْتُمُ الْمُرْسَلِينَ ﴿٦٥﴾ فَعَمِيَتْ عَلَيْهِمُ الْأَنْبَاءُ
يَوْمَئِذٍ فَهُمْ لَا يَتَسَاءَلُونَ ﴿٦٦﴾ فَأَمَّا مَنْ تَابَ
وَآمَنَ وَعَمِلَ صَالِحًا فَعَسٰى أَنْ يَكُونَ مِنَ
الْمُفْلِحِينَ ﴿٦٧﴾ وَرَبُّكَ يَخْلُقُ مَا يَشَاءُ وَيَخْتَارُ مَا
كَانَ لَهُمُ الْخِيَرَةُ سُبْحٰنَ اللّٰهِ وَتَعٰلٰى عَمَّا
يُشْرِكُونَ ﴿٦٨﴾ وَرَبُّكَ يَعْلَمُ مَا تُكِنُّ صُدُورُهُمْ وَمَا

જેમની ઉપર વાત પુરવાર થઇ ચૂકી[૨૨૦]?' તેઓ કહેશે; 'અય અમારા રબ ! આ છે તેઓ જેમને અમે ભટકાવ્યા. એમને અમે ભટકાવ્યા જેવી રીતે કે અમે પોતે પણ ભટક્યા હતા,[૨૨૧] અમે એમનાથી બેઝાર થઇને તારી તરફ કેન્દ્રિત થઇએ છીએ, તેઓ અમને પૂજતા ન હતા[૨૨૨] (૬૩) અને તેમને કહેવામાં આવશે; 'પોતાના શરીકોને પોકારો[૨૨૩]' તો તેઓ પોકારશે પણ પેલાઓ એમનું સાંભળશે નહિ અને અઝાબ દેખશે. કેવું સારૂં થાત જો તેઓ માર્ગ મેળવત[૨૨૪] (૬૪) અને જે દિવસે તેમને પોકારશે તો ફરમાવશે[૨૨૫]; 'તમે રસૂલોને શું જવાબ આપ્યો?[૨૨૬] (૬૫) તો તે દિવસે તેમના માટે ખબરો આંધળી બની જશે[૨૨૭] તો તેઓ કશી પૂછપરછ નહિ કરે[૨૨૮] (૬૬) તો તે જેણે તવબહ કરી[૨૨૯] અને ઇમાન લાવ્યો[૨૩૦] અને સારૂં કામ કર્યું નજીક છે કે તે માર્ગ મેળવે (૬૭) અને તમારો રબ જે ઇચ્છે તે સર્જે છે અને પસંદ ફરમાવે છે[૨૩૧] પેલાઓનો[૨૩૨] કશો અખત્યાર નથી. પવિત્રતા અને ઉચ્ચતા છે અલ્લાહને તેમના શિર્કથી (૬૮) અને તમારો

આશ્રય મળેલો છે.

૨૦૪. અને તેઓ પોતાની અજ્ઞાનતાના કારણે જાણતા નથી કે એ રોજી અલ્લાહ તરફથી છે. જો એટલી સમજ હોત તો જાણત કે ખોફ અને શાંતિ પણ અલ્લાહ તરફથી છે અને ઇમાન લાવવા બદલ દેશનિકાલનો ભય રાખત નહિ.

૨૦૫. અને તેમણે બળવાખોરી અખત્યાર કરી હતી રોજી અલ્લાહની આપેલી ખાતા અને પૂજતા મૂર્તિઓને. મક્કાવાસીઓને એવી કોમના ખરાબ પરિણામનો ભય દેખાડવામાં આવે છે જેમની હાલત એમના જેવી જ હતી કે અલ્લાહની નેઅમતો મેળવતા અને આભાર માનતા નહિ અને એ નેઅમતો પર ઇતરાતા. તેઓનો નાશ કરી દેવાયો.

૨૦૬. જેનાં ચિન્હો બાકી છે અને અરબના લોકો પોતાની સફરોમાં તેને જુએ છે.

૨૦૭. કે કોઇ મુસાફર અથવા વટેમાર્ગુ તેમની અંદર થોડી વાર માટે રોકાઇ છે ફરી પાછાં ખાલી પડે છે.

૨૦૮. તે મકાનોના. અર્થાત ત્યાંના રહીસો એવી રીતે હલાક કરવામાં આવ્યા કે તેમની પાછળ તેમના કોઇ વારસદારો બાકી રહ્યા નહિ હવે અલ્લાહ સિવાય એ ઘરોનું કોઇ વારસદાર નથી મખ્લૂકની ફના પછી તે જ બધાંનો વારસદાર છે.

૨૦૯. અર્થાત કેન્દ્રસ્થાને અમુક તફસીરકારોએ કહ્યું છે કે 'ઉમ્મુલ કુરા' નો મતલબ મક્કા મુકર્રમા છે અને રસૂલેનો મતલબ ખાતિમુલ અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ છે.

૨૧૦. અને તેમને તબ્લીગ કરે અને ખબર આપે કે જો તેઓ ઇમાન નહિ લાવે તો તેમને અઝાબ

يعلنون ﴿٦٩﴾ وهو الله لا إله إلا هو له الحمد في
الأولى والآخرة وله الحكم وإليه ترجعون ﴿٧٠﴾
قل أرأيتم إن جعل الله عليكم الليل سرمدا
إلى يوم القيامة من إله غير الله يأتيكم
بضياء أفلا تسمعون ﴿٧١﴾ قل أرأيتم إن جعل
الله عليكم النهار سرمدا إلى يوم القيامة من
إله غير الله يأتيكم بليل تسكنون فيه
أفلا تبصرون ﴿٧٢﴾ ومن رحمته جعل لكم الليل
والنهار لتسكنوا فيه ولتبتغوا من فضله ولعلكم
تشكرون ﴿٧٣﴾ ويوم يناديهم فيقول أين
شركاءي الذين كنتم تزعمون ﴿٧٤﴾ ونزعنا

પરવરદિગાર જાણે છે જે તેમના સીનાઓમાં છુપાએલું છે[૨૩૩] અને જે જાહેર કરે છે[૨૩૪] (૬૯) અને તે જ છે અલ્લાહ કે તેના સિવાય કોઇ ખુદા નથી તેના જ વખાણ છે દુનિયા[૨૩૫] અને આખેરતમાં અને તેનો જ હુકમ છે[૨૩૬] અને તેની તરફ જ પરત થશો (૭૦) તમે ફરમાવો;[૨૩૭] જુઓ તો ખરા જો અલ્લાહ હમેશાં તમારી ઉપર કયામત સુધી રાત રાખે[૨૩૮] તો અલ્લાહ સિવાય કોણ ખુદા છે જે તમને પ્રકાશ લાવી દે[૨૩૯] તો શું તમે સાંભળતા નથી[૨૪૦]? (૭૧) તમે ફરમાવો; જુઓ તો ખરા ! જો અલ્લાહ કયામત સુધી હમેશાં દિવસ રાખે[૨૪૧] તો અલ્લાહ સિવાય કોણ ખુદા છે જે તમને રાત લાવી દે જેમાં તમે આરામ કરો[૨૪૨] તો શું તમને સુઝતું નથી[૨૪૩] (૭૨) અને તેણે પોતાની મહેરબાનીથી તમારા માટે રાત અને દિવસ બનાવ્યા કે રાત્રે આરામ કરો અને દિવસે તેની કૃપા[૨૪૪] ઢુંઢો અને એટલા માટે કે તમે સત્ય સ્વીકારો[૨૪૫] (૭૩) અને જે દિવસે એમને સાદ દેશે તો ફરમાવશે; 'ક્યાં છે તમે બકતા હતા તે મારા ભાગીદારો?' (૭૪) અને પ્રત્યેક

કરવામાં આવશે. જેથી તેમની ઉપર હુજ્જત પુરી થાય અને તેમને બહાનાં કાઢવાની તક રહે નહિ.

૨૧૧. જેઓ રસૂલને જૂઠાડતા હોય પોતાના કુફ્ર પર અડેલા હોય અને એ કારણે અઝાબને લાયક હોય.

૨૧૨. જેનું અસ્તિત્વ ઘણું ટૂંકું અને જેનું પરિણામ નાશ.

૨૧૩. એટલે કે આખેરતના લાભ.

૨૧૪. હંમેશ રહેનાર નિસીમ બધી જ ખરાબીઓથી ખાલી.

૨૧૫. કે એટલું સમજી શકો કે અનંત વિનાશિત કરતાં સારૂં છે. એટલા માટે જ 'કહેવામાં આવ્યું છે કે જે આખેરતને દુનિયા પર પસંદગી ન આપે તે નાદાન છે.

૨૧૬. જન્નતના સવાબનો.

૨૧૭. એ બન્ને કદાપી સરખા હોય શકતા નથી એમનામાં પ્રથમ જેને સારો વાયદો કરવામાં આવ્યો તે મુઅમિન છે અને બીજો કાફિર.

૨૧૮. અલ્લાહ તઆલા ધમકી રૂપે.

૨૧૯. દુનિયામાં.....

૨૨૦. અર્થાત અઝાબ વાજિબ થઇ ચૂકયો અને એ લોકો ગુમારાહોના આગેવાનો અને કુફ્રના ઇમામો છે.

૨૨૧. એટલે કે લોકો અમારા બહેકાવવાના કારણે પોતાની મરજીથી બહેક્યા હતા અમારી અને એમની ગુમરાહીમાં કશો ફેર નથી અમે એમને લાચાર કર્યા ન હતા.

૨૨૨. બલ્કે તેઓ પોતાની મનેચ્છાના પૂજારી અને પોતાની વાસનાઓના તાબેદાર હતા.

مِنْ كُلِّ أُمَّةٍ شَهِيدًا فَقُلْنَا هَاتُوا بُرْهَانَكُمْ فَعَلِمُوا
أَنَّ الْحَقَّ لِلَّهِ وَضَلَّ عَنْهُمْ مَا كَانُوا يَفْتَرُونَ ﴿٧٥﴾
إِنَّ قَارُونَ كَانَ مِنْ قَوْمِ مُوسَىٰ فَبَغَىٰ عَلَيْهِمْ
وَآتَيْنَاهُ مِنَ الْكُنُوزِ مَا إِنَّ مَفَاتِحَهُ لَتَنُوءُ
بِالْعُصْبَةِ أُولِي الْقُوَّةِ إِذْ قَالَ لَهُ قَوْمُهُ لَا تَفْرَحْ
إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْفَرِحِينَ ﴿٧٦﴾ وَابْتَغِ فِيمَا آتَاكَ
اللَّهُ الدَّارَ الْآخِرَةَ وَلَا تَنْسَ نَصِيبَكَ مِنَ الدُّنْيَا
وَأَحْسِنْ كَمَا أَحْسَنَ اللَّهُ إِلَيْكَ وَلَا تَبْغِ الْفَسَادَ
فِي الْأَرْضِ إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْمُفْسِدِينَ ﴿٧٧﴾ قَالَ
إِنَّمَا أُوتِيتُهُ عَلَىٰ عِلْمٍ عِنْدِي أَوَلَمْ يَعْلَمْ أَنَّ
اللَّهَ قَدْ أَهْلَكَ مِنْ قَبْلِهِ مِنَ الْقُرُونِ مَنْ هُوَ

જુથમાંથી અમે એક સાક્ષી કાઢીને[૨૪૬] ફરમાવીશું; 'તમારી દલીલ રજુ કરો[૨૪૭]' તો (તેઓ) જાણી લેશે કે[૨૪૮] સત્ય અલ્લાહનું છે અને જે વાતો તેમણે ઉપજાવી કાઢી હતી[૨૪૯] તે (તેમની પાસેથી) ખોવાઇ જશે (૭૫) બેશક '! કારૂન હતો મૂસાની જ્ઞાતિનો[૨૫૦] પછી તેણે એમની ઉપર અત્યાચાર કર્યો અને અમે તેને એટલા ખજાના આપ્યા જેની કુંચીઓ એક જોરાવર ટોળાને ભારે પડી જાય. જ્યારે તેને તેની કોમે[૨૫૧] કહ્યું; 'ઇતરાઇ ન જા[૨૫૨] બેશક ! અલ્લાહ ઇતરાઇ જનારાઓને મિત્ર રાખતો નથી (૭૬) અને તને જે માલ દોલત અલ્લાહે આપી છે તેના વડે આખેરતનું ઘર ઢુંઢ[૨૫૩] અને દુનિયામાં પોતાનો ભાગ ભૂલી જા નહિ[૨૫૪] અને ઉપકાર કર[૨૫૫] જેવો કે અલ્લાહે તારી ઉપર ઉપકાર કર્યો અને[૨૫૬] ધરતીમાં ફસાદ ઇચ્છીશ નહિ બેશક ! અલ્લાહ ફસાદખોરોને મિત્ર રાખતો નથી (૭૭) બોલ્યો; 'આ[૨૫૭] તો મને એક વિદ્યાથી મળ્યું છે જે મારી પાસે છે[૨૫૮]' અને શું એને ખબર નથી કે અલ્લાહે એના પહેલાં એવા જુથોનો નાશ કરી નાખ્યો જેમનું જોર એનાથી વધારે

૨૨૩. એટલે કે કાફિરોને કહેવામાં આવશે કે પોતનાં બુતોને પોકારે કે તેઓ તમને અઝાબથી બચાવે.

૨૨૪. દુનિયામાં કે જેથી આખેરતમાં અઝાબ દેખત નહિ.

૨૨૫. અર્થાત કાફિરોને પૂછશે.

૨૨૬. જેઓ તમારી પાસે મોકલાયા હતા અને 'સત્યનું નિમંત્રણ આપતા હતા.

૨૨૭. અને કોઇ બહાનું કે દલીલ તેમને દેખાશે નહિ.

૨૨૮. અને અતિશય ભયાનકતાના કારણે ચૂપ બની જશે અને કોઇ એકબીજાને પૂછપરછ એટલા માટે નહિ કરે કે જવાબ આપવા માટે અશક્તિમાન હોવામાં બધા જ સરખા હશે તાબે બનાવનાર હોય કે તાબેદાર, કાફિર હોય કે કાફિર બનાવનાર.

૨૨૯. શિર્કથી.

૨૩૦. પોતાના પરવરદિગાર પર અને તે તમામ પર જે અલ્લાહ તરફથી આવ્યું.

૨૩૧. **શાને નુઝૂલ** :- આ આયત મુશ્રિકોના જવાબમાં ઉતરી જેમણે કહ્યું હતું કે; અલ્લાહ તઆલાએ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જ નબુવ્વત માટે કેમ ચૂંટી કાઢયા? આ કુરઆન મક્કા અથવા તાઇફના કોઇ મોટા માણસ પર કેમ ઉતાર્યુ નહિ. આવું કહેનાર વલીદ બિન મુગેરહ હતો અને મોટા માણસની નિર્દેશ તેની પોતાની તરફ અને ઉરવહ બિન મસઉદ સકફી તરફ હતો. તેના જવાબમાં આ આયત ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે રસૂલોને મોકલવાનું તે લોકોના અખત્યારમાં નથી અલ્લાહ તઆલાની મરજી પર છે પોતાનું રહસ્ય તે જ જાણે છે, તેમને એની મરજીમાં દખલગીરી કરવાની શી

હતું અને સંખ્યા એનાથી વધારે[૨૫૯] અને પાપીઓને એમના ગુન્હાઓની પૂછપરછ નથી[૨૬૦] (૭૮) તો પોતાની કોમ પર નીકળ્યો પોતાના શણગારમાં[૨૬૧] (તો) બોલ્યા તેઓ જે દુનિયાનું જીવન ઇચ્છે છે; 'કોઇ રીતે આપણને પણ આવું મળત જેવું કારૂનને મળ્યું, બેશક ! એનું નસીબ મોટુ છે' અને બોલ્યા તેઓ જેમને ઇલ્મ આપવામાં આવ્યું;[૨૬૨] 'તમારી ખરાબી થાય! અલ્લાહનો સવાબ ઉત્તમ છે તેના માટે જે ઇમાન લાવે અને સદકર્મો કરે[૨૬૩] અને આ તેમને જ મળે છે જે સબરવાળા છે[૨૬૪]' (૮૦) તો અમે તેને[૨૬૫] અને તેના ઘરને ધરતીમાં ધસાવી દીધું તો તેની પાસે કોઇ જુથ ન હતું જે અલ્લાહથી બચાવવામાં તેની સહાય કરતું[૨૬૬] અને ન તે બદલો લઇ શક્યો[૨૬૭] (૮૧) અને કાલે જેણે તેના મરતબાની ઇચ્છા કરી હતી (તેઓ) સવાર[૨૬૮]માં કહેવા લાગ્યા; 'આશ્ચર્યજનક વાત છે, અલ્લાહ રોજી વિસ્તૃત કરે છે પોતાના બન્દાઓમાંથી જેના માટે ઇચ્છે અને તંગી કરે છે[૨૬૯]. જો અલ્લાહ અમારી ઉપર એહસાન કરત નહિ તો અમને પણ ધસાવી

امن خلق ٢٠ — القصص ٢٨

أَشَدُّ مِنْهُ قُوَّةً وَأَكْثَرُ جَمْعًا وَلَا يُسْأَلُ عَنْ ذُنُوبِهِمُ
الْمُجْرِمُونَ ﴿٧٨﴾ فَخَرَجَ عَلَىٰ قَوْمِهِ فِي زِينَتِهِ قَالَ
الَّذِينَ يُرِيدُونَ الْحَيَاةَ الدُّنْيَا يَا لَيْتَ لَنَا مِثْلَ مَا
أُوتِيَ قَارُونُ إِنَّهُ لَذُو حَظٍّ عَظِيمٍ ﴿٧٩﴾ وَقَالَ الَّذِينَ
أُوتُوا الْعِلْمَ وَيْلَكُمْ ثَوَابُ اللَّهِ خَيْرٌ لِمَنْ آمَنَ
وَعَمِلَ صَالِحًا وَلَا يُلَقَّاهَا إِلَّا الصَّابِرُونَ ﴿٨٠﴾ فَخَسَفْنَا
بِهِ وَبِدَارِهِ الْأَرْضَ فَمَا كَانَ لَهُ مِنْ فِئَةٍ يَنْصُرُونَهُ
مِنْ دُونِ اللَّهِ وَمَا كَانَ مِنَ الْمُنْتَصِرِينَ ﴿٨١﴾ وَأَصْبَحَ
الَّذِينَ تَمَنَّوْا مَكَانَهُ بِالْأَمْسِ يَقُولُونَ وَيْكَأَنَّ
اللَّهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَشَاءُ مِنْ عِبَادِهِ وَيَقْدِرُ
لَوْلَا أَنْ مَنَّ اللَّهُ عَلَيْنَا لَخَسَفَ بِنَا وَيْكَأَنَّهُ

મજાલ?

૨૩૨. એટલે કે મુશરિકોનો.

૨૩૩. અર્થાત કુફ્ર અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની અદાવત જેને એ લોકો સંતાડે છે.

૨૩૪. પોતાના મોઢેથી દિલમાં જે છે તેની વિરૂધ્ધ જેમકે નબુવ્વત વિષે ભૂંડું બોલવું અને કુરઆનને જૂઠાડવું.

૨૩૫. કે તેના અવલિયા દુનિયામાં પણ તેની હમ્દ (તારીફ) કરે છે અને આખેરતમાં પણ તેની હમ્દની લિજ્જત મેળવશે.

૨૩૬. તેનો ફેસલો પ્રત્યેક વસ્તુમાં વ્યાપક છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદ્દીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે પોતાના આજ્ઞાંકિતો માટે માફીનો અને અનાજ્ઞાંકિતો માટે શફાઅતનો હુકમ ફરમાવે છે.

૨૩૭. અય મહેબૂબ ! સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ, મક્કાવાસીઓને.

૨૩૮. અને દિવસ ઉગાડે જ નહિ.

૨૩૯. જેમાં તમે પોતાનાં ધંધા રોજગારનાં કામો કરી શકો.

૨૪૦. ધ્યાનપૂર્વક કે જેથી શિર્કને ત્યજો.

૨૪૧. રાત્રિ થવા જ ન દે.

૨૪૨. અને દિવસે કરેલાં કામો અને મહેનતનો થાક દૂર કરી શકો.

૨૪૩. કે તમે કેટલી મહાન ભૂલમાં છો કે તેની સાથે અન્યને ભાગીદાર ઠેરવો છો.

૨૪૪. કામ ધંધો કરો.

૨૪૫. અને તેની નેઅમતો બદલ તેનો આભાર માનો.

૨૪૬. અહીં સાક્ષીનો મતલબ રસૂલ છે જેઓ પોતપોતાની ઉમ્મતો બાબત સાક્ષી આપશે કે તેમણે પોતે એમને અલ્લાહનો પૈગામ પહોંચાડયો હતો અને નસીહતો કરી હતી.

૨૪૭. એટલે કે શિર્ક અને રસૂલનો વિરોધ જે તમારાં મુખ્ય કાર્યો હતાં તેની શું દલીલ છે તે રજૂ કરો.

૨૪૮. અલ્લાહ અને મઅ્બૂદ હોવું.

૨૪૯. દુનિયામાં અલ્લાહના ભાગીદાર ઠેરવતા હતા તે.

૨૫૦. કારૂન હઝરત મૂસા અલયહિસ્સલામના કાકા યસહરનો દિકરો હતો બહુ જ રૂપાળો હતો તેથી જ તેને મુનવ્વર કહેતા હતા અને બની ઇસરાઇલમાં તવરાતનો સહુથી ઉત્તમ કારી હતો, જ્યારે ગરીબ હતો ત્યારે ઘણા સારા સ્વભાવનો નરમ અને સારી ટેવોવાળો હતો પણ દોલત પ્રાપ્ત થતાં જ તેની હાલત બદલાઇ ગઇ અને સામરીની જેમ મુનાફિક બની ગયો. કહેવાયુ છે કે ફિરઔને તેને બની ઇસરાઇલનો હાકેમ બનાવી દીધો હતો.

૨૫૧. અર્થાત બની ઇસરાઇલના મુઅમિન લોકોએ.

૨૫૨. માલદારી પર.

૨૫૩. અલ્લાહની નેઅમતોનો આભાર માનીને અને ધનને અલ્લાહના માર્ગમાં વાપરીને.

૨૫૪. અર્થાત દુનિયામાં આખેરત માટે અમલ કર કે જેથી અઝાબથી છુટકારો મેળવે કારણ કે દુનિયામાં માણસનો ખરો ભાગ એ છે કે આખેરત માટે અમલ કરે સદકો આપીને સિલારહમી (સગાંઓ સાથે સદવર્તન) કરીને અને બીજા સારાં કામો કરીને. અને એની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે પોતાની તંદુરૂસ્તી તાકાત અને યુવાનીને ભૂલી ન જા, એમના વડે આખેરત બનાવ. હદીષ શરીફમાં છે કે પાંચ વસ્તુઓને પાંચ વસ્તુઓથી પહેલાં ગનીમત સમજો, જવાનીને વૃધ્ધાવસ્થા પહેલાં, તંદુરૂસ્તીને બીમારી પહેલાં, માલદારીને નાદારી પહેલાં, નવરાશને કામોમાં મગ્ન થતાં પહેલાં, જીવનને મૃત્યુ પહેલાં.

૨૫૫. અલ્લાહના બન્દાઓ પર.

૨૫૬. નાફરમાની અને ગુન્હાઓ કરીને તેમજ જુલ્મ અને બળવાખોરી કરીને.....

૨૫૭. એટલે કે કારૂને કહ્યું કે આ માલ.....

૨૫૮. આ વિદ્યાનો નિર્દેશ તવરાતના ઇલ્મ તરફ છે યા તો કીમયાની જાણકારી તરફ જે એણે હઝરત મૂસા અલયહિસ્સલામ પાસેથી મેળવી હતી જેના વડે તે સીસાને ચાંદી અને તાંબાને સોનું બનાવતો હતો. અથવા વેપાર વિદ્યા અથવા ખેતીવાડીની આવડત અથવા બીજા ધંધાઓની જાણકારી. સહલે કહ્યું છે કે જેણે પોતાની જાતને મોટી જાણી તેને સફળતા ન મળી.

૨૫૯. અર્થાત તાકાત અને માલદારીમાં એને વધીને હતા અને માનવ સંખ્યામાં પણ વધારે હતા તેમનો અલ્લાહ તઆલાએ વિનાશ કરી નાખ્યો પછી માલદોલત અને તાકાતની ઉપર એ શું જોઇને ઘમંડ કરે છે? તે જાણે છે કે એવા લોકોનું પરિણામ બરબાદી છે.

૨૬૦. તેમને પૂછવાની જરૂર નથી કારણ કે અલ્લાહ તઆલા તેમની હાલતને જાણે છે માટે જાહેર કરવા માટે પૂછવામાં નહિ આવે પણ ધમકીરૂપે પૂછાશે.

૨૬૧. ઘણા બધા અસ્વારો પોતાની આજુબાજુ રાખીને જવેરાત પહેરીને રેશમી લેબાસ ચઢાવી

સજાવેલા ઘોડાઓ પર સવાર થઇને.

૨૬૨. એટલે કે બની ઇસરાઇલના આલિમો.

૨૬૩. તે દોલત કરતાં જે કારૂનને દુનિયામાં મળી છે.

૨૬૪. અર્થાત સદકર્મો સબરવાળાઓ જ કરે છે અને એનો સવાબ તેઓ જ મેળવે છે.

૨૬૫. અર્થાત કારૂનને.

૨૬૬. કારૂન અને તેના ઘરને ધસાવી દેવાનો બનાવ જીવન ચારિત્ર્ય અને બનાવો ઉલ્લેખનાર ઉલમાએ આ મુજબ વર્ણવ્યો છે કે હઝરત મૂસા અલયહિસ્સલામે બની ઇસરાઇલને દરિયા પાર લઇ ગયા પછી 'મઝબહ' (કુરબાનીઓ રજૂ કરવાની જગ્યા)નો કારભાર હઝરત હારૂન અલયહિસ્સલામને સોંપ્યો. બની ઇસરાઇલ પોતાની કુરબાનીઓ તેમની પાસે લાવતા અને તેઓ તેને 'મઝબહ'માં મૂકતા અને આગ આકાશમાંથી આવીને તેમને ભસ્મ કરી જતી. કારૂનને હઝરત હારૂનની આ પદવીની અદેખાઇ થઇ અને તેણે હઝરત મૂસા અલયહિસ્સલામને કહ્યું કે; રસૂલનો મરતબો તમારો અને કુરબાનીઓની સરદારી હારૂનની અને હું કશું જ રહ્યો નહિ ! હું તવરાતનો ઉત્તમ કારી હોવા છતાં, હું આને માન્ય રાખી શકતો નથી. હઝરત મૂસા અલયહિસ્સલામે કહ્યું કે; હઝરત હારૂનને એ પદવી મેં નહિ પણ અલ્લાહ તઆલાએ આપી છે. કારૂને કહ્યું કે; ખુદાની કસમ ! હું એને સાચું માનીશ નહિ જયાં સુધી કે તમે એનો પુરાવો રજૂ કરો નહિ. હઝરત મૂસા અલયહિસ્સલામે બની ઇસરાઇલના આગેવાનોને ભેગા કરીને કહ્યું કે; બધા પોત પોતાની લાકડીઓ લાવો, પછી તે લાકડીઓને પોતાના કુબ્બામાં ભેગી કરી આખી રાત બની ઇસરાઇલ તેની ચોકીદારી કરતા રહ્યા. સવારમાં હઝરત હારૂન અલયહિસ્સલામની લાકડી લીલીછમ બની ગઇ તેમાંથી પાંદડાંઓ ઊગી નીકળ્યાં. હઝરત મૂસા અલયહિસ્સલામે ફરમાવ્યું કે; અય કારૂન ! તેં જોયું? તેણે કહ્યું; આપના જાદુ માટે આ કોઇ અજબ વાત નથી, હઝરત મૂસા અલયહિસ્સલામ તેનું દિલ ખુશ રાખવા કોશિશ કરતા હતા પણ દરેક સમયે તે આપને દુઃખ આપતો હતો, તેની બળવાખોરી ઘમંડ અને મૂસા અલયહિસ્સ-લામ સાથેની તેની અદાવત પ્રત્યેક પળે પ્રગતિ કરતી હતી. તેણે એક ઘર બનાવ્યું જેનું બારણું સોનાનું હતું અને તેની ભીંતો પર સોનાના તખ્તાઓ ચોઢયા. બની ઇસરાઇલ સવાર સાંજ તેની પાસે આવતા ખાતા પીતા વાતો બનાવતા તેને હસાવતા હતા. જ્યારે ઝકાતનો હુકમ ઉતર્યો ત્યારે કારૂન મૂસા અલયહિસ્સાલમ પાસે આવ્યો અને આપની સાથે નક્કી કર્યું કે દીરહમ દીનાર અને જાનવરોમાંથી હજારમો ભાગ ઝકાત તરીકે આપશે પણ જ્યારે ઘેર જઇને ગણત્રી કરી ત્યારે તેની દોલતમાંથી એટલો ભાગ પણ બહું મોટા પ્રમાણમાં થતો હતો. તેના જીવે એટલી હિમ્મત પણ કરી નહિ અને તેણે બની ઇસરાઇલને ભેગા કરીને કહ્યું કે; તમે દરેક વાતમાં મૂસા અલયહિસ્સલામનું કહ્યું માની લીધું હવે તો તેઓ તમારી માલદોલત પણ લઇ લેવા ઇચ્છે છે બોલો શું કહો છો? પેલાઓએ કહ્યું કે; તમે અમારા મોટા છો જે તમે ઇચ્છો તે હુકમ કરો. કહેવા માંડયો કે; ફલાણી બદચલન સ્ત્રી પાસે જાવ અને તેણીને અમુક વળતર આપવાનું નક્કી કરીને હઝરત મૂસા અલયહિસ્સલામ પર આક્ષેપ મૂકવા રાજી કરો, જો આવું થશે તો બની ઇસરાઇલ મૂસા અલયહિસ્સલામને પડતા મૂકશે. કારૂને તે સ્ત્રીને હજાર અશરફીઓ અને બીજા ઘણાં બધાં વચનો આપીને એ તોહમત મૂકવા રાજી કરી અને બીજા દિવસે બની ઇસરાઇલને એકત્ર કરીને હઝરત મૂસા અલયહિસ્સલામ પાસે લઇ આવ્યો અને કહ્યું કે; બની ઇસરાઇલ આપની રાહ જોઇ રહ્યા છે કે આપ તેમને કંઇક નસીહત કરો. આપ પધાર્યા અને બની ઇસરાઇલની વચમાં ઉભા થઇને ફરમાવ્યું; અય બની ઇસરાઇલ ! જે ચોરી કરશે તેના હાથ

لَا يُفْلِحُ الْكٰفِرُوْنَ ۝٨٢ تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا
لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَلَا فَسَادًا
وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ۝٨٣ مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ
خَيْرٌ مِّنْهَا ۚ وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزَى
الَّذِيْنَ عَمِلُوا السَّيِّاٰتِ اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝٨٤
اِنَّ الَّذِيْ فَرَضَ عَلَيْكَ الْقُرْاٰنَ لَرَآدُّكَ اِلٰى
مَعَادٍ ۭ قُلْ رَّبِّيْٓ اَعْلَمُ مَنْ جَآءَ بِالْهُدٰى وَمَنْ
هُوَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٨٥ وَمَا كُنْتَ تَرْجُوْٓا اَنْ يُّلْقٰٓى
اِلَيْكَ الْكِتٰبُ اِلَّا رَحْمَةً مِّنْ رَّبِّكَ فَلَا
تَكُوْنَنَّ ظَهِيْرًا لِّلْكٰفِرِيْنَ ۝٨٦ وَلَا يَصُدُّنَّكَ عَنْ
اٰيٰتِ اللّٰهِ بَعْدَ اِذْ اُنْزِلَتْ اِلَيْكَ وَادْعُ اِلٰى رَبِّكَ

દેત. અરે અજબ ! કાફિરોનું ભલું નથી' (૮૨) આ ઘર આખેરતનું[૨૭૦] અમે તેમના માટે કરીએ છીએ જેઓ ધરતીમાં મોટાઇ ઇચ્છતા નથી અને ન તો ફસાદ. અને આકેબત પરહેઝગારોની જ છે[૨૭૧] (૮૩) જે નેકી લાવે તેના માટે એનાથી ઉત્તમ છે[૨૭૨] અને જે બદી લાવે (તો) કુકૃત્યવાળાઓને બદલો નહિ મળે પણ તેટલો જ જેટલું તેમણે કર્યું હતું (૮૪) બેશક ! જેમણે તમારી ઉપર કુરઆન ફર્ઝ કર્યું[૨૭૩] તે તમને પરત લઇ જશે જ્યાં (તમે) પરત થવા ઇચ્છો છો[૨૭૪]. તમે કહો; મારો રબ ખૂબ જાણે છે તેને જેણે હિદાયત માની અને તેને જે ખુલ્લી ગુમરાહીમાં છે[૨૭૫] (૮૫) અને તમે આશા ધરાવતા ન હતા કે કિતાબ તમારી ઉપર મોકલવામાં આવશે[૨૭૬], હા ! તમારા રબે મહેરબાની કરી તો તમે કદાપી કાફિરોની તરફેણ કરશો નહિ[૨૭૭] (૮૬) અને તમને તેઓ કદાપી અલ્લાહની આયતોથી અટકાવે નહિ તે તમારી તરફ ઉતારવામાં આવ્યા પછી[૨૭૮]. અને પોતાના રબ પ્રતિ બોલાવો[૨૭૯] અને કદાપી

કાપવામાં આવશે, જે બોહતાન મૂકશે તેને એંસી કોરડાઓ મરાશે અને જે વ્યભિચાર કરશે તેને જો પત્ની નહિ હોય તો ૧૦૦ કોરડાઓ મરાશે અને જો પત્ની હશે તો તેને સંગસાર કરવામાં આવશે એટલે સુધી કે તે મરી જાય. કારૂને કહ્યું; શું આ હુકમ દરેક માટે છે? ભલે પછી આપ પોતે હોય? આપે ક્હયું, હું પોતે પણ કેમ ન હોય. બોલ્યો; બની ઇસરાઇલનું કહેવું છે કે તમે ફલાણી બદચલન સ્ત્રી સાથે કુકૃત્ય કર્યું છે. હઝરત મૂસા અલયહિસ્સલામે કહ્યું કે તેણીને બોલાવો. તે આવી ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે ક્હયું; તને તેની કસમ જેણે બનીઇસરાઇલ માટે સમુદ્રને ચીરી કાઢયો અને તેમાં રસ્તાઓ બનાવ્યા અને તવરાત ઉતારી, સાચું બોલ ! પેલી સ્ત્રી બ્હી ગઇ અને અલ્લાહના રસૂલ પર આક્ષેપ મૂકવાની તેની હિંમત થઇ નહિ અને તેણીએ પોતાના દિલમાં વિચાર્યું કે આનાથી તવબહ કરી લેવી સારી છે. તેણીએ હઝરત મૂસા અલયહિસ્સલામને ક્હયું; જે કંઇ કારૂન કહેવડાવવા ઇચ્છે છે તે ખુદાની કસમ જૂઠ છે અને આપની ઉપર તોહમત મૂકવા બદલ તેણે મારા માટે બહુ ધનદોલત નક્કી કરી છે. હઝરત મૂસા અલયહિસ્સલામ પોતાના પરવરદિગારની બારગાહમાં રડી દઇને સિજદામાં ગયા અને વિનંતી કરવા માંડયા કે; અય પરવરદિગાર ! જો હું તારો રસૂલ હોઉં તો મારી ખાતર કારૂન પર કોપ ઉતાર. અલ્લાહ તઆલાએ આપને વહી મોકલી કે મેં જમીનને તમારી આજ્ઞાનું પાલન કરવાનો હુકમ આપ્યો છે તમે તેને જેવો ઇચ્છો તેવો આદેશ આપો. હઝરત મૂસા અલયહિસ્સલામે બની ઇસરાઇલને સંબોધન કર્યું; અય બનીઇસરાઇલ ! જે રીતે અલ્લાહ તઆલાએ મને ફિરઔન માટે મોકલ્યો હતો તે જ રીતે કારૂન માટે પણ મોકલ્યો છે જે કારૂનનો સાથીદાર હોય તે ત્યાં તેની પાસે ઉભો રહે અને જે મારો સાથીદાર હોય તે ત્યાંથી હટી જાય. બધા જ લોકો કારૂન પાસેથી હટી ગયા અને

શિર્કવાળાઓમાં થશો નહિ[૨૮૦] (૮૭) અને અલ્લાહ સાથે બીજા ખુદાને ન પૂજ, તેના સિવાય કોઇ ખુદા નથી, પ્રત્યેક વસ્તુ વિનાશિત છે સિવાય કે તેની જાત. તેનો જ હુકમ છે અને તેની તરફ જ પરત થશો[૨૮૧] (૮૮)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૮૨]**

(૧) શું લોકો એવા ઘમંડમાં છે કે એટલી વાતથી છોડી દેવામાં આવશે કે કહે; 'અમે ઇમાન લાવ્યા' અને તેમનું પારખું નહિ થાય[૨૮૩]? (૨) અને બેશક ! અમે એમનાથી આગલાઓનું પારખું કર્યું[૨૮૪]. તો અવશ્ય અલ્લાહ સાચાઓને દેખશે અને અવશ્ય જૂઠાઓને (પણ) જોઇ લેશે[૨૮૫] (૩) અથવા એવું સમજી રહ્યા છે તેઓ જે કુકર્મો કરે છે[૨૮૬] કે અમારાથી (બચીને) ક્યાંક નીકળી છુટશે?[૨૮૭] કેટલો ખરાબ હુકમ લાગુ કરે છે (૪) જેને અલ્લાહને મળવાની અભિલાષા હોય[૨૮૮] તો બેશક ! અલ્લાહની મુદ્દત અવશ્ય આવવાની છે[૨૮૯] અને તે જ સાંભળતો જાણતો છે[૨૯૦] (૫)

امن خلق ٢٠ العنكبوت ٢٩

وَلَا تَكُونَنَّ مِنَ الْمُشْرِكِينَ ﴿٨٧﴾ وَلَا تَدْعُ مَعَ اللّٰهِ
إِلٰهًا آخَرَ لَا إِلٰهَ إِلَّا هُوَ كُلُّ شَيْءٍ هَالِكٌ إِلَّا وَجْهَهُ
لَهُ الْحُكْمُ وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٨٨﴾
سُورَةُ الْعَنْكَبُوتِ مَكِّيَّةٌ وَهِيَ تِسْعٌ وَسِتُّونَ آيَةً وَسَبْعُ رُكُوعَاتٍ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ
الم ﴿١﴾ أَحَسِبَ النَّاسُ أَنْ يُتْرَكُوا أَنْ يَقُولُوا آمَنَّا
وَهُمْ لَا يُفْتَنُونَ ﴿٢﴾ وَلَقَدْ فَتَنَّا الَّذِينَ مِنْ قَبْلِهِمْ
فَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِينَ صَدَقُوا وَلَيَعْلَمَنَّ الْكَاذِبِينَ ﴿٣﴾
أَمْ حَسِبَ الَّذِينَ يَعْمَلُونَ السَّيِّئَاتِ أَنْ يَسْبِقُونَا
سَاءَ مَا يَحْكُمُونَ ﴿٤﴾ مَنْ كَانَ يَرْجُو لِقَاءَ اللّٰهِ
فَإِنَّ أَجَلَ اللّٰهِ لَآتٍ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٥﴾

બે માણસો સિવાય બીજું કોઇ તેની પાસે રહ્યું નહિ. પછી હઝરત મૂસા અલયહિસ્સલામે જમીનને હુકમ કર્યો કે એમને પકડી લે, તો તેઓ ઘુંટણ સુધી જમીનમાં ધસી ગયા, પાછું આપે એવું જ ફરમાવ્યું તો તેઓ કમ્મર સુધી ધસ્યા. આપ એવું કહેતા જ રહ્યા એટલે સુધી કે તેઓ ગરદનો સુધી દટાઇ ગયા. હવે તેઓ કરગરવા માંડયા અને કારૂન આપને અલ્લાહના સોગંદ, સગાઇ સંબંધોનો વાસ્તો આપતો હતો પણ આપે ધ્યાન આપ્યું નહિ એટલે સુધી કે તેઓ તદ્દન દટાઇ ગયા અને જમીન સરખી બની ગઇ. કતાદાએ કહ્યું છે કે તેઓ કયામત સુધી ધસતા જ ચાલ્યા જશે. બની ઇસરાઇલ બોલ્યા કે; હઝરત મૂસાએ કારૂનની દોલત અને તેના ઘર પર કબ્જો મેળવવા તેની માટે બદદુઆ કરી છે. આ સાંભળીને આપે અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરી તો તેનુ ઘર તેની દોલત તેના ખજાના બધું જ જમીનમાં ધસી ગયું.

૨૬૭. હઝરત મૂસા અલયહિસ્સલામ પાસેથી.

૨૬૮. પોતાની એ અભિલાષા પર પસ્તાઇને.

૨૬૯. જેના માટે ઇચ્છે.

૨૭૦. એટલે કે જન્નત.

૨૭૧. વખણાએલી.

૨૭૨. દશ ઘણો સવાબ.

૨૭૩. અર્થાત એની તિલાવત અને પ્રચાર અને એના આદેશો મુજબ ચાલવાનું જરૂરી કર્યું.

૨૭૪. એટલે કે મક્કા મુકર્રમામાં. ફરમાવવાનો હેતુ એ છે કે મક્કાના વિજય સમયે અલ્લાહ આપને

ખૂબ જ શાન, શોકત, ઇજ્જત, મોભા, વિજય અને સત્તા સાથે મક્કા મુકર્રમામાં દાખલ કરશે ત્યાંના બધા જ રહીશો આપની આણ હેઠળ હશે, શિર્ક અને એના તરફદારો અપમાનિત થશે.

**શાને નુઝૂલ** :- આ આયત હજફામાં ઉતરી જ્યારે કે મદીના તરફ હિજરત કરતી વેળા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ત્યાં પહોંચ્યા અને આપને આપના અને આપના વડવાઓના જન્મ સ્થાન મક્કા મુકર્રમાનો શોખ થયો ત્યારે જિબ્રઇલ આવ્યા અને તેમણે પૂછયું કે; શું હુઝૂરને પોતાના શહેર મક્કા મુકર્રમાનો શોખ છે? આપે ફરમાવ્યું; હા ! ત્યારે તેમણે કહ્યું કે; અલ્લાહ તઆલા ફરમાવે છે... અને પછી આ આયત પઢયા.

'મઆદ'ની તફસીર મોત કયામત અને જન્નત પણ કહેવામાં આવી છે.

૨૭૫. અર્થાત મારો પરવરદિગાર જાણે છે કે મેં હિદાયત સ્વીકારી છે અને મારા માટે તેનો સારો બદલો છે અને મુશ્રિકો ગુમરાહીમાં છે અને સખત અઝાબને લાયક.

**શાને નુઝૂલ** :- આ આયત મક્કાના કાફિરોના જવાબમાં ઉતરી જેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ વિષે કહ્યું હતું કે; ઇન્નક લફી દલાલિન મુબીન અર્થાત આપ અવશ્ય ખુલ્લી ગુમરાહીમાં છો. (મુઆઝલ્લાહ).

૨૭૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; જાહેરમાં આ સંબોધન હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છે પણ એનો હેતુ મો'મિનોને સંબોધવાનો છે.

૨૭૭. એમના મદદગાર અને સહાયક બનશો નહિ.

૨૭૮. અર્થાત કાફિરોની ભટકાવી દેનાર વાતો પ્રતિ ધ્યાન આપશો નહિ અને એને ઠોકરાવી દેશો.

૨૭૯. મખ્લૂકને અલ્લાહ તઆલાની તવહીદ અને પછી તેની ઇબાદતનું નિમંત્રણ આપો.

૨૮૦. તેમની સહાય કરશો નહિ અને તેમને સથવારો આપશો નહિ.

૨૮૧. આખેરતમાં અને તે જ આમાલનો બદલો આપશે.

૨૮૨. સૂરએ અનકબૂત મક્કીય્યહ છે. એમાં ૭ રૂકૂઅ ૬૯ આયતો ૯૮૦ શબ્દો અને ૪૧૬૫ અક્ષરો છે.

૨૮૩. કષ્ટો મુસીબતો જાત જાતની આફતો અને આજ્ઞાપાલનના શોખ, વાસનાઓના ત્યજન તેમજ જાન અને માલની બાજી દ્વારા કે જેથી એમના ઇમાનની હકીકત ખૂબ સ્પષ્ટ થઇ જાય અને નિખાલસ મો'મિન તેમજ મુનાફિકની વચ્ચે ભેદ રેખા દોરાઇ જાય.

**શાને નુઝૂલ** :- આ આયત તે લોકો માટે ઉતરી જેઓ મક્કઃ મુકર્રમામાં હતા અને તેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો ત્યારે હુઝૂરના અસ્હાબે તેમને લખ્યું કે માત્ર સ્વીકાર પુરતો નથી, જ્યાં સુધી કે તમે હિજરત કરો નહિ. પેલા લોકોએ હિજરત કરી અને મદીના જવાના ઇરાદે નીકળ્યા, મુશ્રિકો તેમની પાછળ પડયા અને તેમની સાથે લડાઇ કરી, તેમનામાંથી અમુક લોકો શહીદ થઇ ગયા અને અમુક બચીને નીકળી ગયા. તેમના વિશે આ બે આયતો ઉતરી. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; આનો નિર્દેશ સલ્મા બિન હિશામ અને અયાશ બિન અબી રબીઆ અને વલીદ બિન વલીદ અને અમાર બિન યાસિર વિગેરે તરફ છે, જેઓ મક્કા મુકર્રમામાં ઇમાન લાવ્યા હતા. અને એક કથન એવું છે કે આ આયત હઝરત અમ્માર વિષે ઉતરી જેઓ ખુદાની ઇબાદત કરવા બદલ સતાવવામાં આવતા હતા અને કાફિરો તેમને સખત તકલીફો આપતા હતા. અને એક કથન એવું છે કે આ આયત હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હૂના ગુલામ હઝરત મિહજઅ બિન અબદુલ્લાહ બાબત ઉતરી જેઓ બદ્રમાં સર્વ પ્રથમ શહીદ

وَمَنْ جَاهَدَ فَإِنَّمَا يُجَاهِدُ لِنَفْسِهِ ۚ إِنَّ اللّٰهَ
لَغَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ ﴿٦﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَنَجْزِيَنَّهُمْ
اَحْسَنَ الَّذِيْ كَانُوْا يَعْمَلُوْنَ ﴿٧﴾ وَوَصَّيْنَا
الْاِنْسَانَ بِوَالِدَيْهِ حُسْنًا ۗ وَاِنْ جَاهَدٰكَ
لِتُشْرِكَ بِيْ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا ۗ
اِلَيَّ مَرْجِعُكُمْ فَاُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٨﴾
وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُدْخِلَنَّهُمْ
فِي الصّٰلِحِيْنَ ﴿٩﴾ وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا
بِاللّٰهِ فَاِذَآ اُوْذِيَ فِي اللّٰهِ جَعَلَ فِتْنَةَ النَّاسِ كَعَذَابِ
اللّٰهِ ۗ وَلَئِنْ جَآءَ نَصْرٌ مِّنْ رَّبِّكَ لَيَقُوْلُنَّ اِنَّا كُنَّا

منزل ٥

અને જે અલ્લાહના માર્ગમાં પ્રયત્ન કરે[૨૯૧] તો તે પોતાની ભલાઇ ખાતર જ પ્રયત્ન કરે છે[૨૯૨]. બેશક ! અલ્લાહ બેપરવાહ છે સારાય જગતથી[૨૯૩] (૬) અને જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા અમે અવશ્ય તેમની બુરાઇઓ ઉતારી દઇશું[૨૯૪] અને અવશ્ય અમે તેમને તે કામ બદલ બદલો આપીશું જે તેમના બધાં કામોમાં ઉત્તમ હતું[૨૯૫] (૭) અને અમે માનવીને તાકીદ કરી પોતાના માં-બાપ સાથે સદવર્તનની[૨૯૬] અને જો તેઓ કોશિશ કરે કે તુ મારો શરીક ઠેરવે જેની જાણકારી તને નથી તો તેમનું કહેવું ન માન[૨૯૭] મારી તરફ જ તમારે પરત થવાનું છે તો હું જણાવી દઇશ તમને જે તમે કરતા હતા[૨૯૮] (૮) અને જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા, અવશ્ય અમે તેઓને નેક લોકોમાં સમાવિષ્ટ કરીશું[૨૯૯] (૯) અને અમુક માણસો કહે છે; 'અમે અલ્લાહ પર ઇમાન લાવ્યા' પછી જ્યારે અલ્લાહના રસ્તામાં તેઓને કંઇક કષ્ટ અપાય છે[૩૦૦] ત્યારે લોકોના ફિત્નાને અલ્લાહના

થયા હતા, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમના વિશે ફરમાવ્યું હતું; મિહજઅ "સય્યદુશ્શુહદા" છે અને આ ઉમ્મતમાંથી જન્નતનાં દ્વાર તરફ સર્વપ્રથમ તેમને બોલાવવામાં આવશે. એમના માં-બાપ અને એમની પત્નીને આપની શહાદતનો ઘણો સદમો થયો હતો ત્યારે અલ્લાહે આ આયત ઉતારી તેમને આશ્વાસન આપ્યું.

૨૮૪. જાત જાતની અજમાઇશોમાં નાખ્યા. અમુક તેમનામાં એવા છે જેમને આરીથી ચીરી નાખવામાં આવ્યા અમુકને લોઢાની કાંસકીઓ વડે ટુકડે ટુકડા કરવામાં આવ્યા, છતાં સત્યતા અને વફાદારીના સ્થાને અટલ અને જામેલા રહ્યા.

૨૮૫. દરેકની હાલત જાહેર કરી દેશે.

૨૮૬. શિર્ક અને ગુન્હાઓમાં સપડાએલા છે.

૨૮૭. અને અમે તેમની પાસેથી બદલો નહિ લઇએ.

૨૮૮. મૃત્યુ પછી ઉઠવાથી અને હિસાબથી ડરે અને સવાબની આશા રાખે.

૨૮૯. તેણે સવાબ અને અઝાબનો જે વાયદો આપેલો છે તે જરૂર પુરો થવાનો છે તેના માટે તૈયાર રહેવું જોઇએ અને નેક કામો કરવામાં ઉતાવળ કરે.

૨૯૦. બન્દાઓની વાતો અને કામોને.

૨૯૧. દીનના દુશ્મનો સાથે યુધ્ધ કરીને અથવા તો નફસ અને શયતાનનો વિરોધ કરીને અને અલ્લાહની ઇબાદત પર મક્કમ અને જામેલા રહીને.

અઝાબની સમકક્ષ સમજી લે છે[૩૦૧] અને જો તમારા રબ પાસેથી સહાય આવે[૩૦૨] તો અવશ્ય કહેશે; 'અમે તો તમારી સાથે જ હતા[૩૦૩], શું અલ્લાહ સારી પેઠે જાણતો નથી જે કંઇ જગત આખાના દિલોમાં છે તે[૩૦૪]? (૧૦) અને અવશ્ય અલ્લાહ જાહેર કરી દેશે ઇમાનવાળાઓને[૩૦૫] અને અવશ્ય જાહેર કરી દેશે મુનાફિકોને[૩૦૬] (૧૧) અને બોલ્યા કાફિરો મુસલમાનોને; 'અમારા રસ્તે ચાલો અને અમે તમારા ગુન્હાઓ ઉપાડી લઇશું[૩૦૭]' અને તેઓ એમના ગુન્હાઓમાંથી કશું જ ઉપાડશે નહિ, બેશક ! તેઓ જૂઠા છે (૧૨) અને બેશક ! જરૂર પોતાનો[૩૦૮] બોજો ઉપાડશે અને પોતાના બોજા સાથે બીજાનો બોજો[૩૦૯] અને અવશ્ય કયામતના દિવસે તેમને પૂછાશે જે કંઇ બોહતાન ઠોકી બેસાડતા હતા તે[૩૧૦] (૧૩) અને બેશક ! અમે નૂહને તેની કોમ તરફ મોકલ્યો તો તે તેઓમાં હજાર વરસોમાં પચાસ વરસ ઓછાં સુધી રહ્યો[૩૧૧], તો તેઓને તોફાને પકડી લીધા અને તેઓ જુલ્મીઓ હતા[૩૧૨] (૧૪) તો અમે તેને[૩૧૩] અને વહાણવાળાઓને[૩૧૪] બચાવી લીધા અને તે વહાણને સારાય જગત માટે ચિન્હ બનાવ્યું[૩૧૫] (૧૫)



مَعَكُمْ ۚ اَوَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِمَا فِىْ صُدُوْرِ الْعٰلَمِيْنَ ﴿١٠﴾
وَلَيَعْلَمَنَّ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَلَيَعْلَمَنَّ الْمُنٰفِقِيْنَ ﴿١١﴾
وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوا اتَّبِعُوْا
سَبِيْلَنَا وَلْنَحْمِلْ خَطٰيٰكُمْ ۗ وَمَا هُمْ بِحٰمِلِيْنَ
مِنْ خَطٰيٰهُمْ مِّنْ شَىْءٍ ۗ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿١٢﴾
وَلَيَحْمِلُنَّ اَثْقَالَهُمْ وَاَثْقَالًا مَّعَ اَثْقَالِهِمْ
وَلَيُسْـَٔلُنَّ يَوْمَ الْقِيٰمَةِ عَمَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿١٣﴾
وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَلَبِثَ فِيْهِمْ
اَلْفَ سَنَةٍ اِلَّا خَمْسِيْنَ عَامًا ۗ فَاَخَذَهُمُ
الطُّوْفَانُ وَهُمْ ظٰلِمُوْنَ ﴿١٤﴾ فَاَنْجَيْنٰهُ وَ
اَصْحٰبَ السَّفِيْنَةِ وَجَعَلْنٰهَآ اٰيَةً لِّلْعٰلَمِيْنَ ﴿١٥﴾

૨૯૨. એનો લાભ અને સવાબ મેળવશે.

૨૯૩. માનવી જિન્નાત અને ફરિશ્તાઓ અને તેમની ઇબાદતો અને આમાલથી. તેના હુક્મો અને મનાઇઓ ફરમાંબરદાર બન્દાઓ પર મહેરબાની અને કૃપા ખાતર છે.

૨૯૪. નેકીઓના કારણે.

૨૯૫. અર્થાત નેક કામ બદલ.

૨૯૬. ઉપકાર અને સારા સંબંધોની.

**શાને નુઝૂલ** :- આ આયત અને સૂરએ લુકમાન અને સૂરએ અહકાફની આયતો સઅદ બિન અબી વક્કાસ રદીયલ્લાહુ અન્હૂ વિષે અને ઇસ્હાકના કથન મુજબ સઅદ બિન માલિક ઝહરી વિષે ઉતરી. એમની માં હમ્ના બિન્તે અબી સુફયાન બિન ઉમય્યા બિન અબ્દે શમ્સ હતાં, હઝરત સઅદ સાબિકીન અવ્વલીન-માંના હતા અને પોતાનાં માં-બાપ સાથે સારૂં વર્તન રાખતા હતા, જ્યારે આપે ઇસ્લામ કબૂલ કર્યો ત્યારે આપની માંએ કહ્યું; 'તેં આ શું નવું કામ કર્યું, ખુદાની કસમ ! જો તુ આનાથી ફરી જઇશ નહિ તો હું મરણવ્રત પર ઉતરીશ અને હંમેશા માટે તારી બદનામી થઇ જશે અને તને માંનો ખૂની કહેવામાં આવશે.' પછી એ વૃધ્ધાએ અપવાસ શરૂ કરી દીધા અને એક દિવસ રાત સુધી કશું ખાધું નહિ અને પીધું પણ નહિ. તેમજ છાંયડામાં પણ બેસી નહિ એટલે અશકત બની ગઇ, ફરી પાછી એક દિવસ રાત એમ જ કર્યું ત્યારે હઝરત સઅદ તેણી પાસે ગયા અને ક્હયું; 'અય માં ! જો તારા એકસો જીવ હોય અને ક્રમવાર બધા જ નીકળી જાય તો પણ હું મારો ધર્મ ત્યજવાનો નથી, તુ ઇચ્છે તો ખા અથવા ન ખા, જ્યારે તેણી હઝરત સઅદ

તરફથી નિરાશ બની ગઇ કે એ પોતાનો દીન છોડવાના નથી ત્યારે ખાવા પીવાનું શરૂ કર્યું. તે બાબત અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને હુકમ આપ્યો કે માં-બાપ સાથે સારૂં વર્તન રાખો પણ જો તેઓ કુફ્ર કે શિર્ક કરવાનું કહે તો તેમની વાત માનશો નહિ.

૨૯૭. કારણ કે જે વાતની જાણકારી ન હોય તેને કોઇના કહેવાથી માની લેવું એ તકલીદ છે, તો કહેવાનો અર્થ એ થયો કે વાસ્તવમાં કોઇ મારો શરીક તો છે નહિ તેથી ઇલ્મ અને તહકીકથી તો કોઇ મારો શરીક માની શકતું નથી, અશક્ય છે, રહી તકલીદ એટલે કે ઇલ્મ વગર કોઇના કહેવાથી એવું માનવું તો એ બહું જ ખરાબ છે, એમાં માં-બાપનું કહ્યું પણ ન માન. અલ્લાહની નાફરમાની થાય એવી વાતમાં મખ્લૂકની ફરમાંબરદારી કરવી જાઇઝ નથી.

૨૯૮. તમારા કૃત્યોનો બદલો આપશે.

૨૯૯. કે હશ્રમાં તેમની ભેગા ઉઠાડીશું. અને સાલિહીનનો નિર્દેશ નબીઓ અને વલીઓ તરફ છે.

૩૦૦. એટલે કે દીન ખાતર કોઇ તકલીફ પહોંચે છે જેમકે કાફિરો ઇજા આપે છે તે.

૩૦૧. અને અલ્લાહના અઝાબથી જેવું ડરવું જોઇએ તેવુ મખ્લૂકની ઇજાથી ડરે છે એટલે સુધી કે ઇમાન છોડી દઇને કુફ્ર ધારણ કરી લે છે. આ હાલત મુનાફિકોની છે.

૩૦૨. દા. ત. મુસલમાનોની જીત થાય અથવા તેમને દોલત મળે.

૩૦૩. ઇમાન અને ઇસ્લામમાં, અને તમારી જેમ જ દીન પર અટલ હતા એટલે અમને પણ આમાં ભાગ આપો.

૩૦૪. કુફ્ર અથવા ઇમાન.

૩૦૫. જેઓ સચ્ચાઇપૂર્વક ઇમાન લાવ્યા અને બલાઓ મુસીબતો સમયે પોતાના ઇસ્લામ અને ઇમાન પર અટલ રહ્યા.

૩૦૬. અને બન્ને પક્ષોને બદલો આપશે.

૩૦૭. મક્કાના કાફિરોએ કુરેશના મુઅમિનોને કહ્યું હતું કે; તમે અમારા અને અમારા બાપ-દાદાઓનો ધર્મ સ્વીકારી લો તમને અલ્લાહ તરફથી જે મુસબતો લાધશે તેની જવાબદારી અમારા શિરે રહેશે અને તમારા ગુન્હાઓ અમારી ગરદન પર. એટલે કે અમારા ધર્મ પર રહેવાના કારણે જો અલ્લાહ તમને પકડશે અને અઝાબ કરશે તો તમારો અઝાબ અમે અમારી ઉપર લઇ લઇશું. અલ્લાહ તઆલાએ એને જૂઠાડયુ.

૩૦૮. કુફ્ર અને ગુન્હાઓનો.

૩૦૯. તેમના ગુન્હાઓનો જેમને **એમણે** ભટકાવ્યા અને સત્યમાર્ગથી અટકાવ્યા. હદીષ શરીફમાં છે કે જેણે ઇસ્લામમાં કોઇ ખરાબ રીત કાઢી તેની ઉપર તે રીત કાઢવાનો પણ ગુન્હો છે અને કયામત સુધી જે લોકો એ રીત મુજબ કામ કરશે તે બધાંના ગુન્હાઓ પણ, અમલ કરનારાઓના ગુન્હાઓના બોજામાંથી કશું જ ઓછું કર્યા વગર. (મુસ્લિમ).

૩૧૦. અલ્લાહ તઆલા તેમનાં કર્મો અને બોહતાનો સર્વનો જાણકાર છે છતાં આ પૂછવાનું તેમને અપમાનિત કરવા ખાતર હશે.

૩૧૧. એ બધીય મુદ્દત દરમ્યાન કોમને તવહીદ અને ઇમાન તરફ પોકારતા રહ્યા અને તેમના તરફથી મળતી ઇજાઓ બદલ સબર કરી છતાં તે કોમ અટકી નહી અને જૂઠાડવાનું ચાલુ રાખ્યું.

૩૧૨. પૂરમાં ડૂબી ગયા. આમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આશ્વાસન આપવામાં આવ્યું છે

وَإِبْرٰهِيمَ إِذْ قَالَ لِقَوْمِهِ اعْبُدُوا اللّٰهَ وَاتَّقُوهُ
ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ إِن كُنتُمْ تَعْلَمُونَ (١٦) إِنَّمَا تَعْبُدُونَ
مِن دُونِ اللّٰهِ أَوْثٰنًا وَتَخْلُقُونَ إِفْكًا ۚ إِنَّ الَّذِينَ
تَعْبُدُونَ مِن دُونِ اللّٰهِ لَا يَمْلِكُونَ لَكُمْ رِزْقًا
فَابْتَغُوا عِندَ اللّٰهِ الرِّزْقَ وَاعْبُدُوهُ وَاشْكُرُوا لَهُ ۚ
إِلَيْهِ تُرْجَعُونَ (١٧) وَإِن تُكَذِّبُوا فَقَدْ كَذَّبَ أُمَمٌ مِّن ع
قَبْلِكُمْ ۖ وَمَا عَلَى الرَّسُولِ إِلَّا الْبَلٰغُ الْمُبِينُ (١٨) أَوَلَمْ يَرَوْا
كَيْفَ يُبْدِئُ اللّٰهُ الْخَلْقَ ثُمَّ يُعِيدُهُ ۚ إِنَّ ذٰلِكَ عَلَى
اللّٰهِ يَسِيرٌ (١٩) قُلْ سِيرُوا فِي الْأَرْضِ فَانظُرُوا كَيْفَ
بَدَأَ الْخَلْقَ ۚ ثُمَّ اللّٰهُ يُنشِئُ النَّشْأَةَ الْآخِرَةَ ۚ
إِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ (٢٠) يُعَذِّبُ مَن

અને ઇબ્રાહીમને[૩૧૬], જ્યારે તેણે પોતાની કોમને કહ્યું; 'અલ્લાહને પૂજો અને તેનાથી ડરો એમાં તમારૂ ભલું છે જો તમે જાણતા હોઉ (૧૬) તમે તો અલ્લાહ સિવાય બુતોને પૂજો છો અને નર્યું જૂઠ ઠોકો છો[૩૧૭], બેશક ! તેઓ જેમને તમે અલ્લાહ સિવાય પૂજો છો તમારી રોજીનાં કશાંય માલિક નથી, તો અલ્લાહ પાસે રોજી ઢુંઢો[૩૧૮] અને તેની બંદગી કરો અને તેનું એહસાન માનો તમારે તેની તરફ જ પાછુ જવાનું છે[૩૧૯] (૧૭) અને જો તમે જૂઠાડો[૩૨૦] તો તમારી આગળ કેટલાંએ જુથો જૂઠાડી ચૂકયા છે[૩૨૧] અને રસૂલના શિરે નથી પણ પહોંચાડી દેવું સ્પષ્ટ રીતે (૧૮) અને શું તેઓએ જોયું નથી કે અલ્લાહ કેવી રીતે સૃષ્ટિનો આરંભ કરે છે[૩૨૨] ફરી એને બીજીવાર બનાવશે[૩૨૩]. બેશક ! એ અલ્લાહને આસાન છે[૩૨૪] (૧૯) તમે ફરમાવો; 'ધરતીમાં સફર કરીને જુઓ[૩૨૫]. અલ્લાહ કેવી રીતે પ્રારંભમાં સર્જે છે[૩૨૬] પછી અલ્લાહ બીજીવારનો ઉઠાવ ઉઠાવે છે[૩૨૭]. બેશક ! અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે (૨૦) અઝાબ આપે છે જેને ઇચ્છે[૩૨૮] અને દયા કરે

કે આપનાથી આગળના નબીઓ સાથે પણ તેમની કોમોએ ખૂબ ખૂબ સખ્તીઓ કરી છે. હઝરત નૂહ અલયહિસ્સલામ ૯૫૦ વરસ પ્રચાર કરતા રહ્યા પણ તેમની કોમના બહું જ થોડા લોકોએ ઇમાન કબૂલ કર્યું, તો આપ ખેદ કરશો નહિ કારણ કે અલ્લાહની કૃપાથી આપના થોડી મુદ્દતના પ્રચારથી ઘણી બધી મખ્લૂક ઇમાનથી પાવન થઇ ચૂકી છે.

૩૧૩. એટલે કે નૂહ અલયહિસ્સલામને.

૩૧૪. જેઓ આપની સાથે હતા તેમની સંખ્યા ૭૮ હતી, અડધા પુરૂષો અને અડધી સ્ત્રીઓ એમાં હઝરત નૂહ અલયહિસ્સલામના પુત્રો સામ, હામ અને યાફિસ તેમજ તેમની પત્નીઓનો પણ સમાવેશ થાય છે.

૩૧૫. કહેવામાં આવ્યું છે કે તે વહાણ 'જુદી' પર્વત પર લાંબા સમય સુધી બાકી રહ્યું.

૩૧૬. યાદ કરો.

૩૧૭. કે મૂર્તિઓને અલ્લાહની ભાગીદાર ઠેરવો છો.

૩૧૮. તેજ રોજી દેનાર છે.

૩૧૯. આખેરતમાં.

૩૨૦. અને મને માનો નહિ તો એમાં મારૂં કશું નુકસાન નથી, મેં રસ્તો દેખાડી દીધો મુઅજિઝાઓ પણ દેખાડયા, મારો ફરજ પુરો થઇ ગયો છતાં જો તમે માનો નહિ.....

૩૨૧. પોતાના નબીઓને જેવી રીતે કે નૂહ, આદ અને ષમૂદની કોમો વિગેરે. તેમના જૂઠાડવાનું પરિણામ એ જ આવ્યું કે અલ્લાહ તઆલાએ તેઓનો નાશ કર્યો.

يشاء ويرحم من يشاء واليه تقلبون ﴿٢١﴾ وما انتم
بمعجزين في الارض ولا في السماء وما لكم
من دون الله من ولي ولا نصير ﴿٢٢﴾ والذين
كفروا بايت الله ولقائه اولئك يئسوا من
رحمتي واولئك لهم عذاب اليم ﴿٢٣﴾ فما كان
جواب قومه الا ان قالوا اقتلوه او حرقوه
فانجىه الله من النار ان في ذلك لايت لقوم
يؤمنون ﴿٢٤﴾ وقال انما اتخذتم من دون الله
اوثانا مودة بينكم في الحيوة الدنيا ثم يوم
القيمة يكفر بعضكم ببعض ويلعن بعضكم
بعضا وماوىكم النار وما لكم من نصرين ﴿٢٥﴾

છે જેના પર ઇચ્છે[૩૨૯]. અને તમારે તેની તરફ જ પરત જવાનું છે (૨૧) અને ન તમે પૃથ્વીમાં[૩૩૦] કાબૂમાંથી નીકળી શકો અને નહિ તો આકાશમાં[૩૩૧]. અને તમારા માટે અલ્લાહ સિવાય ન કોઇ કાર્યસાધક ન તો સહાયક' (૨૨) અને તેઓ જેમણે મારી આયતોને અને મને મળવાને માન્યું નહિ[૩૩૨] તેઓ તે છે જેમને મારી રહમતની આશા નથી અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે[૩૩૩] (૨૩) તો તેની કોમથી કશો જવાબ અપાયો નહિ, પણ એ જ કે બોલ્યા; 'એમને મારી નાખો અથવા સળગાવી દો[૩૩૪]' તો અલ્લાહે તેને[૩૩૫] આગથી બચાવી લીધો[૩૩૬]. બેશક ! આમાં અવશ્ય ચિન્હો છે, ઇમાનવાળાઓ માટે[૩૩૭] (૨૪) અને ઇબ્રાહીમે[૩૩૮] કહ્યું; 'તમે તો અલ્લાહ સિવાય આ મૂર્તિઓ બનાવી લીધી છે જેમની સાથે તમારી મૈત્રી આ દુનિયાના જીવન પુરતી જ છે[૩૩૯] પછી કયામતના દિવસે તમારામાં એક બીજા સાથે કુફ્ર કરશે અને એક બીજા પર લઅનત નાખશે[૩૪૦] અને તમારા સર્વેનું ઠેકાણું જહન્નમ છે[૩૪૧] અને તમારો કોઇ મદદગાર નથી (૨૫)

૩૨૨. કે પ્રથમ તેમને ગર્ભ બનાવે છે પછી જામેલું ખૂન પછી માંસનો લોચો કરે છે એવી રીતે તબક્કાવાર તેમનું સર્જન પુરૂં કરે છે.

૩૨૩. આખેરતમાં ઉઠતી વખતે.

૩૨૪. અર્થાત પ્રથમવારનું સર્જન અને ફરી બીજીવારનું બનાવવું.

૩૨૫. ગુજરી ગએલી કોમોનાં ઘરો અને ખંડેરો.

૩૨૬. મખ્લૂકને. પછી એમને મૃત્યુ આપે છે.

૩૨૭. અર્થાત જ્યારે એ વાત ખાત્રીપૂર્વક જાણી લીધી કે પ્રથમવાર અલ્લાહે જ બનાવ્યાં તો પછી જણાઇ ગયું કે એવા સર્જનહાર માટે મખ્લૂકને તેમના મૃત્યુ પછી ફરીવાર બનાવવું કશું જ કપરૂં નથી.

૩૨૮. પોતાના ઇન્સાફથી.

૩૨૯. પોતાની કૃપાથી.

૩૩૦. પોતાના રબના...

૩૩૧. તેનાથી બચીને ભાગી છુટવાનો ક્યાંયે માર્ગ નથી. અથવા એવો અર્થ છે કે ન તો પૃથ્વીવાળાં તેના હુકમ અને મરજી વિરૂદ્ધ ક્યાંક નાસી જઇ શકે છે ન આકાશવાળાં.

૩૩૨. અર્થાત કુરઆન શરીફ અને હશ્રમાં ઉઠવાને માન્યું નહિ.

૩૩૩. આ નસીહત અને શિખામણ પછી ફરી પાછું હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના બનાવનું વર્ણન કરવામાં આવે છે કે જ્યારે આપે આપની કોમને ઇમાનનું નિમંત્રણ આપ્યું અને દલીલો રજુ કરી અને

તો લૂત તેના પર ઇમાન લાવ્યો[૩૪૨] અને ઇબ્રાહીમે કહ્યું; ‘હુ[૩૪૩] મારા રબ પ્રતિ હિજરત કરૂં છું[૩૪૪] બેશક ! તેજ ઇજ્જતવાળો હિકમતવાળો છે’ (૨૬) અને અમે તેને[૩૪૫] ઇસ્હાક અને યાકૂબ આપ્યા અને અમે તેની ઔલાદમાં નબુવ્વત[૩૪૬] અને કિતાબ રાખી[૩૪૭] અને અમે દુનિયામાં તેનો સવાબ તેને આપ્યો[૩૪૮] અને બેશક ! આખેરતમાં તે અમારી ખાસ નિકટતાપાત્ર લોકોમાં છે[૩૪૯] (૨૭) અને લૂતને નજાત આપી જ્યારે તેણે પોતાની કોમને કહ્યું; ‘તમે બેશક ! લજ્જાહિન કાર્ય કરો છો કે તમારા પહેલાં જગતભરમાં કોઇએ કર્યું નથી[૩૫૦] (૨૮) શું તમે પુરૂષો સાથે પ્રકૃતિ વિરૂધ્ધનું કાર્ય કરો છો? અને લૂંટ મચાવો છો[૩૫૧]? અને પોતાની મજલિસમાં બુરી વાત કરો છો[૩૫૨] તો તેની કોમથી કશો જવાબ અપાયો નહિ પણ એ જ કે બોલ્યા; ‘જો તમે સાચા હોઉ તો અમારી ઉપર અલ્લાહનો અઝાબ લાવો[૩૫૩]’ (૨૯) વિનંતી કરી; ‘અય મારા રબ ! મારી મદદ કર[૩૫૪] આ ફસાદી લોકો પર[૩૫૫] (૩૦)

امن خلق ٢٠ العنكبوت ٢٩

فَاٰمَنَ لَهٗ لُوْطٌ وَقَالَ اِنِّىْ مُهَاجِرٌ اِلٰى رَبِّىْ
اِنَّهٗ هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٦﴾ وَوَهَبْنَا لَهٗ اِسْحٰقَ
وَيَعْقُوْبَ وَجَعَلْنَا فِىْ ذُرِّيَّتِهِ النُّبُوَّةَ
وَالْكِتٰبَ وَاٰتَيْنٰهُ اَجْرَهٗ فِى الدُّنْيَا وَاِنَّهٗ فِى
الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿٢٧﴾ وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖٓ
اِنَّكُمْ لَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ
اَحَدٍ مِّنَ الْعٰلَمِيْنَ ﴿٢٨﴾ اَئِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ
وَتَقْطَعُوْنَ السَّبِيْلَ وَتَاْتُوْنَ فِىْ نَادِيْكُمُ
الْمُنْكَرَ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ اَنْ قَالُوا
ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٢٩﴾
قَالَ رَبِّ انْصُرْنِىْ عَلَى الْقَوْمِ الْمُفْسِدِيْنَ ﴿٣٠﴾

નસીહત કરી...

૩૩૪. આ તેઓએ પરસ્પર એકબીજાને કહ્યું અથવા આગેવાનોએ પોતાના અનુયાયીઓને. ખૈર પણ તેમાં અમુક આવું કહેનાર હતા અને અમુક એમાં સંમત થનાર એટલા માટે તે બધા જ કહેનારાઓ કહેવાયા.

૩૩૫. એટલે કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને. જ્યારે આપને આપની કોમે આગમાં નાખ્યા.....

૩૩૬. તે આગને ઠંડી પાડી દઇને અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ માટે સલામત બનાવીને.

૩૩૭. આશ્ચર્યજનક નિશાનીઓ. આગનું આટલા મોટા પ્રમાણમાં હોવા છતાં અસરકારક ન રહેવું અને ઠંડકવાળી બની જવું અને તે સ્થાને બગીચાનું સર્જન અને આ બધું પળવારથી પણ ઓછા સમયમાં બની જવું વિગેરે.

૩૩૮. પોતાની કોમને.

૩૩૯. પછી તૂટી જશે અને આખેરતમાં કશા ખપની નથી.

૩૪૦. મૂર્તિઓ પોતાને પૂજનારાઓથી બેઝાર બની જશે અને આગેવાનો પોતાના અનુયાયીઓથી અને અનુયાયીઓ આગેવાનોને લઅ્નત કરશે.

૩૪૧. મૂર્તિઓનું પણ અને પૂજનારાઓનું પણ સરદારોનું પણ અને તાબેદારોનું પણ.

૩૪૨. અર્થાત આ મુઅજિઝો જોઇને હઝરત લૂત અલયહિસ્સલામે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલા-

અને જ્યારે અમારા ફરિશ્તાઓ ઇબ્રાહીમ પાસે શુભ સમાચાર લઇને આવ્યા[૩૫૬] (ત્યારે) તેઓએ કહ્યું; 'અમે અવશ્ય તે શહેરવાળાઓનો નાશ કરીશું[૩૫૭] બેશક ! ત્યાંના રહીશો અત્યાચારી છે' (૩૧) કહ્યું[૩૫૮]; 'તેમાં તો લૂત છે[૩૫૯]' ફરિશ્તાઓ બોલ્યા; 'અમને સારી રીતે ખબર છે જે કોઇ તેમાં છે (તેની) જરૂર અમે તેને[૩૬૦] અને તેનાં ઘરવાળાંઓને ઉગારી લઇશું પણ તેની સ્ત્રીને કે તેણી રહી જનારાઓમાં[૩૬૧] છે' (૩૨) અને જ્યારે અમારા ફરિશ્તા લૂત પાસે[૩૬૨] આવ્યા, તેમનું આવવું તેને ગમ્યું નહિ અને તેમના કારણે નારાજ થયો[૩૬૩] અને તેમણે કહ્યું; 'ડરો નહિ[૩૬૪] અને ખેદ કરશો નહિ[૩૬૫] બેશક ! અમે આપને અને આપનાં ઘરવાળાંઓને ઉગારી લઇશું પણ આપની ઔરત કે તેણી રહી જનારાઓમાં છે (૩૩) બેશક ! અમે આ શહેરવાળાઓ પર આકાશમાંથી અઝાબ ઉતારનાર છીએ બદલો તેમની નાફરમાનીઓનો' (૩૪) અને બેશક ! અમે એના વડે સ્પષ્ટ નિશાની બાકી રાખી બુધ્ધિમાનો માટે[૩૬૬] (૩૫)

امن خلق ٢٠ العنكبوت ٢٩

وَلَمَّا جَاءَتْ رُسُلُنَآ إِبْرٰهِيمَ بِالْبُشْرٰى قَالُوٓا
إِنَّا مُهْلِكُوٓا أَهْلِ هٰذِهِ الْقَرْيَةِ إِنَّ أَهْلَهَا
كَانُوا ظٰلِمِينَ ﴿٣١﴾ قَالَ إِنَّ فِيهَا لُوطًا قَالُوا
نَحْنُ أَعْلَمُ بِمَنْ فِيهَا لَنُنَجِّيَنَّهُ وَأَهْلَهُ إِلَّا
امْرَأَتَهُ كَانَتْ مِنَ الْغٰبِرِينَ ﴿٣٢﴾ وَلَمَّآ أَنْ
جَاءَتْ رُسُلُنَا لُوطًا سِيٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ
ذَرْعًا وَقَالُوا لَا تَخَفْ وَلَا تَحْزَنْ إِنَّا
مُنَجُّوكَ وَأَهْلَكَ إِلَّا امْرَأَتَكَ كَانَتْ مِنَ
الْغٰبِرِينَ ﴿٣٣﴾ إِنَّا مُنْزِلُونَ عَلٰىٓ أَهْلِ هٰذِهِ
الْقَرْيَةِ رِجْزًا مِنَ السَّمَآءِ بِمَا كَانُوا يَفْسُقُونَ ﴿٣٤﴾
وَلَقَدْ تَرَكْنَا مِنْهَآ اٰيَةً بَيِّنَةً لِقَوْمٍ يَعْقِلُونَ ﴿٣٥﴾

મની રિસાલતને ટેકો આપ્યો. આપ સર્વ પ્રથમ હઝરત ઇબ્રાહીમની સત્યતા જાહેર કરનાર છે. ઇમાનનો ભાવાર્થ અહીં રિંસાલતની સત્યતાને ટેકો આપવાનો અને તેની સત્યતાને જાહેર કરવાનો જ છે કારણ કે મૂળ તવહીદની માન્યતા તો તેમને હમેશાં પ્રાપ્ત જ હતી કારણ કે નબીઓ હમેશાં જ મો'મિન હોય છે અને કુફ્ર કોઇપણ પરિસ્થિતિમાં તેમની અંદર હોય એવું તો વિચારી પણ શકાય નહિ.

૩૪૩. પોતાની કોમને છોડીને...

૩૪૪. જ્યાં તેનો હુકમ થાય ત્યાં. જેમ કે આપે ઇરાકમાંથી સિરિયા તરફ હિજરત કરી. એ હિજરતમાં આપની સાથે આપનાં પત્ની સારા અને લૂત અલયહિસ્સલામ હતા.

૩૪૫. ઇસ્માઇલ અલયહિસ્સલામ પછી...

૩૪૬. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પછી જેટલા પૈગમ્બરો થયા તે બધા આપના વંશમાં જ થયા.

૩૪૭. કિતાબનો નિર્દેશ તવરાત, ઇન્જીલ, ઝબૂર અને કુરઆન શરીફ તરફ છે.

૩૪૮. કે પાક વંશ આપ્યો, પૈગમ્બરી આપના વંશમાં રાખી, તે પૈગમ્બરોને કિતાબો આપી જે આપની ઔલાદમાં છે અને આપને મખ્લૂકમાં પ્રિય બનાવ્યા કે બધાય ધર્મોવાળા આપની સાથે મહોબ્બત ધરાવે છે અને આપની સાથે સંબંધિત હોવાથી ગર્વ અનુભવે છે અને દુનિયાના અંત સુધી આપના માટે દુરૂદ નક્કી કરી દીધું. આ તો તે છે જે દુનિયામાં આપ્યું.....

૩૪૯. જેમના માટે ઊંચી પદવીઓ છે.

૩૫૦. આ લજ્જાહિન કાર્યની વિગત આગલી આયતમાં બયાન થાય છે.

અને મદયન તરફ તેમની જ જ્ઞાતિના શુએબને મોકલ્યા તો તેણે કહ્યું; 'અય મારી કોમ ! અલ્લાહની બંદગી કરો અને પાછલા દિવસની આશા રાખો[૩૬૭] અને જમીનમાં ફસાદ ફેલાવતા ફરો નહિ' (૩૬) તો તેઓએ તેને જૂઠાડયો તો તેઓને ધરતીકંપે ભરખી લીધા તો સવારે પોતાના ઘરોમાં ઘુંટણભેર પડેલા રહી ગયા[૩૬૮] (૩૭) અને આદ અને ષમૂદનો વિનાશ કર્યો અને તમને[૩૬૯] તેમનાં ગામોની ખબર છે[૩૭૦] અને શયતાને તેમનાં કૃત્યો[૩૭૧] તેમની દ્રષ્ટિમાં સારાં કરી દેખાડયાં અને તેઓને માર્ગથી અટકાવ્યા અને તેઓને સુજતું હતું[૩૭૨] (૩૮) અને કારૂન અને ફિરઓન અને હામાનને[૩૭૩]. અને બેશક ! તેઓ પાસે મૂસા સ્પષ્ટ નિશાનીઓ લઇને આવ્યો તો તેમણે ધરતીમાં ઘમંડ આચર્યુ અને તેઓ અમારાથી છટકીને જઇ શકતા ન હતા[૩૭૪] (૩૯) તો તેમનામાં દરેકને અમે તેના ગુન્હા બદલ પકડયો તો તેમનોમાં કોઇની ઉપર અમે પથ્થર વર્ષા મોકલી[૩૭૫] અને તેમનામાં કોઇને ગર્જનાએ ભરખી લીધા[૩૭૬] અને

امن خلق ٢٠ العنكبوت ٢٩

وَإِلَىٰ مَدْيَنَ أَخَاهُمْ شُعَيْبًا فَقَالَ يَٰقَوْمِ
اعْبُدُوا اللَّهَ وَارْجُوا الْيَوْمَ الْآخِرَ وَلَا تَعْثَوْا
فِي الْأَرْضِ مُفْسِدِينَ ﴿٣٦﴾ فَكَذَّبُوهُ فَأَخَذَتْهُمُ
الرَّجْفَةُ فَأَصْبَحُوا فِي دَارِهِمْ جَاثِمِينَ ﴿٣٧﴾ وَعَادًا
وَثَمُودَا وَقَدْ تَبَيَّنَ لَكُمْ مِنْ مَسَاكِنِهِمْ
وَزَيَّنَ لَهُمُ الشَّيْطَانُ أَعْمَالَهُمْ فَصَدَّهُمْ
عَنِ السَّبِيلِ وَكَانُوا مُسْتَبْصِرِينَ ﴿٣٨﴾ وَقَارُونَ
وَفِرْعَوْنَ وَهَامَانَ وَلَقَدْ جَاءَهُمْ مُوسَىٰ
بِالْبَيِّنَاتِ فَاسْتَكْبَرُوا فِي الْأَرْضِ وَمَا كَانُوا
سَابِقِينَ ﴿٣٩﴾ فَكُلًّا أَخَذْنَا بِذَنْبِهِ فَمِنْهُمْ
مَنْ أَرْسَلْنَا عَلَيْهِ حَاصِبًا وَمِنْهُمْ مَنْ

૩૫૧. વટેમાર્ગુઓને મારી નાખીને, તેમની માલ દોલત લૂંટી લઇને. અને એવું પણ કહેવામાં આવ્યું છે કે તે લોકો મુસાફરો સાથે બદફેલી કરતા હતા એટલે સુધી કે લોકોએ તે બાજુ થઇને પસાર થવાનું બંધ કરી દીધું હતું.

૩૫૨. જે બૌધ્ધિક અને સામાજિક બન્ને રીતે ખરાબ અને મના છે. જેમકે ગાળો ભાંડવી, બિભત્સ બોલવું, તાળીઓ અને સીટીઓ મારવી, એકબીજાને કાંકરાઓ મારવા, વટેમાર્ગુઓ પર કાંકરા નાખવા, દારૂ પીવું, ઠઠ્ઠા, મશ્કરી અને ગંદી વાતો કરવી, એકબીજા પર થૂકવું વિગેરે હલકાં અને નીચ કામો જેનાથી લૂત ની કોમ ટેવાએલી હતી. હઝરત લૂત અલયહિસ્સલામે એ બદલ તેમને શરમ અપાવી.

૩૫૩. એ વાતમાં કે આ કાર્યો ખરાબ છે અને આવું કરનાર પર અઝાબ ઉતરશે. આવું તેમણે ઠેકડી ઉડાડવા કહયું હતું, જયારે હઝરત લૂત અલયહિસ્સલામને તે લોકોના સીધા માર્ગ પર આવવાની કશી આશા રહી નહિ ત્યારે આપે બારગાહે ઇલાહીમાં...

૩૫૪. અઝાબ ઉતારવા બાબત મારી વાત પુરી કરીને.

૩૫૫. અલ્લાહ તઆલાએ આપની દુઆ કબૂલ કરી.

૩૫૬. તેમના પુત્ર અને પૌત્ર હઝરત ઇસ્હાક અને હઝરત યાકૂબ અલયહિસ્સલામના.

૩૫૭. તે શહેરનું નામ સદૂમ હતું.

૩૫૮. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે.

૩૫૯. અને લૂત અલયહિસ્સલામ તો અલ્લાહના નબી અને ચૂંટાએલા બન્દા છે.

اخذته الصيحة ومنهم من خسفنا به الارض
ومنهم من اغرقنا وما كان الله ليظلمهم
ولكن كانوا انفسهم يظلمون ﴿٤٠﴾ مثل الذين
اتخذوا من دون الله اولياء كمثل العنكبوت
اتخذت بيتا وان اوهن البيوت لبيت
العنكبوت لو كانوا يعلمون ﴿٤١﴾ ان الله يعلم
ما يدعون من دونه من شيء وهو
العزيز الحكيم ﴿٤٢﴾ وتلك الامثال
نضربها للناس وما يعقلها الا العالمون ﴿٤٣﴾
خلق الله السماوات والارض بالحق ان
في ذلك لاية للمؤمنين ﴿٤٤﴾

તેમનામાં કોઇને ધરતીમાં ધસાવી દીધા[૩૭૭] અને તેમનામાં કોઇને ડૂબાડી દીધા[૩૭૮]. અને અલ્લાહની શાન ન હતી કે તેમની ઉપર જુલમ કરે[૩૭૯] હા ! તેઓ પોતે જ[૩૮૦] પોતાના પ્રાણો પર જુલમ કરતા હતા (૪૦) તેઓનું દ્રષ્ટાંત જેમણે અલ્લાહ સિવાય બીજા માલિક બનાવી કાઢયા છે[૩૮૧] કરોડીયાની જેમ છે, તેણે જાળાનું ઘર બનાવ્યું[૩૮૨]. અને બેશક ! બધા ઘરોમાં બોદું ઘર કરોડીઆનું ઘર[૩૮૩]. કેટલું સારૂં થાત જો (તેઓ) જાણત[૩૮૪] (૪૧) જે વસ્તુની અલ્લાહ સિવાય પૂજા કરે છે[૩૮૫] તેને અલ્લાહ જાણે છે. અને તે જ ઇજ્જતવાળો હિકમતવાળો છે[૩૮૬] (૪૨) અને આ દ્રષ્ટાંતો અમે લોકો માટે વર્ણવીએ છીએ અને એને નથી સમજતા પણ ઇલ્મવાળા[૩૮૭] (૪૩) અલ્લાહે આકાશ અને પૃથ્વી સત્ય બનાવ્યાં બેશક ! એમાં નિશાની છે[૩૮૮] મુસલમાનો માટે (૪૪)

૩૬૦. એટલે કે લૂત અલયહિસ્સલામને.

૩૬૧. અઝાબમાં.

૩૬૨. રૂપાળા મહેમાનોના રૂપમાં.

૩૬૩. કોમનાં કૃત્યો અને તેઓની નાલાયકીનો વિચાર કરીને. ત્યારે ફરિશ્તાઓએ જાહેર કર્યું કે તેઓ અલ્લાહ તરફથી મોકલાએલા છે.

૩૬૪. કોમથી.

૩૬૫. અમારો કે ક્યાંક કોમના લોકો અમારી સાથે કોઇ બેઅદબી કે ગુસ્તાખી કરી બેસશે. અમે તો ફરિશ્તાઓ છીએ અને અમે એ લોકોનો નાશ કરીશું અને...

૩૬૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે તે સ્પષ્ટ નિશાની કોમે લૂતના વેરાન ઘરો છે.

૩૬૭. અર્થાત કયામતના દિવસની એવાં કામો કરીને જે આખેરતના સવાબનું કારણ બને.

૩૬૮. જીવ વગરનાં મડદાંઓ.

૩૬૯. અય મક્કાવાસીઓ !

૩૭૦. હિજ્ર અને યમનમાં જ્યારે કે તમે પોતાની સફરોમાં ત્યાંથી પસાર થાવ છો.

૩૭૧. કુફ્ર અને હુકમોનું ઉલ્લંઘન.

૩૭૨. બુધ્ધિશાળી હતા સત્ય અસત્યનો ફેર સમજી શકતા હતા પણ તેઓએ બુધ્ધિ અને ન્યાયથી કામ

લીધું નહિ.

૩૭૩. અલ્લાહ તઆલાએ હલાક કર્યા.

૩૭૪. કે જેથી અમારા અઝાબથી બચી જાય.

૩૭૫. તે લૂતની કોમ હતી જેમને નાના નાના કાંકરાઓ વડે હલાક કરવામાં આવી જે સખત વાવાઝોડાથી ઉડીને તેનને વાગતા હતા.

૩૭૬. અર્થાત ષમૂદની કોમ જે ભયંકર અવાજના અઝાબ વડે હલાક કરવામાં આવી.

૩૭૭. એટલે કે કારૂન અને તેના સાથીદારોને.

૩૭૮. જેવી રીતે કે નૂહની કોમને ફિરઔન અને તેની કોમને.

૩૭૯. તે કોઇને ગુન્હા વગર અઝાબમાં સપડાવતો નથી.

૩૮૦. હુકમોનું ઉલ્લંઘન કરીને અને કુફ્ર તેમજ બળવાખોરી આદરીને...

૩૮૧. અર્થાત બુતોને મઅબૂદ બનાવ્યાં છે તેમની સાથે આશાઓ જોડી રાખી છે પણ વાસ્તવમાં તેમની અશક્તિ અને લાચારીનું દ્રષ્ટાંત એવું છે જે આગળ વર્ણવાય છે.

૩૮૨. પોતાને રહેવા માટે, ન તેનાથી ઠંડી રોકાય ન ગરમી ન તો ધૂળ ન તો વરસાદ કોઇપણ વસ્તુથી હિફાઝત કરી શકતું નથી એવી જ રીતે મૂર્તિઓ છે કે પોતાને પૂજનારાઓને ન તો દુનિયામાં કશો લાભ આપી શકે ન તો આખેરતમાં ન તો કશું નુકસાન કરી શકે.

૩૮૩. એવી જ રીતે બધા ધર્મોમાં બોદો અને અર્થહિન ધર્મ મૂર્તિપૂજકોનો ધર્મ છે.

**ફાયદો** :- હઝરત અલી રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે; પોતાના ઘરોમાંથી કરોળીઆના જાળાંઓ સાફ કરી નાખો કારણ કે એ નાદારીનું કારણ બને છે.

૩૮૪. કે તેઓનો ધર્મ આટલો અર્થહિન છે.

૩૮૫. કે તેની કશી હસ્તી કે હકીકત નથી.

૩૮૬. તો પછી બુધ્ધિમાનને કેવી રીતે શોભે છે કે ઇજ્જત અને હિકમતવાળા સર્વશક્તિમાન અધિકારવાળાની ઇબાદત છોડીને જ્ઞાનહિન અધિકારહિન પથ્થરોની પૂજા કરે.

૩૮૭. અર્થાત એમની ખૂબી એમના લાભો અને એમનાં રહસ્યોને ઇલ્મવાળા સમજે છે જેવી રીતે કે આ દ્રષ્ટાંતે મુશ્રિક અને મુવહ્‌હિદ (એક ખુદાને માનનાર) ની હાલત ખૂબ સ્પષ્ટ કરી દીધી અને તફાવત ખુલ્લો કરી દીધો.

કુરેશના કાફિરોએ ઠેકડી ઉડાડવાના અર્થમાં કહ્યું હતું કે; અલ્લાહ તઆલા તો કરોડીઆ અને જાળાંઓના દ્રષ્ટાંતો બયાન કરે છે. આ આયતમાં તેમને રદિયો આપવામાં આવ્યો કે તેઓ જાહિલ છે દ્રષ્ટાંતના રહસ્યસારને સમજી શકતા નથી, દ્રષ્ટાંતનો હેતુ વાત સમજવવાનો હોય છે અને જેવી વસ્તુ હોય તેની હકીકત સ્પષ્ટ કરવા તેના જેવી જ મિસાલ આપવી એ બુધ્ધિને છાજતી વાત છે તેથી અસત્ય અને કમજોર ધર્મની અસત્યતા અને કમજોરી જાહેર કરવા માટે આ મિસાલ ખૂબ જ લાભકારક છે, જેમને અલ્લાહે બુધ્ધિ અને ઇલ્મ આપ્યાં છે તે એ બાબત જાણે છે.

૩૮૮. તેની કુદરત અને હિકમત અને તેની તવ્હીદ અને એક હોવા બાબત નિર્દેશ કરનાર.